# જયભિખ્ખુની ધર્મકથાઓ (૧)

સંપા : કુમારપાળ દેસાઈ

# 'જયભિખ્ખુ'ની ધર્મકથાઓ

(૧)

સંપાદક

કુમારપાળ દેસાઈ

અરિહંત પ્રકાશન : અમદાવાદ

JAYBHIKHKHUNI JAIN DHARMAKATHAO
EDITOR
KUMARPAL DESAI

પ્રથમ આવૃત્તિ ૧૯૮૫

પ્રત ૧૦૦૦

(C) કુમારપાળ દેસાઈ

મૂલ્ય : ૧૫-૦૦

પ્રકાશક

અરિહંત પ્રકાશન
૭૧૧, જૈનચાલી, ખમાસાગેટ સામે,
અમદાવાદ-૩૮૦૦૦૧

મુદ્રક

પી. જે. શાહ, ડીલક્ષ પ્રિન્ટર્સ,
નગરશેઠનો વંડો, અમદાવાદ-૧

# માનવધર્મી વાર્તાકાર

વાર્તા જયભિખ્ખુના વ્યક્તિત્વનું વિશિષ્ટ અંગ હતું. નાનપણમાં કથા–વાર્તા સાંભળવાના રસિયા. કિશોરકાળમાં ગ્વાલિયર પાસેનાં જંગલની વચ્ચે આવેલા શિવપુરીમાં ભણતા ત્યારે, વિદ્યાર્થીઓની મંડળીના નેતાની હેસિયતથી વાર્તા કહેતા. અમદાવાદમાં શારદા મુદ્રણાલયમાં ડાયરો જમાવીને બેસતા. તેમાં ધૂમકેતુ, ગુણવંતરાય આચાર્ય, કનુ દેસાઈ, ધીરૂભાઈ ઠાકર વગેરે આવતા. તેમની સમક્ષ તે અંગત અનુભવથી માંડીને ઈતિહાસ, ધર્મ ને સંસ્કૃતિ જેવાં વિવિધ ક્ષેત્રોમાંથી અનેક ઘટનાઓ મજેદાર શૈલીમાં રજૂ કરતા.

સાહિત્યકાર તરીકે પણ તેમનું સૌથી ઊજળું પાસું વાર્તા–નવલકથાનું છે. તેમની વિશેષતા એ છે કે તેઓ ધર્મ–સંપ્રદાયની કથાને વ્યાપક માનવીય ભૂમિકા પર સ્થાપીને તેમાંથી વાર્તારસ નિષ્પન્ન કરે છે. અહીં મૂકેલી જૈન ધર્મકથાઓ તેનું સચોટ દૃષ્ટાન્ત છે. મૂળ ઘટના કે પ્રસંગનો મર્મ પકડીને તેમાંથી કશુંક પ્રેરક, ઉન્નત, ઊર્ધ્વ-બોધક પ્રગટે તે રીતે તેઓ તેનું નિરૂપણ કરે છે. આ વાર્તાઓ જૈન ઉપરાંત જૈનેતર વાચકોને પણ એટલી જ આકર્ષક નીવડેલી છે. બાહ્ય સાંપ્રદાયિક વિધિવિધાનો અને ચમત્કારિક તત્ત્વો તેમાંથી ખરી પડે છે ને શુદ્ધ માનવધર્મ ઊપસી આવે છે. જૈન ધર્મના મૂળ સિદ્ધાન્તો વિશ્વજનીન ભાવનારૂપે જયભિખ્ખુની વાર્તાઓમાંથી ફલિત થતા દેખાય છે. જૈન ધર્મના અહિંસા અને અનેકાન્ત એ બે સિદ્ધાન્ત પર માનવતાની બુનિયાદ મંડાયેલી છે, જે પ્રેમ, દયા, અનુકંપા અને ક્ષમા પ્રેરીને જગતમાં શાંતિનું વાયમંડળ ઊભું કરી શકે છે. જયભિખ્ખુ

આ વાર્તાઓ દ્વારા એવા વાયુમંડળની નાનકડી લહેરખીઓનો તાજગી-ભર્યો અનુભવ કરાવે છે. હિન્દુ ધર્મ અને બૌદ્ધ ધર્મની કથાઓનો પણ તેમણે એ જ રીતે આસ્વાદ કરાવ્યો છે; જે બતાવી આપે છે કે જયભિખ્ખુ કોઈ એક સંપ્રદાયની સીમામાં પુરાયેલા નહોતા, સાચા માનવધર્મી વાર્તાકાર હતા.

સજીવ તાજગીભરી કથનશૈલી તેમની સફળતાનું મુખ્ય અંગ છે. પ્રાચીન કથાની શિષ્ટ (classical) સૌરભને સાચવીને તેમની કલમ ઘટનાના રસબિન્દુને ઉપસાવતી સડસડાટ ચાલી જાય છે. તેના રસપ્રવાહમાં સ્વેચ્છાએ તણાતો ભાવક વાચનને અંતે ઉચ્ચ કોટીનો આનંદ સંતોષ માણે છે.

આશા છે કે આ વાર્તાઓ જયભિખ્ખુની અન્ય કૃતિઓની જેમ સહૃદયોને રુચિકર લાગશે.

પુસ્તકના પ્રકાશનમાં સહાયરૂપ થવા બદલ અરિહંત પ્રકાશનના સંચાલકોનો તેમજ પ્રા. કુમાર જૈમિનિ શાસ્ત્રીનો આભાર માનું છું.

૧૫–૭–૧૯૮૫ —કુમારપાળ દેસાઈ

# અનુક્રમ


| | | |
|---|---|---|
| 1 | સ્નેહ અને સાધના | 1 |
| 2 | વીરનો ધર્મ | 22 |
| 3 | વેણુ અને રેણુ | 36 |
| 4 | રત્નચૂડ | 49 |
| 5 | કામનું ઔષધ કામ | 80 |
| 6 | લાખેણો નર | 106 |

# ઈતિહાસ અધૂરો રહે

જૈન કથાસાહિત્યના વિશાળ ખજાનામાંથી જૂની, નાની–મોટી કથાઓનો આધાર લઈ, તેનાં ઐતિહાસિક કે કલ્પિત પાત્રોના અવલંબન દ્વારા, નવા યુગની રસવૃત્તિ અને આવશ્યકતાને સંતોષે એવા સંસ્કારોવાળું કથાસંવિધાન કરનાર હું જાણું છું ત્યાં સુધી 'જયભિખ્ખુ' એક જ છે...તેમણે વિવિધ પ્રકારનું જેટલા પ્રમાણમાં ગુજરાતી સાહિત્ય રચ્યું છે તે જોતાં તેમની શક્તિ અને સાધના પ્રત્યે ગુણાનુરાગમૂલક સન્માનવૃત્તિ કોઈને પણ થયા વિના ન રહે, એમ હું સ્વાનુભવથી માનું છું.

તેમણે પોતાની સર્જનપ્રતિભાથી અને સાહિત્યિકને શોભે એવી સરલ વૃત્તિથી સુલેખક મંડળમાં સ્થાન મેળવ્યું છે. વીસમી સદીના ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ લખનાર કોઈ પણ એમના નામ કે કામની નોંધ ન લે તો એ ઈતિહાસ અધૂરો રહે, એવી સ્થિતિ એમણે પ્રાપ્ત કરી છે. તેમની કેટલીક કૃતિઓ તો એવી છે જે બહુલોકભોગ્ય બની છે અને માનવતાસ્પર્શી હોઈ સંકુચિત વાડાઓને ભેદે છે.

પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી

'જયભિખ્ખુની' ધર્મકથાઓ

# સ્નેહ અને સાધના

## 1

સત્યની તિતિક્ષા કાજે માનવી સર્વસ્વ ફગાવી દેતો, એવા ઉત્સાહભર્યા એ દિવસો હતા. એવા દિવસોની એક સુંદર સવારે, અષાઢનાં વાદળો હજી ગર્જી રહ્યાં હતાં ત્યાં, એક તેજસ્વી જુવાન આવીને શ્રી મહાવીર વર્ધમાન સામે ઊભો રહ્યો.

ગર્જી રહેલાં વાદળો વરસી પડયાં, અને પેલો જુવાન શ્રમણ મહાવીરના ચરણમાં નમ્યો, વંદ્યો ને બોલ્યો :

'હું ગોશાલક, મંખલીપુત્ર, હે શ્રમણ ! તમારો શિષ્ય થવા ચાહું છું. તમે મને અનેક વાર ના કહી છે. પણ જેમ જેમ તમે ના કહી છે, તેમ તેમ મારું ચિત્ત તમારા તરફ આકર્ષાયું છે. મનનો એ સ્વભાવ છે. પણ આજ તો ના કહેશો તોય પાછો નહિ વળું. ઘણી મહેનતે તમે

મળ્યા છો. રાજવંશી જેવું રૂપ, ચક્રવર્તી જેવું તેજ ને બૃહસ્પતિ જેવી તમારી વાણી સાંભળી પ્રસન્ન થયો છું. હું પ્રવ્રજિત થવા ઈચ્છું છું. મારો શિષ્ય તરીકે સ્વીકાર કરો. જીવનના અકળ પડદા આપની પર્યુપાસના દ્વારા ભેદવા ઈચ્છું છું.'

શ્રમણ મહાવીરે ફરી ફરીને એ તરુણ તપસ્વીને નીરખ્યો. ફાટફાટ થતી તરુણાવસ્થા હતી. આંખોમાં અભયની જ્યોત હતી. ઓષ્ઠ પર દૃઢ નિશ્ચયની રેખા હતી. ભાલ પર કર્તવ્યપરાયણતાનાં ત્રિપુંડ્ર ખેંચાયાં હતાં. જીભ પર પાંડિત્ય હતું. વાણીમાં જ્ઞાનની તૃષા હતી.

'વત્સ! હું તારો શિષ્ય તરીકે સ્વીકાર કરું છું. આત્મવિલોપન એ જ આત્મવિજયની ચાવી છે. વૃક્ષ થવા ઈચ્છનાર બીજને પહેલાં પૃથ્વીના ઘનઘોર પેટાળમાં દટાવું પડે છે, એ જ્ઞાત છે ને?' શ્રમણ મહાવીરે બંસીના જેવા સ્વરોમાં પોતાના ઉપદેશનો સારમાત્ર કહી દીધો.

ગોશાલકે હકાર સૂચક પોતાનું મોટું મસ્તક હલાવ્યું. આખરે એ શ્રમણ મહાવીરનો અંતેવાસી બની ગયો; પડછાયાનું જીવન જીવવા લાગ્યો.

રાજગૃહી નગરીના નાલંદાપરાની વણકરશાળામાં આ અદ્ભુત ઘટના ઘટી ગઈ. વાદળો વરસી ગયાં. સુંદર શરદ ઋતુ સર્વત્ર પ્રસરી રહી. અંતેવાસી બનેલો આર્ય ગોશાલક મહાવીરનો શિષ્ય બન્યો. એક જ્યોતિમાં બીજી શક્તિ વિલીન થઈ ગઈ. શ્રમણ મહાવીરના સંસારત્યાગને હજી બીજું જ ચોમાસું હતું. એમની તિતિક્ષાનો રાહ લાંબો

* શ્રી. ભગવતી સૂત્ર પૃ. ૩૭૧–૩૧૨

હતો, સાવ એકાકી હતો, એમાં આ નરબંકો સાથી સાંપડી ગયો.

ગોશાલક વિનયી શિષ્યની પ્રતિમૂર્તિ બન્યો, ગુરુની ચરણરજ બની ગયો, શ્રમણ મહાવીરના દેહનો પડછાયો બનીને ફરવા લાગ્યો. શિષ્યની ઉગ્ર સાધના, અપૂર્વ અર્પણ-ભાવ જોઈ ગુરુ સોળે કળાએ ખીલી નીકળ્યા. આંતર રહસ્યો માટે એમનાં અંતરનાં કપાટ એમ ને એમ ખૂલી જવા લાગ્યાં.

રાજગૃહીનો નિવાસ પૂરો કરી ગુરુ-શિષ્ય નીકળ્યા. એક દિવસ ગુરુની અગમવાણીના ઉત્સાહી ગોશાલકે સ્વાભાવિક પ્રશ્ન કર્યો: 'પ્રભુ! આજે મને કેવો આહાર મળશે?'

'ઊતરી ગયેલું ધાન મળશે. ઉપર દક્ષિણામાં ખોટો તાંબીઓ મળશે,' ગુરુથી પણ સ્વાભાવિક રીતે કહેવાઈ ગયું.

ગોશાલકને ગુરુવાક્યને કસોટીએ કસવું હતું. ઘણું રખડ્યા, પણ આખરે તો મળવાનું હતું તે મળ્યું. ગોશાલક અપાર શ્રદ્ધાથી શ્રમણ મહાવીરનો ચરણકિંકર બની રહ્યો.

આ ગુરુ-શિષ્યની જોડલી અત્યારે જેને આપણે ચમત્કારો કહીએ છીએ એવા એ કાળના સામાન્ય અનુભવજ્ઞાનની કસોટીઓ કરતી પ્રવાસ ખેડવા લાગી. એકદા માર્ગમાં ગોશાલકને ક્ષુધા લાગી. નજીકમાં ગોવાળો ખીર રાંધતા હતા. ભડભડ બળતા ચૂલા પર માટીના પાત્રમાં એ તૈયાર થઈ રહી હતી.

'ગુરુદેવ! એ લોકો પાસેથી ખીરની ભિક્ષા લઈ આવું?' શિષ્યે ગુરુની આજ્ઞા ચાહી. ગુરુએ પોતાનાં આંતર બાહ્ય શિષ્ય માટે ખુલ્લાં મૂકયાં હતાં. એમણે કહ્યું: 'ખીર નહિ થાય, હાંડલી ફસકાઈ જશે, મહેનત માથે પડશે.'

અને ખરેખર, પ્રચંડ અગ્નિમાં લોહપાત્ર ગળી જાય એમ, હાંડલી ફસકાઈ ગઈ. ગોશાલક ગુરુગમ પર વારી ગયો. એ નમ્ર, વિનમ્ર, અતિનમ્ર શિષ્ય બની રહ્યો; પોતાની જાતને પણ ભૂલી ગયો. સત્યની ખોજ માટે તો માણસે ખોવાઈ જવું પડે ને! ગઈ કાલનો અપ્રતિસ્પર્ધેય ગોશાલક આજ નહોતો. પહાડ કંકર બની ગયો હતો. એણે પોતાનું આત્મવિલોપન કર્યું હતું.

એક સ્થળે ભિક્ષા માટે મહોલ્લામાં જતાં, ત્યાં રહેતા તામસી પ્રકૃત્તિના ઉપનંદે ગમે તેવા હલકા શબ્દો વાપરી તેનું અપમાન કર્યું! ગોશાલકના કોપની જ્વાલા આસમાને અડી. એણે તીવ્ર આવેશથી કહ્યું:

'રે અવિનયી! છછૂંદરને સૂર્યનો પ્રતાપ ન સમજાય, એ સ્વાભાવિક છે. તેં ફક્ત મારું જ અપમાન નથી કર્યું, પણ મારું અપમાન કરીને મારા મહાન ગુરુનું પણ અપમાન કર્યું છે. એ મહાન ગુરુની આણથી કહું છું કે તારા જેવા હૈયાબળેલાનાં ઘર ને હાટ પણ બળજો!'

એ શબ્દો અંતરની આહના હતા. શબ્દોમાં પણ અપૂર્વ સામર્થ્ય છે. એ આહ આગરૂપે પ્રત્યક્ષ થઈ. ખરેખર, ઉપનંદના ઘરમાં કયાંકથી આગ લાગી. પોતાના ગુરૂના નામસામર્થ્ય પર ગર્વ ધરતો તરુણ તપસ્વી પાછો

ફર્યો. રે! પોતાની જાત માટેનો ગર્વ ભલે અપ્રશસ્ત હોય, પણ સમર્થ ગુરુગમનો ગર્વ કંઈ અસ્થાને નહોતો ને! ગોશાલકે સાભિમાન સર્વ વૃત્તાંત ગુરુને નિવેદિત કર્યો.

ગુરુએ તો એવા અભિમાનને પણ પાપ–વ્યાપાર કહ્યો. વાહ રે ગુરુ! શું તમારી નિરભિમાનતા! ગોશાલકની ગુરુપરાયણતા આથી વિશેષ રાગભરી બની. એના સ્વભાવનું આકર્ષણ સાત્ત્વિકતા કરતાં શક્તિ તરફ વધુ ઢળતું.

ગ્રીષ્મના દિવસો હતા. પૃથ્વી અગ્નિકુંડ જેવી ધખધખી રહી હતી. ગુરુ–શિષ્ય સિદ્ધાર્થ ગામથી નીકળી કૂર્મગ્રામ તરફ જઈ રહ્યા હતા. બળબળતી પૃથ્વી પર ઘાસનું લીલું તરણુંય નહોતું. ગોશાલક ગુરુચરણને અનુસરતો આગળ વધતો હતો. એણે આ શાપિત ધરા જેવી ઉજ્જડખંખ ભૂમિ પર એક ખૂણે તલનો છોડ ઊભેલો જોયો.

ગોશાલકથી સ્વાભાવિક રીતે બોલાઈ ગયું: 'શું આ છોડ ઊઝરશે?'

'અવશ્ય!' મહાવીરથી પણ એટલી સ્વાભાવિકતાથી ઉત્તર અપાઈ ગયો.

'અવશ્ય?' શિષ્યને ગુરુના ઉત્તર પર જરા આશ્ચર્ય થયું. જેનાં શ્રદ્ધામૂળ દૃઢ નથી એવા શિષ્યની જેમ, ગુરુવચનની કસોટી કરવાનો ગોશાળકને વિચાર આવ્યો. આગળ જતાં ગુરુને છોડીને, જરા પાછા હઠીને એણે છોડને ઝડપથી સમૂલ ખેંચીને બાજુના ખાતરામાં ફેંકી દીધો, અને ઝડપથી ચાલીને પાછો ગુરુનો પડછાયો બની ગયો.

કેટલેક દિવસે ગુરુ-શિષ્યની જોડી કૂર્મગ્રામથી સિદ્ધાર્થ-પર જવા નીકળી. ગોશાલક તો સાવધ જ હતો. પેલા ખાતરા પાસે આવતાં જ એની નજર પેલા તલના છોડનું અસ્તિત્વ શોધી રહી. પણ મૂળ સાથે ઊખડેલો છોડ ક્યાંથી મળે?

ગોશાલક આ ઘટના પર ગુરુજીનું લક્ષ ખેંચવા માગતો જ હતો, એના ઓષ્ઠ સ્વરોચ્ચાર માટે વિસ્તીર્ણ થયા, કે અચાનક ખાતરાના ખૂણે તલનો કંચનવરણો છોડ લહેરાતો જોયો. અકાલ વર્ષાએ છોડને ફરી દૃઢમૂળ કરી દીધો હતો.

ગોશાલકનું ચિત્ત સર્વથા ક્ષુબ્ધ બન્યું. એણે ગુરુવચન પર શંકા લાવ્યાનું મનોમન પ્રાયશ્ચિત કર્યું, સાથોસાથ મનમાં દૃઢ કર્યું કે 'ભવિતવ્યતા મોટી વસ્તુ છે. મનુષ્યનાં બલ, પરાક્રમ, ઉદ્યમ, બુદ્ધિ ને કર્મ બધું નિષ્ફળ છે. એમ ન હોય તો સમૂલ ઉખાડેલો આ રોપ ફરી પાંગરે કેમ? માટે માણસ મોટો નથી, એની નિયતિ મોટી વસ્તુ છે. જીવ અવશ, દુર્બલ છે. પાપ-પુણ્ય કંઈ કરી શકતાં નથી. કરી શકે છે નિયતિ માત્ર! નિયતિથી પ્રેરિત જીવ નાના પ્રકારનાં કર્મ કરે છે, ને સુખ-દુઃખનો અનુભવ કરે છે!'

માનવજીવનની કોઈ પળ એવી આવે છે, જ્યારે પડેલા સંસ્કારોની છાપ જીવન સમસ્તના પ્રસ્વેદજળથી, દેહદમનની અદમ્ય આગથી કે પૃથ્વીના પ્રલયથી પણ ભૂંસાતી નથી! ગુરુ મોટે ભાગે મૌન હતા. શિષ્ય એ મૌન-વાણીને અંતરમાં ઉતારતો જતો. એક વાર માર્ગમાં ભગવાન પાર્શ્વના

સાધુઓ મળ્યા. તેઓએ શરીર પર વસ્ત્રાદિક ધારણ કર્યાં હતાં. ગુરુનું માહાત્મ્ય વધારવા ગોશાલક એમની સાથે લડી પડ્યો, ને તેઓ તરફ તુચ્છ ભાવ દર્શાવતો કહેવા લાગ્યો:

'અરે મુનિઓ! તમે વસ્ત્રાદિની ગ્રંથિ ધારણ કરો છો, ને તમારી જાતને નિર્ગ્રંથ કહેવરાવો છો? આંખના તો આંધળા છે ને નામ નયનસુખ રાખ્યું છે!' ગોશાલકે આટલું કહી તુચ્છતાદર્શક અટ્ટહાસ્ય કર્યું. ને વળી મહાવીર તરફ અંગુલિ-નિર્દેશ કરતો બોલ્યો: 'જુઓ ને, આ શ્રમણ ભગવાન મહાવીર–મારા ગુરુદેવ! વસ્ત્રમાં તો શું–શરીરમાં પણ તેમને મમત્વ નથી! એ સાચા નિર્ગ્રંથ કહેવાય.'

પેલા મુનિઓ પણ કંઈ ઓછા ઊતરે એવા નહોતા. બંને વચ્ચે ઠીક ઝપાઝપી થઈ. સત્ય તરફનો આવેશ અને સ્વભાવની પ્રકૃતિગત તીખાશ સાધક શિષ્યમાં આમ વારંવાર પ્રગટ થતી.

ગુરૂ પણ સાધક શિષ્યનાં સ્વભાવગત આવેશ અને તીખાશ દૂર કરવા મૂંગા મૂંગા નવા નવા પ્રયોગો કરતા. સત્યની ભાષા મૌન છે, એ શિષ્યને દર્શાવવા બંને મૌન લઈ એક સ્થળે ધ્યાનસ્થ બની રહ્યા.

સરહદ પરનું એ સ્થળ હતું. સદા ચોરો, જકાતખોરો ને જાસૂસોનો ત્યાં ભય રહેતો. સિપાહીઓની ટુકડી સાથે કુશળ અને ક્રૂર કોટવાળ આ પ્રદેશની રક્ષા માટે રહેતો. એણે એકાંત સ્થળમાં, ચૂપચાપ બેઠેલા આ બે જુવાનિયાઓને જોયા. કોટવાળે બંનેને પકડ્યા ને પૂછ્યું: 'કોણ છો? ક્યાંથી આવો છો?'

બંને મૌનની પ્રતિજ્ઞાવાળા હતા. પ્રાણ જાય પણ પ્રતિજ્ઞા ન તૂટે ! બંનેમાંથી એકેયે જવાબ ન આપ્યો.

'પક્કા જાસૂસ લાગે છે,' કોટવાળે પોતાનો અભિપ્રાય પ્રગટ કર્યો, ને સિપાઈઓને આજ્ઞા કરી કે એ બંનેની બોબડી બંધ છે, માટે એને બોલવાનો ઉપાય કરવો જોઈશે. બંનેને કૂવામાં ઊંધે માથે ટાંગી ડૂબકીઓ ખવરાવો. જોઈએ, કે એમની લૂલી ચાલે છે કે નહિ ! ચૌદમા રતનના ગરાગ લાગે છે !

આજ્ઞાનો તરત અમલ થયો. બંનેને દોરડાં બાંધી કૂવામાં ટાંગવામાં આવ્યા, પણ મૌન અખંડિત રહ્યું. એ વખતે કેટલીક ભિક્ષુણીઓ ત્યાં થઈને નીકળી. તેઓએ રાજા સિદ્ધાર્થના પુત્ર તરીકે મહાવીર વર્ધમાનને પિછાણ્યા. કોટવાળ શરમીંદો પડયો ને ચાલ્યો ગયો.

ગુરુ અને શિષ્ય મુક્ત થયા. ગુરુએ પ્રસન્ન વદને શિષ્યને પ્રશ્ન કર્યો : 'વત્સ ! તું કેવી રીતે આવી વિપત્તિમાં પણ મૌન જાળવી રહ્યો ?'

શિષ્યે કહ્યું : 'ગુરુદેવ ! મને આપના વિષે પૂરતો વિશ્વાસ હતો. મને સંપૂર્ણ ખાતરી હતી, કે જ્યાં સુધી હું આપની સાથે છું, ત્યાં સુધી કોઈ મારું અનિષ્ટ નહિ કરી શકે.'

શિષ્ય પર ગુરુને અપૂર્વ ભાવ થયો. તેઓ સાધનાના દુર્ગમ પથ પર આગળ ને આગળ કદમ ભરતા ગયા.

ગુરુનાં તપ, જ્ઞાન ને પ્રજ્ઞા પાછળ ગોશાલક દીવાનો બન્યો હતો. એ દીવાનાપણું, એ ઘેલછા વણમાગ્યા કજિયા

નોતરી લાવતી. એકવાર કોઈ ગામમાં બંને ઊતર્યા હશે, ને પડખે ધર્મોત્સવ ઉજવાતો હશે. અનેક સ્ત્રીપુરુષો એમાં ભાગ લઇ રહ્યાં હતાં. તેઓ રંગબેરંગી વસ્ત્રો પહેરી, મદ્યપાન કરી, અનેક પ્રકારના ચાળા કરતાં નૃત્ય કરતાં હતાં.

ગોશાલકથી આ ન સહેવાયું. એણે ત્યાં જઈ ઉચ્ચ સ્વરે કહ્યું : 'અરે મૂર્ખો ! આ મોક્ષમાર્ગ નથી. કંઈક સમજો. સાચું સમજવું હોય તો આવો મારા ગુરુ પાસે.'

આમ બૂમબરાડાથી રંગમાં ભંગ પડયો. સહુ ચિડાયાં. કેટલાક સશક્ત માણસોએ એને પકડયો ને સૂઢ માર મારવા માંડયો. પણ એમ દેહને કષ્ટ થાય તેથી સત્યને થોડું છુપાવાય ! એણે તો પાછી એ જ વાત કહેવી ચાલુ રાખી. ફરી મહાપ્રયાસે નૃત્ય રંગ પર આવ્યું હતું, ત્યાં આ જડ તાપસે વળી વિઘ્ન કરવું ચાલુ કર્યું. ફરીને એને કૂતરાની જેમ ઝૂડયો. આમ ત્રણ વાર બન્યું, પણ ગૌશાલક કોનું નામ ? એણે માર ખાતાં ખાતાં ફક્ત એટલું કહ્યું : 'રે ભલા માણસો ! મને મારા દેહની પરવા નથી, પણ સત્યની ફિકર છે.'

શિષ્યની આવી ઉચ્ચ મનોભાવના ને દૃઢ મનોવૃત્તિ જોઇ ગુરુ કંઈ કંઈ આકાંક્ષાઓ સેવી રહ્યા. એક દહાડો એમણે કહ્યું : 'વત્સ ! આપણને શરીરની મમતા નથી ને હિંસાનો આપણા મનમાં લવલેશ ખ્યાલ નથી. આ બે વસ્તુની પરીક્ષા માટે અપરિચિત પ્રદેશોમાં જવું જોઈએ –જ્યાંનું પંખી પણ આપણું પરિચિત ન હોય. ચાલો, ત્યાં જઈએ અને આપણા સિદ્ધાંતોને કર્તવ્યની કસોટી પર નાણી લઈએ. ઇચ્છું છું કે તું મને અનુસરીશ.'

ગોશાલક વિચાર કરી રહ્યો. પણ ગુરુનું વચન એને અવિચારણીય હતું. સાંજે જ જંગલમાં દાવાગ્નિ લાગ્યો. લીલું ઘાસ અગરબત્તીની જેમ બળવા લાગ્યું. ગોશાલક ને ગુરુ બંને ધ્યાનમાં હતા. શિષ્યે બૂમ મારી: 'ગુરુ, ભાગો!'

પણ ગુરુ તો પથ્થરની પ્રતિમાશા ધ્યાનમગ્ન જ રહ્યા —ન હાલ્યા કે ન ચાલ્યા. સળગતો અગ્નિ સુરસુર કરતો, એમના પગની આસપાસ ફરી વળ્યો. બંને પગ શ્યામ બની ગયા, પણ ધ્યાનકાળ પૂરો કરીને જ ગુરુ ઊઠ્યા!

ગુરુની નિશ્ચલતા ને પોતાની ચંચળતા ગોશાલકના મનને દમી રહી. એણે પોતાની સહનશીલતાની પરીક્ષા આપવા અપરિચિત પ્રદેશ પ્રતિ પ્રયાણનો આગ્રહ સેવવા માંડ્યો.

૨

અપરિચિત એવા રાઢ દેશનો રોમહર્ષણ પ્રવાસ એક વાર નહિ, પણ બબ્બે વાર ગુરુ ને શિષ્ય કરી આવ્યા. નરમાંસભક્ષકોના દેશમાં અનાર્ય જેવા દેશવાસીઓએ એમના દેહમાંથી માંસપિંડ કાપી મિજબાની ઉડાવી. વાઘના બીજા અવતાર જેવા એમના માંસભક્ષી કૂતરાઓ બંનેની દેહને ક્ષત-વિક્ષત કરી ગયા, પણ બન્ને જણાએ દંડ સુદ્ધાં ન સાહ્યો! બંને પોતાના આત્માની અવિજેયતામાં શ્રદ્ધા લઈ પાછા ફર્યા.

ઉનાળાના ધોમ ધખતા હતા. સૂર્ય સોળે કળાએ તપી રહ્યો હતો. માર્ગમાં એક તાપસ સૂર્યમંડળ પર દૃષ્ટિ સ્થિર કરીને તપ કરતો હતો. અગ્નિ વરસાવતો સૂર્ય

એના દેહને તપાવતો હતો, પણ એનું ચિત્ત શીતળ હતું. એની મોટી જટામાં રહેલી જૂંઓ તાપથી અકળાઈ જમીન પર પડતી હતી. દયાભાવી તાપસ જમીન પર પડેલી જૂંઓને ઉપાડી ફરી ફરીને જટામાં મૂકતો હતો!

ગોશાલક જેવા આત્માના અપ્રતિરથ મહારથીને આ કાર્ય ક્ષુદ્ર લાગે તે સ્વાભાવિક હતું. એનાથી ખડખડ હસી પડાયું, ને બોલી જવાયું : 'અરે, આ તે જોગી છે કે જૂંઓનો મિજબાન છે?'

આ શબ્દો તાપસના શ્રવણપટ પર અથડાતાં એનો ચહેરો તપાવેલા તાંબાના પતરા જેવો બની ગયો. એણે સહસા મોં ફેરવ્યું– જાણે મધ્યાહ્નનો સળગતો સૂર્ય પોતાની સર્વ જ્વાળાઓ સાથે પૃથ્વી પર ઊતરી આવ્યો. એણે બળબળતી દૃષ્ટિ ગોશાલક પર સ્થિર કરી. એ દૃષ્ટિમાંથી જાણે દાહ ઉપજાવતી હજારો અગ્નિજ્વાળાઓ બહાર પડી. ગોશાલકના દેહને એ અગ્નિજ્વાલાઓ વીંટળાઈ વળી.

'અરેરે! બળી મૂઓ!' ગોશાલકે બૂમ પાડી. એની આજુબાજુનાં લીલાં કંચનવર્ણાં. વૃક્ષો સાવ બળીને કાળા કોલસા જેવાં બની ગયાં હતાં. ગોશાલકને લાગ્યું કે પોતે પણ એ જ દશાને પ્રાપ્ત થઈ રહ્યો છે. ત્યાં સળગતા ગ્રીષ્મમાં કોઈ ભરી વાદળી એકાએક વરસી જાય ને શીતલતા પ્રસરાવી દે, એમ ગોશાલક અપૂર્વ શીતલતાનો અનુભવ કરી રહ્યો.

એણે શ્રમપૂર્વક સ્વસ્થતા મેળવી તો એક અજબ દૃશ્ય જોયું. તાપસનાં નેત્રોમાંથી નીસરતાં અગ્નિકિરણો સામે શ્રમણ મહાવીરનાં નેત્રોમાંથી ફૂટતી તેજસ્વી

જલધારાઓ સંઘર્ષ સાધી રહી હતી. ગમે તેવી આપત્તિમાં પણ પ્રતિકારમાં ન માનનાર ગુરુદેવ આજે શિષ્યની પ્રાણરક્ષા માટે પ્રતિકાર રચી રહ્યા.

તાપસનો ગર્વ ગળી ગયો.

મૃત્યુમાંથી ઊગરી ગયેલો ગોશાલક ગુરુચરણમાં પડ્યો ને ગદ્‌ગદ કંઠે બોલ્યો : 'પ્રભુ ! આ શું હતું ?'

'તેજોલેશ્યા.'*

'તમે સામે કઈ શક્તિ મૂકી ?'

'શીતલેશ્યા.'

'ગુરુદેવ, જે શક્તિ સામાન્ય તાપસને પણ લભ્ય, તે મને શા કાજે અલભ્ય ? મારી સાધનામાં કંઈ ત્રુટિ ?'

'વત્સ, શક્તિ કરતાં સત્ત્વ તરફ જા ! એ કલ્યાણપ્રદ છે. આ શક્તિ છે, ચમત્કાર છે; તને યોગીને તો સાવ સુલભ છે, પણ ચમત્કારમાં સિદ્ધિ નથી, કલ્યાણ નથી, મોક્ષ નથી. કોઈવાર મનનો નિગ્રહ શિથિલ થતાં એ આત્મનું ને પરનું અકલ્યાણ કરે છે.'

'ગુરુદેવ ! મારે તેજોલેશ્યા સાધવી છે. મને સાધના બતાવો,' જાણે બાળહઠ બોલી. મહાન ગોશાલકે આમ આગ્રહ કરીને તેજોલેશ્યાની સાધના-વિધિ જાણી લીધી. એ સિદ્ધિ કરવા શ્રાવસ્તી નગરીમાં રોકાઈ ગયો.

શ્રમણ મહાવીર સામે સાધનાનો હજી લાંબો રાહ પડ્યો હતો. શિષ્યને ત્યાં છોડી તેઓ આગળ ચાલ્યા ગયા. જતાં જતાં એટલું કહ્યું કે 'વત્સ ! આત્મવિલોપન વગર આત્મવિજય અશક્ય છે, એ ભૂલીશ મા !'

* તેજોનિસર્ગ (જુઓ ભગવતી સૂત્ર)

બંનેના રાહ જુદા પડયા !

(૩)

ગુરુ અને શિષ્યને જુદા પડયે વર્ષો વીતી ગયાં. આર્ય ગોશાલક શ્રાવસ્તી નગરીમાં સાધના–સિદ્ધિ માટે સ્થિરવાસ કરી રહ્યા છે. શરદ ઋતુની ચંચળ વાદળીની જેમ વર્ધમાન મહાવીર દેશોદેશ ઘૂમી રહ્યા છે. અવારનવાર એમના આત્મવિજયના સમાચારો અહીં આવ્યા કરે છે.

આર્ય ગોશાલકે શક્તિની સાધના પાછળ દેહ વિસારે પાડી દીધો છે. ચમત્કારમાત્ર મૂઠીમાં બાંધી લેવા એ મથી રહ્યા છે. નિમિત્તજ્ઞાન તો હસ્તામલકવત્ કર્યું છે. મનુષ્યમાત્રનાં લાભાલાભ, સુખ દુઃખ ને જીવિત–મરણ ભાખવામાં એ અચૂક પુરવાર થયા છે.

ઉપાસકોની સંખ્યા શુકલ પક્ષના ચંદ્રની જેમ વધતી ચાલી છે. એક દિવસ સમાચાર આવ્યા કે શ્રમણ મહાવીરને ભૂત, ભવિષ્ય ને વર્તમાન વિષેનું કેવળજ્ઞાન ઊપજ્યું ! એ સર્વજ્ઞ થયા !

લોકો ગુરુની કીર્તિ કરવા લાગ્યા, ગુરુની વાહવાહ બોલવા લાગ્યા. ગર્વરૂપી મ્યાનમાં એક જ તલવાર રહી શકે. પોતાની વાહવાહ ને ગુરુની વાહવાહ, એ બે વાત ન બને ! તેજોદ્વેષ મહામુનિને પણ ચળાવી દે છે ! ગુરૂની વાહવાહમાં ગોશાલકને પોતાની લઘુતા ભાસી. ગર્વ પોતાના સિંહાસને અન્ય કોઈને સાંખી શકતો નથી. આર્ય ગોશાલકના અંતરમાં સૂતેલો ગર્વ જાગ્યો. ગુરુના માનમાં પોતાના જ્ઞાનની માનહાનિ પેખી એણે હુંકાર કર્યો:

'રે મૂર્ખ લોકો! જ્ઞાનમાં કંઈ ન જાણો ને માથાકૂટ લઈ બેઠા છો! લાભાલાભ, જીવિત-મૃત્યુ, સુખ-દુઃખ ભાખે એ સર્વજ્ઞ! મહાવીર તો આજે સર્વજ્ઞ થયા. હું તો એ સીમા ક્યારની ઓળંગી ચૂક્યો છું.'

'એની ખાતરી શી?' ઉત્સવમાં ભાગ લઈ રહેલી હાલાહલા કુંભારણે પ્રશ્ન કર્યો. નગરની એ શ્રીમંત સ્ત્રી હતી, જાજરમાન હતી, સાધુસંતોની સેવિકા હતી.

'સર્વજ્ઞ પાસે પણ ખાતરી માગવાની? શાન્તમ્ પાપમ્. હાલાહલા! તારા નિભાડામાંથી ચાર માટલાં માત્ર સુપક્વ નીકળશે, સો અપક્વ નીકળશે, ને બાકીનાં ખંડિત નીકળશે. જા, કરી લે મારા સર્વજ્ઞત્વની ખાતરી!'

હાલાહલા નિંભાડે ગઈ. આખો નિંભાડો ઉકેલાવ્યો. જોયું તો ગુરુના કહેવા મુજબ જ નીકળ્યું. એણે આવીને ગુરુના ચરણમાં પડીને કહ્યું: 'મારે મંદિરિયે પધારો, મા'રાજ!'

ગુરુને આછો આછો મદ વ્યાપી રહ્યો: કર્તુમ્, અકર્તુમ્, અન્યથા કર્તુમ્ કઃ સમર્થઃ?

આર્ય ગોશાલક હાલાહલાના મંદિરે આવી વસ્યા. એમની કીર્તિના ધજાગરા ચઢ્યા. આત્મસાધનાને બદલે આર્ય ગોશાળક કીર્તિસાધનામાં પડી ગયા. હવે પ્રતિસ્પર્ધા માત્ર મહાવીરની કીર્તિની રહી. ભૂતકાળનું શિષ્યત્વ સોનાની થાળીમાં લોઢાની મેખ બની રહ્યું.

એક દહાડો મગધપતિ બિંબિસારના પુત્ર અજાતશત્રુ એને ઘેરે પધાર્યા. પિતા-પુત્ર વચ્ચે ખટરાગ હતો. પિતૃહત્યાની તરસ દિલમાં જાગી હતી. ભગવાન મહાવીર

અને ભગવાન બુદ્ધ તરફ તેમને કંઈક કહેવાપણું હતું. એ ગોશાલકને ચરણે પડચા.

આર્ય ગોશાલકે આશ્વાસન આપતાં કહ્યું : 'નિરર્થક ચિંતા ન કરીશ, રાજન્ ! આ મેં કર્યું, આ મારાં બલ, વીર્ય કે પરાક્રમથી થયું, એ મિથ્યા આભાસમાત્ર છે. માણસ માટે જેવી નિયતિ હશે, તે પ્રમાણે થશે. માણસ કંઈ કરતો નથી. નિયતિથી બધું થાય છે.'

રાજાએ વધારામાં પૂછ્યું : 'મારો મોક્ષ નહિ થાય?'

જવાબ મળ્યો : 'રાજા ! સૂતરનો દડો ઊકલવા માંડ્યો એટલે ઊકલી જ જવાનો. નિશ્ચિંત રહો.'

મહારાજ અજાતશત્રુ પ્રસન્ન વદને પાછા ફર્યા; મહાન ગોશાલકને ગુરૂ તરીકે જાહેર કર્યા. એમના આજીવિક સંપ્રદાયને અનેક બક્ષિસો કરી.

બીજી તરફ શ્રમણ વર્ધમાનની કીર્તિ પણ વધતી જતી હતી. એમણે ઈન્દ્રભૂતિ ગૌતમ જેવા ૧૧ દિગ્ગજ વિદ્વાન બ્રાહ્મણોને વાદમાં હરાવી એમની શંકાઓનું નિરસન કરી શિષ્ય બનાવ્યા હતા. એ સમાચાર આપનારને આર્ય ગોશાલકે કહ્યું :

'અરે ! અગિયાર તો શું, મારા એક શિષ્યને પણ હરાવે તો મહાવીરને ખરા વદું. એ તો જ્યારે ભેટો થાય ત્યારે વાત. અરે ! મહાદેવજીનો ખરો મહિમા તો ભરડો જ જાણે ! તમે શું જાણો ?'

એક વાર પ્રેમમૂર્તિ મહાવીરનો પ્રેમભર્યો સંદેશ આવ્યો. એમણે કહેવરાવ્યું હતું : 'વત્સ ! અતિ સ્ત્રીપરિચય સાધકને સારો નહિ ! ' આ સંદેશમાં પોતાનું ને

કુંભકાર-રાણી હાલાહલાનું અપમાન ભાસ્યું. એણે સામો વળતો સંદેશ કહાવ્યો:

'અરે! મને સર્વજ્ઞને વત્સ કહેનાર એ મહાવીર વર્ધમાન કોણ છે? એને કહેજો કે જે ગોશાલકને તમે જોયો હતો, એ તો ગુજરી ગયો. અને તે પછી પણ એને તો સાત ભવ થઈ ગયા. જેને પોતાના ચિત્તનો વિશ્વાસ ન હોય એ સ્ત્રીથી ડરે. ગારુડીને ગમે તેવા ઝેરી સાપનો ભો કેવો? એ તો જેમ દોરડા સાથે ખેલે એમ સાપ સાથે રમે.'

આમ ને આમ સોળ વર્ષનો સુદીર્ઘ ગાળો વીતી ગયો. આમ આજીવક સંપ્રદાયના મહાન સ્થાપક આર્ય ગોશાલક આ સમય દરમ્યાન શ્રમણ ભગવાન મહાવીર સાથે સદા માનસિક સંગ્રામ ખેલતા રહ્યા. પ્રત્યક્ષ સંગ્રામ કરતાં એ સંગ્રામ ભયંકર હતો.

૪

આજ શ્રાવસ્તી નગરીમાં શ્રમણ ભગવાન મહાવીર આવતા હતા. કુતૂહલપ્રિય નગરજનો પોતાને ત્યાં સોળ વર્ષથી રહેલા સર્વજ્ઞ આર્ય ગોશાલક અને આજે પધારી રહેલા સર્વજ્ઞ મહાવીર બંનેના સામર્થ્યની પરીક્ષા કરવા ઉત્સુક હતા. તેઓએ શ્રમણ મહાવીરને સર્વજ્ઞ, જિન અર્હંતના નામે વધાવ્યા. ઉત્સુક નગરજનોએ પહેલી જ ધર્મસભામાં પ્રશ્ન કર્યો:

'શું આર્ય ગોશાલક જિન, સર્વજ્ઞ ને અર્હંત નથી?'

પ્રેમમૂર્તિને માથે ધર્મસંકટ આવ્યું, પણ સત્યને અપલાપી અસત્ય ઉત્તર આપી શકાય તેમ નહોતું; શ્રમણ મહાવીરે કહ્યું: 'એ છ મહાનિમિત્તોનું જ્ઞાન ધરાવે છે, પણ સર્વજ્ઞ નથી.'

ધર્મસભા પૂરી થયે, નગરજનો તરત જ આર્ય ગોશાલક પાસે પહોંચ્યા. લોક લડાઈનું રસિયું હોય છે. શ્રમણ મહાવીરની વાત આર્ય ગોશાલકને કહી. આર્ય ગોશાલકને લાગ્યું કે આ મહાવીર મારી સોળ વર્ષની કીર્તિને જોતજોતામાં સાફ કરી નાખશે. એના અંતરમાં ભયંકર પ્રતિકાર જાગ્યો. એ વખતે આનંદ નામના મહાવીરના સ્થવિર સાધુ ભિક્ષાચર્યા માટે ત્યાં થઈને નીકળ્યા.

ગોશાલકે એમને બોલાવ્યા ને ભયંકર ગર્જના કરતાં કહ્યું: 'કહી દેજો તમારા એ...ને! મને છંછેડીને સાર નહિ કાઢો.'

સ્થવિર આનંદે આવીને ભગવાન મહાવીરને સર્વ વિગત વિસ્તારથી કહી, ને સાથોસાથ પ્રશ્ન કર્યો કે 'શું ગોશાલક બહુ શક્તિમાન છે?'

ભગવાન મહાવીરે કહ્યું: 'અવશ્ય, એનામાં એટલી શક્તિ છે, કે એ અંગ, બંગ, મગધ, મલય આદિ સોળ* જનપદોને ભસ્મ કરી શકે છે, પણ એ મને કંઈ કરી શકે તેમ નથી!'

ભગવાન મહાવીરે આ પછી ગણધર ગૌતમ આદિ તમામ શિષ્યોને સૂચન કર્યું કે એના વિરુદ્ધ કંઈ ન બોલવું, વાદવિવાદ પણ ન કરવો. ત્રાજવું ભલે પોતાના ભારથી જ તૂટી જાય.

* **સોળ જનપદ.** અંગ, બંગ, મગધ, મલય, માલવ, અચ્છ (બુલંદ શહેરની આસપાસનો પ્રદેશ) વચ્છ (વત્સ), કોચ્છ, પાઢ, લાઢ, વજ્જ, મલ્લ, કાસી, કોસલ, અવાહ ને સંભુત્તર.

પણ નગરજનોમાં આ બે સર્વજ્ઞો વચ્ચેના સંઘર્ષનો ભારે ઉત્સાહ હતો. તમાશાને તેડું મળ્યું. તેઓએ આખરે ગોશાલકને મેદાને પાડયો. એ સશિષ્ય-પરિવાર શ્રમણ મહાવીરના ઉતારે આવ્યો. માણસ તો માતું નહોતું.

આર્ય ગોશાલકે પોતાનો વાણી-વ્યાપાર ચાલુ કર્યો. શ્રમણ મહાવીર સ્વસ્થ બેઠા સાંભળી રહ્યા. ગોશાલકનો વેગ આથી વધ્યો. એણે ગાલિપ્રદાન શરૂ કર્યું; જેટલું કડવું બોલી શકાય તેટલું બોલવા માંડયું. વાતાવરણ ક્ષુબ્ધ થઈ ગયું. શ્રમણ મહાવીરના સાધુઓમાં ઉશ્કેરણીનું મોજું ફરી વળ્યું.

શ્રમણ મહાવીરે સર્વ સાધુઓને શાન્ત કરવા કહ્યું: 'એની એવી પ્રકૃતિ છે. પ્રકૃતિ ને પ્રાણ સાથે જાય. ક્રોધ કરતાં કરૂણા કલ્પે એવા તરફ'.

પણ આ શબ્દોએ ગોશાલકને વધુ ઉગ્ર બનાવ્યો. એણે કટુ વચનોથી વાયુમંડળ ભરી દીધું. માનવમેદની પણ ગોશાલક તરફ જરા નારાજી બતાવી રહી. સર્વાનુભૂતિ નામના મહાવીર-શિષ્યથી ન રહેવાયું: એ બોલ્યા:

'રે ગોશાલક! કોઈ શ્રમણ કે બ્રાહ્મણ પાસેથી એક પણ આર્ય-વચન શીખ્યા હોઈએ તોય તે બહુમાન કરવા યોગ્ય છે, તો તું તો શ્રમણ ભગવાન મહાવીરનો જ શિષ્ય છે. એમની પાસેથી સર્વ વિદ્યા શીખ્યો છે. પછી આ અનાર્યપણું કેવું? અથવા ભગવાને કહ્યું એમ તારી પ્રકૃતિમાં જ એ તત્ત્વ છે? ભલે ત્યારે, દદતુ દદતુ ગાલી-ર્ગાલિમન્તો ભવન્તઃ (ખૂબ ગાળો આપો, કારણકે ગાલીમય જ તમે છો.)'

છેલ્લા વાકય સાથે આજુબાજુની મેદની હસી પડી. આર્ય ગોશાલક ઉશ્કેરાયો. એણે ભયંકર ફુત્કાર કર્યો.

સાથે નેત્રોમાંથી દૃષ્ટિવિષ સર્પ જેવી જ્વાલા કાઢી. શિખામણ આપવા આગળ આવેલા સર્વાનુભૂતિ અણગાર ત્યાં ને ત્યાં ઢીમ થઈને ઢળી પડ્યા. એમના સ્થાને સુનક્ષત્ર મુનિ આવ્યા. એ બે શબ્દો બોલે, તે પહેલાં તેઓ પણ ગોશાલકની આંખમાંથી નીકળતી પીંગળી જ્વાલાઓમાં ભસ્મીભૂત થયા ! વાતાવરણ એકાએક ગંભીર બની ગયું. આખરે એ સ્થાન લેવા આવતા બીજા મુનિઓને પાછળ રાખી શ્રમણ ભગવાન મહાવીરે એ સ્થાન લીધું.

ગોશાલકે પોતાના એકમાત્ર પ્રતિસ્પર્ધીને નીરખ્યા. જીવનભરનું પોતાના માથે મઢાયેલું શિષ્યત્વનું કલંક આજે મહાવીરને મિટાવી દીધે દૂર થઈ જતું હતું. એનામાં અજબ ઝનૂન વ્યાપી રહ્યું. એ સાત–આઠ કદમ પાછો હઠયો; વિસ્તીર્ણ આંખોને વિશેષ વિસ્તીર્ણ કરી. તરત જ સળગતી આગનું એક પ્રચંડ વર્તુલ શ્રમણ મહાવીરના દેહને વીંટી વળેલું દેખાયું.

'તેજોલેશ્યા ! હા–હા–હા ! મહાવીર ! હવે માંડ છ મહિના કાઢીશ !' ગોશાલકે આકાશને વીંધતું અટ્ટહાસ્ય કર્યું. પણ બીજી પળે તેણે આશ્ચર્ય સાથે જોયું કે પેલું તેજ–વર્તુલ મહાવીરના દેહમાં પ્રવેશ કરવાને બદલે એમના દેહની પરકમ્મા કરી રહ્યું હતું !

અને આર્ય ગોશાલક આ અજબ ઘટના અંગે કંઈક વિચારે એ પહેલાં એ તેજવર્તુલ પાછું ફર્યું અને તેની તરફ ધસ્યું ને તેના જ દેહમાં સમાઈ ગયું. ક્ષણમાત્રમાં તો દેખાવડો ગોશાલક બિહામણો બની ગયો. સોનેરી ચામડી શ્યામ બની ગઈ. આંખનાં લાલ પોપચાં બહાર નીકળી

આવ્યાં ! સ્ત્રીઓ અને બાળકો એ વિરૂપતા ન જોઈ શકયાં. એમણે આંખ આડા હાથ દીધા.

મહાવીર તો ભયંકર વાવાઝોડાં વચ્ચે ખડક જેમ અણડોલ ઊભો રહે, એમ અચળ ઊભા હતા. એમણે એ જ સ્વસ્થતાથી કહ્યું : 'ગોશાલક ! હાથનાં કર્યાં આખરે હૈયે વાગ્યાં ! મારે હજી સોળ વર્ષ સુધી આ દેહ–ભાર વેઠવાનો છે. પણ તારે માટે તો માત્ર સાત રાત્રિ–દિવસ બાકી છે. બધું ભૂલી જા ! અસારને સાર ન માની લે. એકમાત્ર આત્માની ચિંતા કર ! એક દહાડો તને મારા પર આંધળો અનુરાગ હતો. આજે તું દ્વેષમાં અંધ બન્યો છે. રાગ અને દ્વેષ તો એક ઢાલની બે બાજુ છે. વીસરી જા ! સ્વસ્થ થા ! શાન્ત થા ! આત્માના કલ્યાણનો વિચાર કર !'

મુમુર્ષુ સર્પની જેમ કાતિલ નજર કરતો, ગોશાલક પાછો ફર્યો. એના દેહ પર દવ પ્રગટયો હતો. સાતમે દિવસે કારમી વેદના સાથે આર્ય ગોશાલક મૃત્યુ પામ્યા. શ્રમણ મહાવીર શ્રાવસ્તી છોડી ગયા.

એક વાર ભગવાન મહાવીરના અનન્યભક્ત મગધ-રાજ બિંબિસારે પ્રશ્ન કર્યો: 'પ્રભો ! મારી શી ગતિ થશે ?'

'નરકગતિ,' ભગવાન મહાવીરે રાજવી શિષ્યની શેહ રાખ્યા વગર કહ્યું.

'અને ગોશાલકની ?' રાજવીએ બીજો પ્રશ્ન કર્યો.

'સદ્ગતિ !'

રાજાજી મૂંઝાઈ ગયા. એમણે પ્રશ્ન કર્યો: 'પ્રભો !

આપના ભક્તોને નરક અને આપના નિંદકોને સ્વર્ગ ? આ તે કેવો ન્યાય !'

'અદ્દલ ન્યાય ! છેલ્લી પળે એને મારી શિખામણ સાચી લાગી, અને મૃત્યુની અંતિમ પળો ઉજમાળ કરી. રાજન્ ! જીવનમાં સાધનાની કિંમત છે, સ્નેહની નહિ,' ભગવાન મહાવીરે સ્પષ્ટ કર્યું.

# વીરનો ધર્મ

## 2

વસંતના નવાગમનના દિવસો હતા. વનરાજિએ નવવધૂના સ્વાંગ સજ્યા હતા. એવે વખતે સુપ્રસિદ્ધ ધારા નગરીના નિકટવર્તી વનવગડામાં એક રાજવંશી જુવાન ફરતો હતો. માથાં પર છૂટાં જુલફાં હવા સાથે ગેલ કરતાં હતાં. કમર પર રેશમી ઉત્તરીય હતું. કેડ પર કીમતી અધોવસ્ત્ર હતું. અધોવસ્ત્રને સોનાની કટિમેખલાથી સખત ભીડયું હતું! પીઠ પાછળ ધનુષ્ય હતું. સંગેમરમરની કંડારેલી શિલા જેવી પહોળી એની પીઠ હતી. ચંદનવૃક્ષની ડાળ જેવી લાંબી એની ભુજાઓ હતી.

સામે ઊંચા ટેકરા હતા. પાછળ વંકા ડુંગરા હતા. ચારે બાજુ પર્વતમાળ હતી. પગ પાસે નાની એવી સુવર્ણરેણુ નદી વહેતી હતી. પડખે ઊંડી વનવાટ હતી. વનવાટમાં વનરાજિ સભર હતી. વનરાજિમાં રંગરંગનાં પંખી રમતાં હતાં. ડુંગરાના ઢોળાવ પર સફેદ ચમરી

ગાયો ચરતી હતી. દુર્વાનાં મેદાનો પર હરણાં ગેલ કરતાં હતાં. ડાળીએ ડાળીએ પોપટ કિલ્લોલ કરતા, હતા ને ઝાડીમાં મોર કળા કરતા હતા. ખુદ વનદેવી જાણે વનેવનમાં થનગની રહી હતી.

નદીકિનારે ધારાનગરીના મદઝરતા માતંગ નાહવા આવ્યા હતા. ઉત્તર દિશાના ઘાટ પર રાજમહેલની રાણીઓ વાસંતિક સ્નાન કરવા આવી હતી. એમનાં ઓઢણાના અત્તરોએ પાણીને સુગંધી કરી મૂક્યું હતું, ને અંબોડાનાં ખરેલાં પુષ્પોએ કમળસરોવરની શોભા ખડી કરી હતી.

વસંતનો વાયુ પુષ્પોના પરિમલ ભાર સાથે વહેતો હતો.

જુવાને ચારે તરફ જોયું. એનો તામ્ર-સુવર્ણ દેહ સૂર્યના તાપમાં અતિ તામ્રવર્ણો બની ગયો.

એણે બે હાથની અંજલિ જોડી. અરે! શું કરે છે આ તરુણ! ખરે બપોરે તે સ્નાન-સંધ્યા હોય!

પણ ના, એણે સ્નાન-સંધ્યા કાજે અંજલિ રચી નહોતી. બે હાથની અંજલિને એણે ગાઢ રીતે સંકુચિત કરી. આંગળાની પરસ્પર ગૂંથણ કરી. પાણિપાત્ર મુનિઓ હથેળીઓને જેવી સખત રીતે ભીડે એમ ભીડી. પણ રે! આ તો રાજવંશી જન લાગતો હતો. આ મુનિજન નહોતો. રાજવંશી તેજ એના મુખ પર હતું. બ્રહ્મચર્યની આભા કપાળ પર હતી! મહાભારતી કર્ણ જેવી એની કાંતિ હતી. એણે હાથની અંજલિને મોં પર મૂકી.

જરા ઓષ્ઠ લાંબા કર્યા. હવાને અંદર ફૂંકી. એક તીણી સિસોટી જેવો અવાજ નીકળ્યો--શાંત પડેલી પૃથ્વીમાં કોઈ ભૂકંપનો આંચકો મૂકે એમ!

નિર્દ્વંદ્વ ફરતાં હરણાં ચમકયાં. મોર ટહુક કરતા ઊડીને ડાળ પર બેઠા. ચરતી ધેનુઓએ કાન ઊંચા કર્યા.

અવાજ વધ્યો. યુવાનનું ગળું ફૂલીને મશક જેવું થઈ ગયું. એની છાતીનો ઘેરાવો બમણો થઈ ગયો. માંસલ સ્નાયુઓ હીરની દોરી જેમ તણાઈ ગયા. આ કોઈ નાદ-બ્રહ્મનો ઉપાસક લાગ્યો. નાદના નિનાદ એવા લાગ્યા કે જાણે મેરુશિખર પાછળથી કોઈ પ્રચંડ વાવાઝોડું નિર્બંધ બનીને આવી રહ્યું છે! એ ભૂમિ પંર ઝંઝાવાતનો આછો રણકાર થઈ રહ્યો. નાસો, રક્ષણ શોધો ! આશ્રય લ્યો, નહિ તો ન જાણે કયાંના કયાં ફેંકાઈ જઈશું ! અસ્તિ નાસ્તિમાં પલટાઈ જશે.

અવાજ વિશેષ તીવ્ર બન્યો : હવે એમ લાગવા માંડયુ કે પ્રલયનો પવન પાતાળ ફોડીને બહાર નીકળવા ઘમસાણ મચાવી રહ્યો છે. પૃથ્વીનાં પડ ફાટું ફાટું થઈ રહ્યાં છે!

અવાજ વિશેષ વધ્યો. જુવાનના મોં સામે મીટ મંડાય તેમ નહોતી; અગ્નિકુંડ જેવું એ ઝગારા મારતું હતું. મેઘ-ગર્જનાના જેવો અવાજ વધતો જ રહ્યો. એમ ભાસ્યું કે પૃથ્વીકંપ પહેલાંની પળોના ભયંકર ગડેડાટ જાગી રહ્યા છે!

અવાજ સવિશેષ વધ્યો. હવે એ જાણે ઘૂંટાતો હતો, ઝેરી સાપ ગૂંચળાં વાળે એમ ગૂંચળાં વળતો હતો. પહાડનાં શિખર કડેડાટ કરતાં પડતાં હોય, આકાશનો આશરો છોડી વીજળી પૃથ્વી તરફ ધસતી હોય, મેઘગર્જના બંધવિહીન બની તૂટી પડતી હોય એવો ભાસ થયો. જાણે બારે મેઘ સામટા પૃથ્વી પર તૂટી પડવા તોળાઈ રહ્યા હોય તેવું વાતાવરણ જામ્યું હતું.

પૃથ્વી પર ઊભા રહેવું સલામત નહોતું. આકાશમાં આશ્રય લેવામાં જોખમ હતું. હવા તો ભયંકર જ હતી.

સ્નાન કરતા હાથીઓએ સૂંઢ મોંમાં નાખી દીધી. વનના એ રાજવીઓ થોડી વાર એમ ને એમ સ્તબ્ધ ઊભા. પછી પાછલા પગે હટવા લાગ્યા--જાણે કોઈ વિકરાળ કાળ તેમની સામે આવીને ખડો હોય! થોડા પાછા ખસીને, એ મોં ફેરવીને નાઠા ! નાઠા તે એવા નાઠા કે ન જોઈ વાટ, ન જોયો માર્ગ, ન જોઈ કેડી ! કોઈ પર્વત સાથે અથડાઇને નીચે તૂટી પડયા, કોઇ કંદરામાં ગબડી પડયા. ન ગબડયા એ હાથી ઊભી પૂંછડીએ નાઠા !

જે જ્યાં પડયા ત્યાં અર્ધમૃત અવસ્થામાં પડયા. એ અવસ્થામાં પણ આંખો મીંચીને ને સૂંઢ મોંમાં ઘાલીને પડયા ! જાણે કોઈ મહાકાળ આવીને એમની સામે દાંતિયા કરતો હતો.

ઢોળાવ પર ચરતી ધેનુઓ પહાડ પરથી શિલા ગબડે એમ ગબડતી ગબડતી નીચે આવી. કેટલીયના ગર્ભ વછૂટી ગયા, કેટલીયના પ્રાણ છૂટી ગયા.

અવાજ વધ્યો, પ્રલયના કંપ એમાં ગડેડાટ કરતા લાગ્યા.

મૃગલાં પહેલાં તો પૃથ્વીનો આધાર છાંડીને આકાશમાં આશ્રય શોધવા કૂદ્યાં, પણ ત્યાંયથી ડરીને નીચે પડયાં—પૃથ્વી પર ઢળ્યાં તે ઢળ્યાં.

કોતરોમાંથી કેસરીસિંહ બહાર ધસી આવ્યો. પહેલાં તો તેણે પણ ગર્જારવ કર્યો. પૂંછડાનો ઝંડો ઊંચો કરી, પંજાના આઘાતથી પૃથ્વીનાં પડનાં પડ ઉખેડી સામનો કર્યો,

પણ આખરે એય નિર્બળ બની જમીન પર ઢળી પડ્યો! ન એને ક્યાંય ઘા થયો, ન એને કોઈના પંજા વાગ્યા, પણ એ આવતા અવાજને સહી ન શક્યો ને પ્રાણત્યાગ કર્યો.

કાળદેવતાનાં જાણે કાળડમરું વાગ્યાં! સંહારનો દેવ પૃથ્વી, આકાશ ને પાતાળનો કબજો લઈ બેઠો.

આમ્રવૃક્ષ પરથી પાકેલાં આમ્રફળ ખરી પડે એમ રંગબેરંગી પંખીઓ ટપોટપ નીચે ઢળી પડ્યાં. રૂપરંગભર્યાં પંખીઓનાં દેહથી છવાયેલી વનસ્થળી રંગોળીની રૂપશોભા ધરી બેઠી!

દૂર, દૂર સ્નાન કરી રહેલી રાજરમણીઓ પણ ભયથી વ્યાકુળ બની ગઈ. તેઓએ કોઈ દુશ્મન રાજાનું સૈન્ય નદીનાં પાણીમાંથી હોંકારા કરતું એમને ઘેરી વળતું કલ્પ્યું! ભયથી છળીને એ નાઠી. કોઈ અડધે જઈને ભૂમિ પર, ઝંઝાવાતમાં કેળ ફસડાઈ પડે તેમ ફસડાઈ પડી. કોઈ બેભાન બની ઢળી પડી, કેટલીક ગર્ભિણીઓના ગર્ભ ગળી ગયા!

નાદશક્તિનો વિસ્તાર વધતો ગયો. પેલા જુવાનના ગાલ તાંબાની મશક જેવા બની ગયા હતા.

ડુંગરા ડોલ્યા. આભના પડદા ચિરાયા. હવામાં ભયંકર મોજાં લહેરાવા લાગ્યાં. રાની પશુ ભૂત જેમ રડવા માંડ્યાં. પ્રેતસેના આકાશી યુદ્ધ ખેલવા માંડી. ધબકતા પ્રાણને ઠારી દે, વહેતા લોહીને થિજાવી દે—એવો એ ભયંકર રવ!

સ્વરો ગુંજી રહ્યા! આખી ચેતન દુનિયા જાણે નિશ્ચેતન બનતી ચાલી! હવા થંભી! જળ થંભ્યું! પૃથ્વી

ડોલી ! દિશાઓ કંપી ! પ્રલયના પોકારોથી પૃથ્વી કંપી રહી.

આખરે જુવાને સ્વરો બંધ કર્યા, બદ્ધાંજલિ મુક્ત કરી, વદન પર આવેલો પ્રસ્વેદ લૂછ્યો !

ઉત્સાહથી ચમકતાં નેત્રો વડે એણે ચારે તરફની સૃષ્ટિનું વિહંગાવલોકન કર્યું ! વિજયી યોદ્ધાના મુખ પર વિલસી રહે એવું એક વિજયી હાસ્ય એના વદન પર રમી રહ્યું ! સાધના પછીની સિદ્ધિની જ્યોત એની આંખોમાં ઝગી રહી !

'આજથી કાલક અપ્રતિસ્પર્ધેય !' કાલક સિંહનાદી ! કાલક સિંહપુરુષ !' એણે ફરીવાર ચારે તરફ નજર નાખી. એના વદન પર સામર્થ્યનો ગર્વ ચમકી રહ્યો.

'રાજકુમાર !' પ્રલયથી નિશ્ચેતન બનેલી પૃથ્વી પર જાણે ચેતનનો પોકાર પડ્યો. બેભાન માણસ ધીરે ધીરે સાનભાન મેળવે એમ આખું વાતાવરણ હજી ભાનમાં આવી રહ્યું હતું, ત્યાં આવો સ્વસ્થ, નિષ્કંપ, અચળ સ્વર કોનો ?

'ધારાનગરીના રાજકુમાર !' ફરીથી મીઠો સ્વર આવ્યો. તપતા આકાશમાં જાણે મેઘમાળા આવી પહોંચી !

પહાડની કંદરા આડેથી એ સ્વરવાહક બહાર ચાલ્યો આવતો હતો. એ હતો એક સાધુ ! રિક્તપાણિ ! દૂબળો-પાતળો સોટા જેવો ! રાજકુમારના એક હાથની થપાટ એને પૂરો કરવા બસ હતી ! અને મૂઠીભર હાડકાંના માળખાવાળો સાધુ જ્યારે આખી પૃથ્વી બેભાન બની ગઈ હોય ત્યારે આટલી સ્વસ્થતાથી હરે, ફરે, બોલે ને ચાલે ! અસંભવ ! પોતાની નાદ-શક્તિ પાસે કેશરીસિંહ ત્રાહ્ય

પોકારે, પહાડ જેવા હાથીઓ માટીના ઢગલા જેમ ઢળી પડે, તો આ હાડકાના માળખાનું તે એવડું શું ગજુ?

'કેમ છો રાજકુમાર? શક્તિ નાણી જોઈ?' મુનિએ કહ્યું. એના અવાજમાં ન કંપ હતો, ન બીક હતી, ન ત્રાસ હતો.

'મારી શક્તિનાં મારે મોંએ વખાણ શાં! આપે તો નજરોનજર બધું જોયું! આપ કહી શકશો. કહો, કેવું કામ?'

'અદ્‌ભુત! રાજકુમાર! કોઈ ધમ્મે શૂરા! કોઈ કમ્મે શૂરા! આ સિંહનાદી વિદ્યા પાછળ કેટલાં વર્ષ ગાળ્યાં?' મુનિરાજે પ્રશ્ન કર્યો. સાવ સાદો પ્રશ્ન હતો.

'બાર વર્ષ! મહારાજ! વજ્રકછોટો ધારણ કરનારને જ આ વિદ્યા વરે. બાર વર્ષથી સ્ત્રીનું મોં પણ જોયું નથી! બહેન સરસ્વતી બિચારી વલખાં મારે છે! એને ભાભી આણવાના ઓરતા વીતે છે. મહારાજ! ટંકે બે હજાર ગાયોનું દૂધ પીધું છે!'

'હવે તમારાં બાર વર્ષ સંસારનાં કેટલાં વર્ષ લેશે?'

'એમ કેમ? સંસારનાં વર્ષ લેશે એટલે શું?' સાધુની વ્યંગવાણી રાજકુમારથી ન સમજાઈ.

'તમારી શક્તિસાધના સંહાર કાજે જ છે ને? શત્રુનાં માણસોનો સહેલાઈથી પ્રાણ લઈ શકો, એ આ બધી માથાકૂટોનો તમારો ઉદ્દેશ છે ને? પૃથ્વીને તમારા ચરણ નીચે ચાંપવા માટેની જ આ સાધના છે ને? શત્રુનું ઘોર નિકંદન કાઢવા માટે જ તમારું આ કર્મ છે ને!'

'એક રાજકુમારની સાધનાનો એથી વિશેષ સારો ઉદ્દેશ કયો હોઈ શકે? રાજાનો ધર્મ રક્ષણ ! આ રીતે શત્રુઓને સંહારી મારી પ્રજાનું રક્ષણ કરીશ.'

'સુંદર! અતિ સુંદર! રાજકુમાર ! ઘણી વાર આજે મિત્ર ભાસતો જણ કાલે શત્રુ ભાસે છે. કાલે શત્રુ ભાસતો પરમ કાલે મિત્ર ભાસે છે. એટલે શત્રુ અને મિત્રનો ભેદ કરનારી તમારી વિવેકશક્તિ પર તો પૂરતો ભરોસો છે ને?'

'હાજી.'

'શત્રુને મારી મિત્રને જ પૃથ્વી પર જીવવા દેશો ને? અને તમારો આજનો મિત્ર કાલે શત્રુ નહિ થાય, એની પણ ખાતરી હશે ને? શત્રુ થાય તો એને પણ જીવતો છોડશો નહિ ને?'

'મહારાજ! પૃથ્વી પરથી દુષ્ટમાત્રનો નાશ કરવા ઇચ્છું છું.'

'દુષ્ટનો નાશ કરશો, એટલે દુષ્ટતાનો નાશ થઈ જશે એમ માનો છો ને!'

'મહારાજ! આપ વધુ ઊંડા ઊતરો છો. મને લાંબી સમજણ નથી. હું તો દુષ્ટોનો નાશ તો જરૂર કરીશ. મારી આ સિંહનાદી પ્રચંડ શક્તિ પાસે શું અશક્ય છે?'

'શ્રમણ ભગવાન મહાવીર પણ રાજકુમાર હતા. આઠ વર્ષની ઉંમરે ભયંકર અઘોરીને એક મુક્કીએ ભોંભેગો કરનારના બળને યાદ કરો, અને ગર્વહીન બનો, રાજકુમાર! અને છતાં તેમણે શું કહ્યું હતું? શરીરના બળથી શું રાચવું? એથી અનેકગણું બળ આત્મામાં

છે, એ સિદ્ધ કરવું ઘટે. દેહશકિત સંહાર માટે વપરાય, આત્મશક્તિ સર્જન માટે વપરાય !'

'મારી શક્તિથી હું સંહાર અને સર્જન બંને કરીશ !'

'રાજકુમાર ! તમારી શક્તિમાં રહેલી ભારે અશક્તિ તમારી જાણમાં નથી. હાથીને મારી શકવાનું સામર્થ્ય ભલે તમારી પાસે હોય, એક કીડીને જિવાડી શકવાનું સામર્થ્ય તમારામાં છે?'

રાજકુમાર કંઈ જવાબ ન આપી શકયો. પ્રશ્ન સાવ સાદો હતો, છતાં એનો ઉત્તર સહેલો નહોતો.

'તમારી સંહારક શક્તિથી જગતમાં શાન્તિ સ્થપાશે ? જે વિદ્યા તમે સાધ્ય કરી, એ શું બીજો નહિ સાધી શકે? અને એની દૃષ્ટિએ તમે દુષ્ટ નહિ ઠરો ? તમારી નજરે એ દુષ્ટ, એની નજરે તમે દુષ્ટ ! સરવાળે સમૂલ નાશ થશે કે બીજું કાંઈ !'

સાધુની અવળ વાણીને રાજકુમાર સમજી ન શકયો.

'હું તો માનું છું કે રાજા પાસે સાધુની શક્તિ જોઇએ. સાધુ પાસે રાજાની શક્તિ ! સાધુની શકિત ને રાજાની શક્તિમાં રહેલો ફેર જાણો છો ?'

"જાણું છું. રાજાની 'શક્તિકત ક્ષણિક શાન્તિ સ્થાપશે ને તે ચિરકાલ માટે યુદ્ધની પરંપરા જગાડશે. ઈકોતેર પેઢી સુધી વેર વાવશે. સાધુની શક્તિ શાંતિને જન્માવશે. ઈકોતેર પેઢીનાં વેર શમાવશે.' રાજકુમારના ઉત્તરમાં હૃદય–પરિવર્તનનો આછો નાદ હતો.

'જે શક્તિ સો હાથીને મારી શકે, પણ એક કીડીને જીવાડી ન શકે, શાશક્તિ એ કામની ? એને જ મારવાનો

તમને હક્ક છે, જેને તમે જીવાડી શકો. સાધના હોય તો અમૃતની હોય, વિષની નહિ.'

શકિતનો પુંજ છતાં સમજદારીનો સાગર રાજકુમાર મુનિનાં વચનોને શ્રદ્ધાથી ઝીલી રહ્યો. એણે કહ્યું : 'મારા સામર્થ્યનો ગર્વ નામશેષ બન્યો છે. તો શું કરું સાધુરાજ?'

' રાજન ! સંહારના માર્ગથી શક્તિને પાછી વાળો. તમને જોયા, ને શિષ્ય બનાવવાનો મને લોભ જાગ્યો છે. કમ્મે શૂરા, સો ધમ્મે શૂરા ! આ કંઠની અમોઘ વાણીથી શ્રુતને દીપાવો. ગંધહસ્તી જેવી કાયાથી ભગવાન મહાવીરના અહિંસાધર્મનો પ્રચાર કરો ! અહિંસાના પાલન માટે હિંસાથી પણ મહાન શકિતની જરૂર છે. બાર વર્ષના વજ્રકછોટાની ત્યાં કસોટી છે. તમારામાં મેં એ જોઈ છે. તમે ધારો તો વીરની અહિંસાને દીપાવી શકશો. દિવ્ય આ શકિતથી દિવ્ય સર્જન કરો, રાજકુમાર !'

રાજકુમાર સાંભળી રહ્યો. મુનિએ આગળ ચલાવ્યું:

'રાજકુમાર ! રાજપદ કરતાં મુનિપદ શ્રેષ્ઠ છે, એ સિદ્ધ કરી આપો. ધર્મ તમને પામીને સાર્થક થશે. ધર્મને પામીને તમે જીવન કૃતાર્થ કરશો,' મુનિ ખીલ્યા હતા, 'શક્તિ કદી ચાલતે ચીલે ચાલવામાં માનતી નથી ! એનું નિયંત્રણ બળવાન મુનિઓને પણ દુષ્કર છે. પણ એક શકિતવાન પુરૂષ મુનિ બને તો ધર્મશાસનને સો વર્ષનો વેગ મળે છે. તેજમૂર્તિ છો, તપોમૂર્તિ છો, હવે ધર્મમૂર્તિ બનો ! જીવન સાર્થક થઈ જશે !' મુનિરાજના શબ્દોમાં તીરની વેધકતા હતી, 'શકિતની ઘેલછા સંહાર ને સર્વનાશ લાવે છે. એ શકિતનો વિનિમય કરી નાખો ! જીવનને સંયમ અને શીલના નવરસાયનથી રસી દો !'

'ગુરુદેવ! તમારે ચરણે છું. મેં મારી શકિતમાં છુપાયેલી અશકિત જોઈ લીધી. હાથીને મારી શકવાની વિદ્યા મેળવી, પણ પગ નીચે ચગદાયેલી કીડીને જીવાડવાની મારી અશકિતને પણ નીરખી લીધી! હું મુનિ બનીશ! મારી શકિત પુષ્કરાવર્ત મેઘ બનીને સર્જન ને શાંતિના ક્ષેત્રોમાં વરસશે.'

'ભાઇ!' દૂરથી પોકાર પડયો. એક તરુણી શ્વાસભેર દોડી આવતી હતી.

'સરસ્વતી! આવ બેન! ખરે વખતે તું આવી!' કુમારે પોકાર કર્યો.

'ચાલ, ભાઈ ચાલ! ધારાના રાજકુંવરને વરવા રાજકુંવરીઓની અતૂટ ધારા વહી રહી છે! એકને જોઈશ–એકને ભૂલીશ.'

'બહેન! તું યોગ્ય વર પસંદ કરી લે! ચાલ! તારો સ્વયંવર રચીને પછી જાઉં!'

'કયાં?'

'હું તો મુનિ બનીશ. મેં મારી વિશ્વવિજયી શક્તિમાં છુપાયેલી અશક્તિ નીરખી લીધી! સો હાથીને તો મારી શકું, પણ એક મરેલી કીડીને જિવાડી શકવાની શક્તિ મારામાં કયાં છે? મુનિજન કહે છે, કે એ શક્તિ પ્રેમમાં છે. અહિંસા પ્રેમની જનની છે. બેન! હું હવે અહિંસાનો ઉપાસક બનીશ, મુનિ થઈશ.'

'શું કહે છે? ને આ તારી બાર વર્ષની સિંહનાદી સાધના?'

'અહિંસાના પાલનમાં વાપરીશ. એને જીવનનું દિવ્ય રસાયન બનાવી નાખીશ.'

'શું તું ચોરને ક્ષમા કરીશ?'

'હા બેન! એકનો પરિગ્રહ બીજાને ચોર બનાવે છે. જો ચોર ગુનેગાર છે, તો એને ચોર બનાવનાર ગુનેગાર કેમ નહિ?'

'અને વ્યભિચારીઓને માફ કરીશ? પરસ્ત્રી પર નજર નાખનારાઓ સામેનો તારો પુણ્યપ્રકોપ શું હવે શમી જશે? તું સાધુ બનીને એને માફ કરીશ?' સરસ્વતીએ પ્રશ્ન મૂકયો! એ ભાઈની પ્રકૃતિનો સુંવાળો ખૂણો જાણતી હતી. ધારાનગરીના રાજકુમાર કાલકને અન્યાય-અધર્મ તરફ હાડોહાડ વેર હતું, દુષ્કર્મ જોઈ એ પોતાની જાતને સંભાળી ન શકતો, મરવા-મારવા તૈયાર થઈ જતો. તેમાં પણ આચારહીન સ્ત્રી-પુરુષો તરફ તો એને પૂરી ઘૃણા હતી.

'ના, ના, બેન! એને તો દીઠયો નહિ મૂકું! ઊંઘમાં પણ સમાચાર મળશે તો ઉઘાડે પગે ને ઉઘાડી ખડ્ગે ધાઈશ.'

'પછી મુનિ કેવી રીતે બનીશ?' સરસ્વતીએ ભાઈને બોલે બાંધ્યો.

કાલક કુમાર તરત વિચારમાં પડી ગયો. એણે બહેને કરેલો પ્રશ્ન મુનિને કર્યો: 'હે મુનિરાજ! તો હું મુનિ કેવી રીતે બની શકીશ? વ્યભિચારી સાથે મારાથી તડજોડ નહિ થાય!'

'ભાઈ! માણસ પાપી નથી, માણસની વૃત્તિ પાપી છે. માણસની વૃત્તિને મારવા માટે અહિંસા ને પ્રેમ જેવું

કોઈ અમોઘ સાધન નથી. તેં ચંડકૌશિકની વાત નથી સાંભળી ?'

'સાંભળી છે,' બહેન તરફ મોં કરતો રાજકુમાર કાલક બોલ્યો, 'સરસ્વતી! મુનિરાજ સાચું કહે છે. આપણી શક્તિમાં જેટલી અશક્તિ છે, એટલી મુનિજનોની અશક્તિમાં શક્તિ છે. એમનામાં મારવાની અશક્તિ છે, પણ સુધારવાની શક્તિ છે. હું એ લોકોને સુધારીશ.' રાજકુમાર કાલક ભાવાવેશમાં હતો.

'તો ભાઈ! તારી સાધનાનું અંતિમ ?'

'અહિંસાની શક્તિનો સાક્ષાત્કાર! અરે! સરસ્વતી! મુનિજને કેવી આંખ ઉઘાડી દીધી! ખરેખર, આપણી શક્તિથી આપણે હાથી મારી શકીએ છીએ, પણ એક મરેલી કીડીને જિવાડી શકીએ છીએ ખરા? કહે ?'

'ના!' સરલ સ્વભાવી સરસ્વતી પણ વિચારમાં પડી ગઈ. મુનિરાજની વાણીનો જાદુ આ યુવતી પર પણ અસર કરી રહ્યો.

'તો બહેન! મને વિદાય દે! ધારાનગરીનું રાજપાટ તને સુપ્રત! પિતાજીને–માતાજીને તું મનાવી લેજે!'

'ભાઈ! જ્યાં તું ત્યાં હું!'

'તું પણ આવીશ ?'

'હા!'

'તો તો મને મુનિધર્મના પાલનનો વિશેષ ઉત્સાહ રહેશે! તું સાથે હઈશ તો હું ઊંચા પહાડને નમ્ર બનાવી દઈશ; વડવાનલને ઠંડા પાણીનું માટલું બનાવી દઈશ:

અહિંસાથી પૃથ્વીને મઘમઘાવી દઈશ; સત્ય-સૂરજથી ધરતીને ઝળહળાવી દઈશ; પ્રભુ મહાવીરના સમાનતાના આદેશને પૃથ્વીના આ છેડેથી બીજા છેડા સુધી પ્રસરાવી દઈશ. ચાલ, બા-બાપુની રજા લઈ આપણે મુનિજનની સાથે ચાલી નીકળીએ. મુનિરાજ ! કૃપયા જરા થોભજો, અમે આવીએ છીએ !'

'કુશળ હો તમારું ! ભાઈ ! ધર્મ તમારા જેવાની જ અપેક્ષા રાખે છે. અહિંસા ને પ્રેમનો માર્ગ શૂરાઓનો છે. ધર્મ તમને પામી સાર્થક થશે, તમે ધર્મને પામીને કૃતાર્થ થશો !' મુનિરાજે ફરીને એ જ શબ્દો બેવડાવ્યા.

ધારાનગરના રાજકુંવર કાલક ને રાજકુંવરી સરસ્વતી મુનિચરણે નમીને વિદાય થયાં ! એમનાં હૃદય નવીન ધર્મપાલન માટે થનગની રહ્યાં હતાં.

# વેણુ અને રેણુ

## 3

પંચમ વેદસમા નાટયશાસ્ત્રનો ઉદ્ધારક વિશ્વકર્મા મગધનો સુપ્રસિદ્ધ નટ હતો. એની જુવાનીમાં ભારતભરમાં એની જોડી નહોતી. પડછંદ કાયા, બુલંદ સ્વર અને અભિનયભર્યાં ઘાટીલાં અંગોપાંગ રસિક જનો પર કામણ કરતાં. એ એક આંખનો પ્રકાર બદલતો ને પ્રેમની સૃષ્ટિ રચાતી. એ મોંની આછી રેખાઓ આઘીપાછી કરતો ને શૃંગાર, બીભત્સ કે રૌદ્ર રસની રેલ વહી જતી. અભિનય, ગીતિ ને વેશવિન્યાસમાં એ યુગ વિશ્વકર્માના શિષ્ય થવામાં પોતાનું ગૌરવ લેખતો.

એ રાજાના વેશમાં આવતો, ને એના ઝળાંહળાં કરતા વ્યક્તિત્વ પાસે ખુદ રાજાઓ ઝાંખા પડી જતા. સાચા હીરા કરતાં નકલી હીરાનું તેજ વધી જતું. કવિના સ્વાંગમાં એ રંગભૂમિ પર આવીને ખડો રહેતો, ને

કવિઓ ખુદ એની છટા ને એની વાણી પર વારી જતા. એમના મોંમાંથી નીકળી જતું : 'ધન્ય સરસ્વતી !'

સારાંશમાં વિશ્વકર્મા જન્મસિદ્ધ અભિનયકાર હતો. એ જે સ્વાંગમાં આવતો એ સ્વાંગ એને અનુરૂપ થઈ જતો. એને જ અનુકૂળ ભાષા, ગીતિ ને હાવભાવ પણ આપોઆપ પ્રગટ થઈ જતાં. નાટકને વિષે એની તન્મયતા પણ અજબ હતી. કહેવાતું કે એકવાર ખુદ મગધપતિએ એ અયોધ્યાપતિના પાત્રમાં હતો ત્યારે પોતાને નમન કરવા કહ્યું. બદલામાં કંઠનો નવલખો હાર આપવા માંડયો. પણ વિશ્વકર્મા કોનું નામ! એણે ગૌરવપૂર્વક કહ્યું : 'અત્યારે તમે માત્ર મગધપતિ છો. હું ત્રિલોક-વિજયી અયોધ્યાપતિ રામ છું. ગમે તેવા ચમરબંધીને પણ રામ નમે ?' મહામના મગધપતિએ વિશ્વકર્માનો આ ઉત્તર સાંભળી એને મગધની ચિત્રશાળાનો મુખ્ય રાજનટ નીમ્યો.

ઊગતી કળાના સૂરજને તેજસ્વી મધ્યાહ્ન પણ હોય છે ને રંગરંગીન સંધ્યાકાળ પણ હોય છે. વિશ્વકર્માના જીવનમાં પણ એમ બન્યું. એના કીર્તિના મધ્યાહ્નકાળે અનેક રૂપસુંદરીઓ લટ્ટુ બનીને પ્રેમ કરવા આવી. એમાં રાજકુંવરીઓ પણ હતી.

પણ વિશ્વકર્માને એક વાતનું ઘેલું લાગ્યું હતું. એ અણિશુદ્ધ પરંપરાનો પ્રખર હિમાયતી હતો. એ વિશુદ્ધ વીર્ય ને પવિત્ર રજમાં માનનારો હતો. એ રજ-વીર્યના સંયોગ દ્વારા પોતાની પ્રતિમૂર્તિ સમો પુત્ર પેદા કરવા માગતો હતો. એ કહેતો કે અત્યારે તો વર્ણસંકરતા વધી

પડી છે. ન છીપને સ્વાતિબુંદની જરૂર છે, ન સ્વાતિબુંદને છીપની જરૂર છે! પછી ભલા અણદાગ—નિષ્કલંક મોતી મળે ક્યાંથી ?

સાવ જુનવાણી જુવાન! પણ યોગ્ય જીવનસંગિનીની એની રાહ એકાએક પૂરી થઈ. હીરાલક્ષ્મી નામની એક ગાયિકા એને લાધી ગઈ. એ ત્યકતા રાજકન્યા છે એવી એની પાછળ કિંવદંતી હતી. એક જલસામાં બંને પ્રતિસ્પર્ધી હતાં. અભિનયમાં જુવાન વિશ્વકર્મા જીતી ગયો, ગીતિમાં હીરાલક્ષ્મી! પ્રતિસ્પર્ધાના રસ્તે થઈને બંનેના જીવનમાં પ્રેમનું દિવ્ય રસાયન ઊતર્યું. એક દહાડો વિદેહની આ ગાયિકા લગ્નગ્રંથિથી વિશ્વકર્મા સાથે જોડાઈ ગઈ.

હીરાલક્ષ્મીથી વિશ્વકર્માને પહેલા ખોળાની પુત્રી આવી. પુત્રી આવી તો ભલે આવી, એનાં ભાગ્ય લઈને આવી. પણ પોતાને તો પુત્રની ખેવના હતી! જમાનો જુદો હતો. દીકરાના જીવનમાં અનેક અંતરાય હતા, શુદ્ધ–અણિશુદ્ધ સાધના તો પુત્રમાં પ્રગટે!

હીરાલક્ષ્મીનો ખોળો બીજીવાર ભરાયો. લોક સહુ કહેતાં કે આ વખતે પુત્ર પ્રસવશે. પતિ-પત્ની મનમાં ને મનમાં મલકાતાં. એ વખતે ડોશીઓ આવીને ચેતવતી કે બીજીવાર પણ દીકરી આવી તો પછી પાંચ પાર્વતી સમજો. છઠ્ઠા ખોળે દીકરો આવે તો ભાગ્ય તમારાં!

ડોશીમાઓ ગમે તેટલી સાવચેતી આપે, પણ એ વાત હીરાલક્ષ્મીના વશની નહોતી. બીજીવાર પણ પુત્રી

આવી ! વિશ્વકર્માને ખબર મળ્યા ત્યારે એણે મોં પર ખુશી બતાવી, પણ અંતરમાં ઊંડો આઘાત અનુભવ્યો. હવે ત્રીજી, ચોથી ને પાંચમી પણ પુત્રી આવશે ! રે ! તો શું પુત્ર મોટી ઉંમરે આવશે ! પછી એને કેળવવાનો કેટલો ટૂંકો સમય રહેશે ! ઊતરતી ઉંમરે પુત્ર આવ્યો ન આવ્યો સરખો !

પણ આ પછી હીરાલક્ષ્મીને દિવસો ન ચડ્યા. એક દિવસ વિશ્વકર્માની વર્ષગાંઠ હતી. એ દિવસે એ ખૂબ રમી-જમી. બીજે દિવસે માંદી પડી. ચોથે દિવસે અવસાન પામી. કોઈ કહેતું કે પતિને પુત્રની ઈચ્છા પરિપૂર્ણ કરી આપવા એ માર્ગમાંથી ખસી ગઈ. આ પછી ગમે તેમ, પણ વિશ્વકર્મા ન પરણ્યો તે ન પરણ્યો. એના લગ્નની અફવાઓ બેચાર વાર ઊડી, પણ પરિણામ કંઈ ન આવ્યું. પાંચ-દસ વર્ષ આમ ને આમ સારું-ખોટું કરતાં વીતી ગયાં. આખરે વિશ્વકર્માએ પોતાની બંને પુત્રીઓ વેણુ ને રેણુમાં ચિત્ત પરોવ્યું.

આમ ને આમ મધ્યાહ્નનો સૂર્ય પશ્ચિમાકાશમાં ઢળી ગયો. કોઈના જીવનનો પૂર્વાર્ધ ખૂબ આશાભર્યો વીતે છે, તો ઉત્તરાર્ધ સાવ ભગ્નાશ હોય છે. વિશ્વકર્માનું કંઈક એવું બન્યું. હવે અવસ્થા અવસ્થાનું કામ કરતી હતી. પહેલાં રંગભૂમિના તખ્તા પર પગ મૂકતાં તખ્તો ધમધમી ઊઠતો, હવે નિર્બળ પગ ફોગટ પછાડવા પડતા. શરીરમાં જૂનું સ્વાસ્થ્ય રહ્યું નહોતું. જેના એક બુલંદ સૂરે નાટકશાળા ગાજી ઊઠતી, એ કંઠમાંથી શહૂર વિદાય થયું હતું. ખૂબ ખેંચવા જતાં સૂર બેસૂર થઈ જતો.

પણ વનમૃગલીઓ જેવી વેણુ ને રેણુ પિતાના ઉજ્જડ રણ જેવા જીવનમાં રસ ટકાવી રહી હતી. છેલ્લી ઉંમરે જુસ્સો ટકાવી રાખવા ભગ્નાશ વિશ્વકર્મા દારૂની લતે ચઢી ગયો. પિતાના સંસર્ગથી વેણુ ને રેણુ પણ છાંટો પાણી લેતાં શીખી. ગમે તેમ પણ, આટલા શા આચમનથી તેઓ આખો દિવસ મધમાખીની જેમ ગુંજારવ કર્યા કરતી.

વિશ્વકર્મા હવે ભાગ્યે જ પ્રવાસે જતો. એણે પોતાની મંડળી વિખેરી નાખી. બાપદાદાના વતન રાજગૃહીમાં ત્રણ માળની આસાયેશવાળી હવેલી બાંધીને એ નિવૃત્તિ-વાસ કરી રહ્યો.

વિશ્વકર્માની આજે ફરી વર્ષગાંઠ આવી હતી. પુત્રીઓ બાપુની જન્મગાંઠને ખૂબ મહત્ત્વ આપતી. આજે આખા કુટુંબને તથા નાતને જમવાનું નિમંત્રણ આપ્યું હતું. સવારથી જ ઘરમાં આનંદ ને ઉલ્લાસ વર્તી રહ્યા હતા, પણ વિશ્વકર્મા આ બધામાં કંઈક ખેંચાયેલો રહેતો હતો. પોતાની જ વર્ષગાંઠને દિવસે દેવી જેવી હીરાલક્ષ્મી ખૂબ રમી-જમીને પછી મૃત્યુ પામી, એટલે એને વારંવાર હીરાલક્ષ્મીની યાદ આવતી. આખો દિવસ એ ગમગીનીમાં વિતાવતો, પણ જમણરમણ ચાલવા દેતો. પુત્રીઓ કહેતી: 'પિતાજી ! મરેલાની પાછળ કંઈ મરી જવાય છે ? ને મરેલાની પાછળ પણ જમણ ક્યાં નથી થતાં ?'

'સાચું છે, બેટી ! હું જમું કે ન જમું, પણ આખી નાત જમે, એ મહત્ત્વનું છે. આ બહાને અતિથિ-અભ્યાગતના પાત્રમાં પણ કંઈ જાય, એ આ દિવસનું ઓછું સાર્થક છે !' પિતા જવાબ વાળતો.

સાચું કહીએ તો, વર્ષગાંઠ વિશ્વકર્માની વ્યથામાં વધારો કરતી. પોતાના પવિત્ર રજ-વીર્યના કોઈ અંશને વારસો આપી જવાની એની અધૂરી રહેલી ઝંખના એનાં નૂર—તેજને હણી રહી હતી. એ કહેતો કે સ્ત્રી-પુરુષ વાસનાવેલનાં પતંગિયાં બન્યાં છે. પરાક્રમી પુરુષ ને પવિત્ર સ્ત્રી હવે શોધ્યાં નહિ જડે.

આવો ભગ્નાશ નટરાજ આજે વહેલી સવારથી મેડી પર ગોખે ચઢીને બેઠો હતો. આકાશમાં એકઠાં થતાં ને વીખરાતાં વાદળોમાં છુપાયેલા હીરાલક્ષ્મીના મુખચંદ્રને નિહાળવા એ મથી રહ્યો હતો.

જમણ તૈયાર થવા આવ્યું હતું. વેણુ અને રેણુએ પાસે રહીને શહેરના સારા પાકશાસ્ત્રી પાસે મોદક બનાવડાવ્યા હતા. એમાં પડેલ ગાયના દૂધની સુવાસ મગજને તરબતર કરી નાખતી હતી. જાવંત્રી, ઈલાયચી ને કેસરની મહેક હવાની લહરી સાથે ચઢીને દૂર દૂર સુધી પ્રસરી જતી. વગર નોતરે પણ ત્યાંથી પસાર થનારને ખબર પડી જતી કે આટલામાં જમણવાર છે !

જમવાનો વખત થતાં મહેમાનો આવવા શરૂ થયા. વેણુ ને રેણુ સારાં વસ્ત્રો પહેરી આગતા-સ્વાગતામાં રોકાઈ ગઈ. બધી વાતમાં એક વાતની ખામી લાગતી હતી. હજુ સુધી કોઈ અતિથિ-અભ્યાગત આવ્યું નહોતું. અતિથિ-અભ્યાગતને આપ્યા વિનાનું ભોજન જમવું એ કાળના લોકોને અકારું લાગતું. બંને બહેનો આઘીપાછી થતી દૂર દૂર સુધી નજર નાખી રહી હતી.

અચાનક એક જુવાન મુનિ મોદકની ગંધે ગંધે આવી રહેલા જણાયા. સીધા આવીને દ્વાર પર ખડા રહ્યા.

ભરી જવાની ! ફાટ ફાટ થતી તરુણાવસ્થા ! લીંબુની ફાડ જેવાં અણિયાળાં લોચન ! કામદેવની ધજા જેવો પ્રચંડ દેહ ! સાધુપણાના નાદમાં રૂપને વિરૂપ કરવામાં કંઈ મણા રાખી નહોતી, પણ રૂપ તે કંઈ અછતું રહે ! માથું મૂંડેલું, દેહ અસ્નાત, પગ અડવાણા, તોય સંન્યાસી મનને ભાવી જાય તેવા મનભર હતા.

વેણુ ને રેણુના યૌવન-વસંતના બાગ પર જાણે એક મીઠી લહરી વાઈ ગઈ. વેણુના મસ્તક પરનો સાળુ આપોઆપ સરી ગયો. રેણુએ આગળ વધીને એક લાડુ મુનિના પાત્રમાં નાખ્યો. મુનિ આશીર્વાદ ઉચ્ચારી પાછા વળ્યા. મુનિના ગયા પછી બંને બહેનો સ્વસ્થ થઈ કામે લાગી.

મનભાવતા મુનિ ગયા, પણ એમના પગલે એક ઉપર એક મુનિ ભિક્ષાવૃત્તિ માટે આવવા લાગ્યા. તરત જ એક વયોવૃદ્ધ મુનિ આવ્યા. આંખે પૂરું દેખાય નહિ, લાકડીને ટેકે માંડ ડગલું દેવાય ! ભિક્ષાપાત્રવાળો હાથ તો ભૂકંપની જેમ કંપ્યા કરે.

રેણુએ એક મોદક વૃદ્ધ મુનિના પાત્રમાં નાખ્યો. મોદકના સામાન્ય ભારે પણ કમજોર હાથમાંથી પાત્ર પડતું પડતું રહી ગયું. વેણુથી નિસાસો નંખાઈ ગયોઃ હાય રે વૃદ્ધાવસ્થા ! ધન-જોબનનો ગર્વ નકામો છે !

આ વૃદ્ધ મુનિ આંખોથી અદૃશ્ય થયા, કે પળવિપળમાં બીજા એક મુનિ આવતા દેખાયા. હાય રે દુઃખી સંસાર ! આ મુનિ તો વળી એક હાથે ઠૂંઠા, એક પગે લંગડા ને આંખે કાણા ! રે ! શીતળાનો શેતાન એમની

આંખને ભરખી ગયો હશે. લકવાનો રાક્ષસ હાથપગને લાકડાની જેમ નિશ્ચેતન બનાવી ગયો હશે. રેણુએ મુનિને મોદક આપતાં ઉચ્ચાર્યું : 'शरीरं रोगमंदिरम् !'

મુનિ ધીરે ધીરે ચાલ્યા ગયા. ગમે તેમ પણ આજ સુભાગ્ય જાગ્યું હતું. તરત જ એક બાળમુનિ આવ્યા. રમતા રમતા આવ્યા ને લાડવો લઈ ચાલ્યા ગયા! બધા જમનારા વિશ્વકર્માના ભાગ્યની પ્રશંસા કરી રહ્યા. મોટાનાં પુણ્ય મોટાં, નહિ તો એક સામટો ચાર ચાર મુનિનો સુયોગ ક્યાંથી બાઝે!

આ વખતે અચાનક વિશ્વકર્મા મેડી ઉપરથી નીચે આવ્યો. હંમેશાં ગંભીર રહેતા એના મુખપટલ પર આછું ઇંદ્રધનુ ખેંચાયેલું હતું. ઘણે દિવસે પિતાના મુખ પર આનંદ પથરાયેલો જોઈ વેણુ ને રેણુ દોડીને પડખામાં ભરાઈ ગઈ. જમનારાં પણ ઉત્સાહમાં આવીને કહેવા લાગ્યાં :

'અરે ભાઈ! મોટાનાં ભાગ્ય મોટાં! બારે મેઘ સામટા. એક નહિ પણ ચાર ચાર મુનિ! આવા સુજોગ તો કોઈ ભાગ્યશાળીને સાંપડે. વખત એવો આવ્યો છે કે, આપણાં દ્વાર પર મુનિઓનાં દર્શન હવે દુર્લભ બન્યાં છે!'

'ચાર નહિ, પણ એક જ મુનિ!' વિશ્વકર્માએ હસતાં હસતાં સુધારો મૂક્યો.

'અરે, ચાર! ચાર મુનિ! એક, બે, ત્રણ ને ચાર મુનિ! અમે બધાં સાક્ષી છીએ.'

'તમે બધાં ખોટાં !' વિશ્વકર્માએ મોટેથી હસતાં કહ્યું.

'ને તમે એક સાચા ?'

'હા !'

'પિતાજી ! અમારા સગા હાથે અમે ચારેને મોદક આપ્યા છે.' વેણુ ને રેણુ બોલી.

'અમે અમારી સગી આંખે એમને નીરખ્યા છે !' જમનારાંઓ અડધાં ઊભાં થઈને બોલ્યાં.

'બધું ખોટું ! મુનિ ચાર નહિ, પણ એક. મારી વાત સાંભળશો એટલે તમે જ હા કહેશો.' વિશ્વકર્માએ કહ્યું.

'બનાવવાની વાત વળી શરૂ કરી. કહેવતમાં કહ્યું છે કે વાંદરો ઘરડો થાય, તોય ઠેક ચૂકે નહિ.' કેટલાક વૃદ્ધોએ કહ્યું.

'એ તો મારી મથરાવટી મેલી થઈ ગઈ, પણ હું સાચું કહું છું કે તમારી અનેક આંખોને છેતરનાર એ એક જ મુનિ હતા. હું ઉપર ગોખમાં બેઠો હતો, ત્યારે દૂરથી એ મુનિને આવતા જોયા. રૂડો રૂપાળો જુવાન. મારા અંતરમાં એની છબી પડી ગઈ. ઘડીભર એમ થયું કે મારે પુત્ર હોત તો આવડો જ હોત, આવો જ હોત. હું એને મારો વારસો આપત. સવાઈ વિશ્વકર્મા બનાવી દેત !' વિશ્વકર્માના ગળામાં ખરખરી આવી. એણે ખોંખારો ખાઈને આગળ ચલાવ્યું :

'એ જુવાન મુનિ આપણે ત્યાંથી ભિક્ષા લઈ પાછા વળ્યા. મારી દૃષ્ટિ તો એમની પાછળ જ ઘૂમતી હતી.

મુનિ થોડે જઈ થંભ્યા. પાત્ર ઊંચું કરીને સૂંઘ્યું. આજુબાજુ જોયું. કંઈ વિચાર કર્યો ને કાકીડો રંગ બદલે એમ એમણે રૂપ બદલી નાખ્યું. જાણે જુવાનીની ડાળે બુઢાપો ઊગ્યો. જુવાનીમાંથી સાવ વૃદ્ધ બની ગયા. એ વેશમાં આપણા દ્વાર પર આવ્યા ને ભિક્ષા લીધી. વળી નીકળીને કાણેરાવ બન્યા, ને છેલ્લે બાળમુનિ બન્યા. હું એ રૂપધરની ભાવપરિવર્તન ને વેશવિન્યાસકળા પર આફરીન પોકારી ઊઠયો. તમારા બધાની ચાલાક ને અનુભવી આંખોમાં ધૂળ નાખનાર એ અજબ રૂપધરને મારાં અનેકશઃ અભિનંદન છે.' વિશ્વકર્માએ વાત પૂરી કરી.

'નટશ્રેષ્ઠ ! અમને તો તમારા વિદ્યાવારસાને યોગ્ય પાત્ર આ મુનિ જ લાગે છે.' સહુએ કહ્યું.

'નસીબદાર છો. ઘર બેઠાં ગંગા આવી !' બીજાએ કહ્યું.

'પણ મુનિ તો રમતારામ ! એ એક જગ્યાએ બંધનમાં રહેવું કેમ પસંદ કરે ? એમને તો આપણા જેવા અનેક મળે.' વેણુ વચ્ચે બોલી ઊઠી. એના શબ્દોના અનેક અર્થ થાય તેમ હતા. અર્થની ચર્ચા માટે બેચાર ઉમેદવાર જુવાનિયા તૈયાર થયા, પણ વિશ્વકર્માને ફરી ઊંડા વિચારમાં ઊતરી ગયેલો જોઈ સૌએ મૌન શ્રેયસ્કર ગણ્યું.

મોડે સુધી જમણ ચાલ્યું. સહુને વિદાય આપી વિશ્વકર્મા પોતાના ખંડમાં આવ્યો. આજ્ઞાંકિત પુત્રીઓ શ્રમિત પિતા માટે મદ્યનો પ્યાલો લઈને આવી. વિશ્વકર્મા હજી વિચારમગ્ન જ હતો. એમણે મદ્યનો પ્યાલો હાથમાં

લઈ બારીમાંથી રસ્તા પર ઢોળી દીધો. પુત્રીઓને ખૂબ આશ્ચર્ય થયું, પણ એ કંઈ ન બોલી. થોડી વારે પિતા બોલ્યો :

'પુત્રીઓ! હવે બાજી તમારા હાથમાં છે.'

'કઈ બાજી?

'પેલા અજબ રૂપધર મુનિને મનાવવાની. અજબ સોદો કરવાની તમન્ના જાગી છે. બે દીકરી આપી, એક દીકરો લેવો છે.'

'પણ પિતાજી ! એ કેમ બને? જુવાન તો અમને પણ મનભાવ્યો છે.' પુત્રીઓએ પિતાના વાક્યનો ભાવાર્થ સમજી એમાં રહેલી મુશ્કેલી વિષે પિતા પાસે સ્પષ્ટતા કરી.

'એનો રસ્તો બતાવું. મેં દુનિયા જોઈ છે. સારા માણસમાં પણ કોઈ નબળી કડી હોય છે. બસ, તાકીને ત્યાં ઘા કરવો. આ મુનિ ભલે મુનિ હોય, પણ જીભનો લાલચુ છે. ચાર ચાર વખત લાડવા લેવા માટે વેશ બદલનાર એ સ્વાદનો ગુલામ છે. જીભની લાલચ એને આપણો વશવર્તી બનાવશે.'

'વધુ સ્પષ્ટતાથી કહો, પિતાજી !'

'જાણતી નથી, કે જીભનું લાલચી માછલું સાત સાગરને તળિયેથી પણ માછીમારની જાળમાં ઝડપાઈ આવે છે, તો આ તો ધરતીનું માછલું છે! સ્ત્રીની મદદમાં કામદેવનો વિશાળ બાગ છે. આ બિનઅનુભવી કેટલી વાર ટક્કર ઝીલશે? માયા પાસે મુનિવર ન ચળે તો એ માયા કેવી !'

'વારુ પિતાજી, અમે અલ્પમાં બહુ સમજી ગયાં. નિશ્ચિંત રહેજો, માછલું જાળમાં સમજો!'

એ રાત વિશ્વકર્માએ અને વેણુ-રેણુએ અજબ સ્વપ્નોમાં પસાર કરી.

એક નાચીજ મુનિની સામે મારની સેનાઓ મેદાને પડી. એક સુંદર સ્ત્રીના ભાથામાં પુરુષને વીંધવા માટેનાં જેટલાં તીર હોય તેટલાંનો ઉપયોગ વિચારાયો. દુનિયાના અનુભવી વિશ્વકર્માનો અનુભવબોલ સાચો પડ્યો. બીજે દિવસે એ જ સમયે, એ જ વખતે વગર બોલાવ્યા મુનિ આવીને ઊભા રહ્યા. વેણુ અને રેણુએ પાંચ પકવાન્ન મુનિના પાત્રમાં નાખ્યાં. એમાં વાજીકરણના મસાલા હતા. જે મુનિ રોજ સંસારની વિરૂપતા પર વિચાર કરતા, એ આજે વસાણાવાળા મોદક જમીને એની સુરૂપતાનો ખ્યાલ કરતા થયા.

એ પછી ભિક્ષા માટે વિશ્વકર્માને ત્યાં જવાનો નિત્યક્રમ થઈ પડ્યો. મુનિને તનની ક્ષુધા સાથે મનની ક્ષુધા પણ ધીરે ધીરે જાગી. એમને એકને બદલે બેનો–તન સાથે મનનો પણ–ચારો શોધવો પડતો.

અહીં વેણુ ને રેણુ પણ ઠંડી તાકાતથી કામ લેતી હતી. રોજ અંગ–પ્રત્યંગની નવી સજાવટ! નવા ફૂલગજરા! નવા હાર–શણગાર. પાત્રમાં ભિક્ષા નાખતાં માથા પરથી સાળુ જ સરી જાય. નમન કરતાં અંગપ્રત્યંગ પર નવી જ દુનિયા પ્રગટે! એક સામાન્ય કિલ્લા પર ચારે તરફથી ધૂંવાદાર તીરવર્ષા! ભયંકર તીરવર્ષા!

મુનિની નજરમાં પણ એક મીઠી પ્યાસ જન્મી હતી.

પણ જે સૌંદર્યઝરણના પાનથી તેઓ પ્યાસ બૂઝવવા માગતા હતા, એ પાનથી તો એ તૃષા દિનપ્રતિદિન વૃદ્ધિ પામવા લાગી. ઘણા દહાડા આ મૂંગું નાટક ચાલ્યું.

આખરે સ્ત્રીએ પહેલ કરી. મુનિને કહ્યું : 'આપ જે દિવસે પહેલવહેલા અમારે ત્યાં ચાર રૂપ કરી ચાર વાર ભિક્ષા લઈ ગયા...' વેણુએ નેત્રોથી મુનિને વીંધતાં વાક્ય અધૂરું મૂક્યું.

'ચાર રૂપ...મેં કર્યાં...?' મુનિ ઝંખવાણા પડી ગયા. શરમાઈને પાછા ફરવાની ઇચ્છા કરી રહ્યા, પણ આખરે હિંમત કરી બોલ્યા : 'સુંદરીઓ! સાચું કહ્યું તમે! એક લાડુ લીધા પછી વિચાર આવ્યો કે એ તો ગુરુજીને આપવો પડશે, પછી મારે ભાગ શું આવશે? એટલે બીજો લેવાની તરકીબ કરી. પછી સૂઝ્યું કે બીજો તો ઉપાધ્યાય મહારાજને આપવો પડશે, તો પછી મારે ભાગ શું આવશે? ત્રીજો પણ લીધો, તો એમ થયું કે અન્ય ગુરુભાઈઓને ત્રીજો આપવો પડશે! એટલે ચોથો લીધો. સુંદરીઓ! એ માટે મને ક્ષમા કરશો ને?'

વેણુ ને રેણુ તો મુનિની નિર્દોષ જુવાની પર વારી ગઈ. મુનિએ વધારામાં પ્રશ્ન કર્યો : 'તમારા પિતાએ તો મને જોયો નથી ને? અરે! તેઓ મારા વિષે શું ધારશે? તમે શું ધારશો?'

વેણુ આગળ વધીને ધીરેથી બોલી : 'મુનિરાજ! અમને તો તમારી આજ્ઞાંકિત દાસીઓ સમજો. પિતાજીએ જ તમને વેશપરિવર્તન કરતા નિહાળ્યા હતા; અને તેઓએ જ કહ્યું કે આ મુનિ અજબ રૂપધર છે. એવા રૂપધરના તો આપણે ચરણ ચૂમવા જોઈએ. જો તેઓ થોડીએક વિદ્યા મારી પાસેથી હાંસલ કરે, તો સંસારમાં નામના કાઢે!'

'મને તો તમે છાપરે ચડાવ્યો. ચોરને તો દંડ જોઈએ. મેં તમારે ઘેર એક વાર ભિક્ષા લીધી, ત્રણ વાર ચોરી કરી!' મુનિ લઘુતા અનુભવી રહ્યા.

'વૃંદાવનવિહારી શ્રીકૃષ્ણ પણ ચોર જ હતા.' મેડી પરથી ઊતરતા વિશ્વકર્માએ કહ્યું: 'એ ચોરને જ મારી તમામ કળા અને ગોપિકાઓ જેવી આ વેણુ-રેણુ હું અર્પણ કરવા ઇચ્છું છું.'

'શું આપ મને સ્વીકારશો?' મુનિ ભાન ભૂલી ગયા, વેશ ભૂલી ગયા.

'અવશ્ય! અને એક દહાડો તમારું નામ સંસારમાં વિખ્યાત કરી દઈશ.' વિશ્વકર્માની છાતી ગજગજ ઊછળતી હતી: 'તમે તો મારા દેવના દીધેલ છો!'

'અંદર પધારો ને પેલું આસન ગ્રહણ કરો! અમને તમારી ચરણસેવિકાઓ સમજજો.' વેણુ ને રેણુએ વિનંતિ કરી. કામને રતિનું નિમંત્રણ હતું.

'હજુ થોડી વાર છે. આવીશ, જરૂર આવીશ. અંતર બાવરું બની ગયું છે; પણ હજી મારા પૂજ્ય ગુરુદેવ પાસેથી અનુમતિ મેળવવી બાકી છે. એ પવિત્ર આત્મા મારા પર અપૂર્વ વિશ્વાસ ધરાવે છે. આ મુનિવેશ પણ એમને પરત કરતો આવું! મારે કારણે પવિત્ર વેશ અપ-વિત્ર થવો ન જોઈએ.' મુનિના શબ્દોમાં નિખાલસતા હતી. એ એટલું બોલી ચાલી નીકળ્યા.

'પિતાજી! એમને કેમ જવા દીધા? હવે એમને ગુરુ પાછા આવવા દેશે ખરા! એ આવશે ખરા? માછીની

જાળમાંથી માછલું સરી તો નથી ગયું ને ?' રેણુએ કૃત્રિમ રોષ કરતાં કહ્યું.

'અવશ્ય આવશે. દીવા પર આવતા પતંગિયાને કોઈ રોકી શક્યું નથી! પણ પુત્રીઓ! એટલી વાત લક્ષમાં રાખજો કે આ બત્રીસલક્ષણો પુરુષ ભદ્ર સ્વભાવનો ને ઉત્તમ પ્રકૃતિનો છે. અજબ રજ-વીર્યનો એ અંશ છે. તમારું અવિવેકી વર્તન જોશે, તો ઘડીભર અહીં ઊભો નહિ રહે. મેં તો એનો મનમાં વિચાર કર્યો કે એ દિવસથી જ મદ્ય છાંડ્યો. તમે પણ ભૂલેચૂકે એ મદ્ય શયતાનને હવે ન સ્પર્શતી!'

પિતા પુત્રીઓને હજી ઉપદેશ આપતો હતો, ત્યાં તો મુનિ આવતા દેખાયા. આવ્યા, વસ્યા ને આત્મીય બની રહ્યા. જોતજોતામાં તો એ સ્વજન બની ગયા. વિશ્વકર્માએ બીજા દિવસથી મુનિની કેળવણી શરૂ કરી. માણસ પોતાનું પ્રતિબિંબ જેટલી ઝડપથી અરીસામાં પાડે, એટલી ઝડપથી એણે બધી વિદ્યાઓ મુનિમાં પ્રતિબિંબિત કરી. ભાવ, વેશ, ગીતિ, નાટ્યમાં એ અજોડ બની રહ્યા. વિશ્વકર્માના ભગ્ન હૈયામાં નવો રંગરંગીન છોડ લહેરાઈ રહ્યો. વારસદારની ઝંખના મોડે મોડે પણ સાકાર થતી લાગી. એક દહાડો વિધિપૂર્વક વેણુ ને રેણુનું પાણિગ્રહણ કરી આપ્યું.

પહેલી રાતે વેણુએ નામ પૂછ્યું : 'આપનું નામ?'

'અસાડાભૂતિ!' એમણે કહ્યું. આ પછી કુળ, માતા-પિતા કે કુટુંબકબીલા વિષે કોઈ પૃચ્છા ન થઈ!

સુખદ કાળની ગતિ ઘણી તીવ્ર હોય છે. જોતજોતામાં અસાડાભૂતિની નટ તરીકેની ખ્યાતિ મગધના સીમાડા

વીંધી, દેશદેશના સીમાડા સર કરતી, ભારતવર્ષમાં પ્રસરી ચૂકી. નટરાજ વિશ્વકર્માનો શિષ્ય ગુરુથી સવાયો નીકળ્યો હતો. મગધના દરબારમાં એનું મંત્રીઓ સાથે સિંહાસન મુકાયું.

મગધપતિના દરબારમાં પણ હવે નાટ્ય, ગીતિ ને અભિનયની ભરતી આવી. રાજાજી ગમે તેવું નાટક રજૂ કરતા, ને નટરાજ અસાડાભૂતિ અજબ રીતે ભજવી બતાવતા. આ નાટકો નીરખવા ભારતવર્ષના અન્ય રાજવીઓ નિમંત્રણની રાહ જોતા. એક વાર રાજવીસભામાં વિવાદ થયો. અનેક જણાએ હાથ પછાડી પછાડીને કહ્યું: 'બધાં નાટક ભજવી શકાય, પણ 'अर्थनिर्मेहल' નામનું નાટક ભજનારો હવે જન્મશે ત્યારે. આજે તો સાપ ગયા ને લિસોટા રહ્યા.'

મગધપતિને આ વાત ખટકી. પોતાની સભાનું અપમાન લાગ્યું. એમણે નાટક ભજવવાનું બીડું ઝડપી લીધું. અસાડાભૂતિને એ કામ સોંપાઈ ગયું. રાત અને દિવસ સહુ એમાં તન્મય થઇ ગયાં. વયોવૃદ્ધ વિશ્વકર્મા પણ એમાં તલ્લીન થઈ ગયો. અસાડાભૂતિ કોનું નામ! એમણે ખાનગીમાં રાજાજી અને નટપરિષદ પાસે એ નાટક ભજવી બતાવ્યું. બધા મોંમાં આંગળાં નાખી ગયા. અદ્‌ભુત! બીજે દિવસે ડંકા–નિશાન સાથે પ્રસિદ્ધ કરવામાં આવ્યું કે નટશિરોમણિ અસાડાભૂતિ આજે રાત્રે 'अर्थनिर्मेहल' નામનું નાટક ભજવી બતાવશે.

સમીસાંજથી નટઘરમાં ભીડ વધી પડી. આખરે રાજકીય મહેમાનો ને નિમંત્રિત ગૃહસ્થો સિવાય બીજાને

પાછા વાળવા પડ્યા. નટસમૂહમાં પણ અભિનયકારો અને વિશ્વકર્મા સિવાય બીજાંને રજા આપવામાં આવી. વેણુ ને રેણુને પણ ઘેર જવું પડ્યું.

આખી રાત નાટક ચાલવાનું હતું. વેણુ ને રેણુ કંઇક શ્રમિત હતી. ઘેર આવતાંની સાથે એક ગુપ્ત ભંડારિયા પર એમની નજર ગઈ ! એમાં શરાબના શીશા પડ્યા હતા. એક વેણુએ લીધો. એક રેણુએ લીધો.

'આજની રાત આપણી છે.'

'કરો લહેર !' ને બંને બહેનો દિવસો પછી મળેલી તકના આસ્વાદમાં પડી ગઈ. થોડોએક અંશ પેટમાં ગયો એટલે એ માણસ મટી શરાબી બની ગઈ. શરાબી સીમામાં માનતો નથી. સીમાહીન શરાબી શેતાનની સ્વછંદતામાં માને છે. વેણુ ને રેણુ ખૂબ નાચી, ખૂબ હસી. હસવા-નાચવામાં કપડાં ક્યાંય સરી ગયાં ! ધીરે ધીરે એ બેહોશ બની ભૂમિ પર ઢળી પડી. ખૂબ દારૂ પીવાથી ઊબકા અને ઊલટીઓ શરૂ થઈ. ઓકતી ઓકતી એ વમનમાં આળો-ટવા લાગી.

આ તરફ નાટકના પ્રારંભમાં પળવિપળનો વિલંબ હતો. ત્યાં પરદેશનો એક દૂત હાંફળો-હાંફળો આવી ઊભો. એના પહાડી અશ્વના મોંમાંથી ફીણના ગોટેગોટા ઊડતા હતો યુદ્ધના મેદાનમાં દુશ્મનોના ઘોડા હમચી ખૂંદતા હતા. પળવારમાં વાતાવરણ પલટાઈ ગયું. આમંત્રિત્ત રાજાઓને તરતોતરત ઊપડવાની જરૂર હતી. રાજાજી પણ ઊઠીને મંત્રણાગૃહમાં ચાલ્યા ગયા. નાટક નાટકને ઠેકાણે રહ્યું.

રાજાજીનો થોડીવારે સંદેશો મળ્યો : 'હાલમાં નાટકનો સમય નથી !' બધા ધીરે ધીરે વીખરાવા લાગ્યા. નટશિરોમણિ અસાડાભૂતિ વિશ્વકર્માને બધું સમેટવાનું સોંપી ઘર તરફ રવાના થયા. અસાડની રાત્રિ હતી. વાદળ ધીરાં ધીરાં ગર્જતાં હતાં. હવા શીતળ હતી. મીઠી મનહર ઋતુ હતી. અસાડાભૂતિને પળનો પણ વિલંબ અસહ્ય હતો. એ સીધા ઘરના દ્વારમાંથી પોતાના શયનખંડમાં આવીને ઊભા રહ્યા. પણ ધમધમતા આ અગ્નિ પર કોણે પાણી છાંટયું !

અસાડાભૂતિ એક પળ જડ બનીને ઊભા રહ્યા. એમને લાગ્યું કે પોતે સ્વપ્ન તો જોતા નથી ! આંખ ચોળીને જોયું. અરે, એ જ જુગુપ્સાપ્રેરક દૃશ્ય ! એક વાર જોઈ ન શકાયું, માટે મોં ફેરવી લીધું. અરે ! જે અંગોપાંગ પર હું દીવાનો બન્યો હતો એની આ દશા ! જો, ઓ વિષયી કૂતરા ! જા, આગે બઢ અને એ અંગોને સ્પર્શ કર, જે સ્પર્શ ખાતર તેં તારો સંસાર ખારો કર્યો. ગુરુએ નહોતું કહ્યું કે સુંવાળી ભૂમિ જ લપસણી હોય છે ! ચાલવા માટે તો ભલે કષ્ટ પડે, પણ કઠોર ભૂમિ સારી !

અસાડાભૂતિનો મોહી આત્મા જાગી ગયો. એની આંખો તેઘૃણિત દૃશ્ય જોવા ના પાડતી હતી, પણ એના આત્માએ બળજબરી કરીને આ દૃશ્ય જોવા ફરજ પાડી ! નાક દુર્ગંધથી તોબા પોકારતું હતું, છતાં જોર-જુલમથી એને પોતાનો શોખ પૂરો કરવા જબરદસ્તી કરી ! આમ પાંચે ઇંદ્રિયને તૃપ્ત કરી એ નીકળ્યા ! રખેને એકે ઇંદ્રિયને આ જુગુપ્સાનો ફરી પ્રેમ ન થાય !

પાછા વળતાં દ્વારમાં જ વિશ્વકર્મા મળ્યા. અસાડાભૂતિએ કહ્યું : 'પિતાજી, પ્રણામ ! જાઉં છું.'

'ક્યાં ?'

'મારી જમાતમાં ! છાણનો કીડો છાણથી ધરાઈ ગયો.' અસાડાભૂતિ પરિધાન કરેલો પોશાક કાઢી નાખવા પાસેના ખંડમાં ગયા. નવી પરિસ્થિતિને સમજવા વિશ્વકર્મા પુત્રીઓ પાસે પહોંચ્યો, પણ ત્યાં એણે જે દૃશ્ય જોયું એથી વગર કહ્યે વાત સમજી ગયો. એણે પુત્રીઓને હોશમાં આણી દાંત કચકચાવતાં કહ્યું : 'ભમરો તો ઊડયો. ગમે તેમ કરીને સમજાવી લો.'

વેણુ ને રેણુ તરત સાવધ થઈ ગઈ. આ ભૂલ કરવા કરતાં મરવું સારું હતું. વેણુએ કહ્યું : 'પિતાજી ! અમે બેશુદ્ધ હતી, ત્યારે અમારી ગળચી કાં ન દાબી દીધી ! અરેરે ! હવે જીવવું કેવું દુષ્કર થશે !'

અસાડાભૂતિ વેશપરિધાન કરી વિદાય માટે તૈયાર હતા, ત્યાં બંને સુંદરીઓ પહોંચી. પગમાં પડીને ધ્રુસકે ધ્રુસકે રોવા લાગી. સુંદર સ્ત્રીના વિલાપમાં ભલભલા વજ્ર હૃદયના પુરુષને પિગળાવનારી ઉષ્મા હોય છે.

'હે દેવ ! અમને માફ કરો. અમે આપના ઉત્તમ જીવનને ન ઓળખ્યું.'

'માફ કર્યું. જે માણસ મુનિ થવા માગતો હોય એણે સહુને માફ કર્યે જ છૂટકો. અવેર એ મારો ધર્મ છે.' અસાડાભૂતિએ કહ્યું.

'મુનિ ન બનો, અમને ફરી સ્વીકારો.'

'અસંભવ! પશ્ચિમમાં સૂર્યોદય જેટલું અસંભવ!'

'પિતાજી વૃદ્ધ થયા છે. તમે જશો એટલે એમનું હૃદય ભાંગી જશે. પછી અમારો આધાર કોણ? અમારું ભરણપોષણ! અસાડાભૂતિ સિવાય અન્ય ભાઈ–બાપ છે અમારે! અરેરે! વાડ વગરની વેલીની શી દશા થશે!'

સુંદરીઓના શબ્દોમાં વાસ્તવિકતાનો પડઘો હતો. નિરાધાર સુંદરીઓના શીલ પર સદા ભય ઝઝૂમતો જ હોય છે. પોતાની શીલરક્ષા ખાતર અન્યનું શીલ–વેચાણ તો સદ્ધર્મ ન જ કહેવાય! મુનિએ કહ્યું: 'સુંદરીઓ! ગુનેગાર હું પણ છું. જવાબદારી મારી પણ છે. જાઓ અને જાહેર કરો કે મારું રચેલું 'રાષ્ટ્રપાળ' નામનું નાટક હું ભજવીશ. એ ભજવીને એક ભવ ચાલે તેટલું દ્રવ્ય તમને આપતો જઈશ.'

વિશ્વકર્માએ આવીને સમજાવ્યા: 'હવે ગુરુ તમને નહિ સંઘરે. મુનિ થઈને અહીં જ રહો. અહીંજ મનનો સંયમ સાધો.'

'મારા ગુરુ ઉદારચિત્ત છે. એ કહે છે, કે સવારનો ભૂલેલો સાંજે ઘેર આવે તો હું એને ભૂલેલો નહિ સમજું. તમે મને રોકવા નિરર્થક પ્રયત્ન ન કરો. રાજાજીને ખબર કરો!'

ઊગતી પ્રભાતે તો આખા નગરમાં નવા નાટકના વર્તમાન પ્રસરી ગયા. રાજાજીએ નિવેદન કરતાં તેમને કહ્યું: 'સાધનસામગ્રી જોઈએ તે મંગાવજો.'

અસાડાભૂતિએ કહેવડાવ્યું: 'અલંકારોથી શોભતા પાંચસો રાજપુત્રો મદદમાં જોઇશે. એ મોકલો.'

યોગ્ય સમયે નાટક શરૂ થયું. ભગવાન ઋષભદેવના પુત્ર ચક્રવર્તી ભરતદેવનું એ નાટક હતું. છ ખંડના વિજેતા ભરત ચક્રવર્તી રંગભૂમિના તખ્તા પર સંસાર-વિજય સાધતા દેખાયા. એમને પગલે પૃથ્વી પર પ્રલય આવ્યો. દિશાઓ ત્રાહિ–તોબા પોકારી ગઈ. સંસાર આખો શરણમાં આવીને પડ્યો. રિદ્ધિસિદ્ધિનો પાર ન રહ્યો.

વિજયદેવતા ભરતના પાત્રમાં અસાડાભૂતિએ અજબ કળા દાખવી. નાટક આગળ વધ્યું. જીવનમાં તો ઘણી-વાર દેખીતા જયમાં પરાજય સાંપડે છે; ને પરાજયમાં પણ વિજય છુપાયેલો હોય છે. આવા છ ખંડના ચક્રવર્તી રાજાને પોતાના નાના ભાઈ બાહુબલી સાથે યુદ્ધ થયું. રાજકારણમાં કોણ સગું, કોણ સાગવું ! એક બાપના બે બેટા એકબીજાનો જીવ લેવા મેદાને પડ્યા. એમાં ચક્રવર્તી હાર્યા. નાનો ભાઈ જીત્યો. જીતીને નાના ભાઈને મોટા ભાઈને હરાવવાની શરમ આવી. ધિક્ જીવન ! નાનો ભાઈ સંસાર તજી ગયો. સંન્યાસી બની ગયો.

અને એથી મોટાભાઇનો સંસાર ખારો થઈ ગયો. આટઆટલી સંપત્તિ, સ્ત્રીઓ, ધન, વૈભવ, છતાં શાંતિ અદૃશ્ય થઈ ગઈ. એક દહાડો અરીસાભવનમાં બેઠા હતા. જોયું તો માથામાં ધોળા વાળ. ચક્રવર્તીને વિચાર આવ્યો, કે રે ! સંસાર આખો જીતી વળ્યો, શત્રુઓનું જડમૂળ કાઢી નાખ્યું, પણ મારા દેહમાં રહેલા આ જરા સરખી જરા (વૃદ્ધાવસ્થા) ન હટાવી શક્યો ! એ તો દિનપ્રતિદિન સબળ જ બનતી ચાલી છે ! આ યૌવનનો અર્થ શો ? જીવનનો અર્થ શો ?

સાપ કાંચળી તજે એમ ચક્રવર્તી ભરતદેવ બધું તજી, યોગી બની ચાલી નીકળ્યા !

નાટક સમાપ્ત થયું. પણ એની અસરમાંથી કોઈ મુક્ત ન થયું. ત્યાં તો વળી નવી ઘટના બની ! અસાઢાભૂતિએ એ જ વેશમાં ત્યાંથી જ સહુની વિદાય લીધી. અરે, આ તો નાટકમાંય નાટક !

એમને કોઈ સમજાવે ત્યાં પાંચસો રાજપુત્રો, જેઓ તેમની સાથે કામ કરી રહ્યા હતા, તેઓએ કહ્યું : 'અમો પણ સંન્યાસ-દીક્ષા સ્વીકારીશું ! સંસારમાં કંઈ સાર દેખાતો નથી. વ્યર્થ છે આ રક્તપાત, વ્યર્થ છે આ રાજપાટ !'

રાજાજીએ વિશ્વકર્માને પૂછયું : 'આ નટ-નટવીના રજ-વીર્યનો અંશ ન હોય. એનો આત્મા તો પારકાને જતિ બનાવનારો હોય છે. નક્કી કોઈ દિવ્ય અંશ છે.'

'સાચું છે. સ્વામી ! એ અમારાં રજ-વીર્યનો અંશ નથી. એ આત્મા અનોખો છે.'

લોકો તો વાતો કરતા રહ્યા ને પાંચસો એક જણ જોગીવેશે ચાલી નીકળ્યા !

નાટકમાંના નાટકે લોકોની ઇંતેજારી ખૂબ વધારી નાખી. આ વખતે વયોવૃદ્ધ વિશ્વકર્મા આગળ આવ્યો. એણે પોતે નાટક ભજવવાની જાહેરાત કરી.

વૃદ્ધ કળાકારે અજબ રીતે જુવાનનો વેશ લીધો. એણે બીજા પાંચસો ક્ષત્રિય રાજપુત્રોના સાથથી નાટક ભજવી બતાવ્યું. નાટકમાં વૈરાગ્ય રસ એવો હતો, કે

ખુદ વિશ્વકર્મા ને પાંચસો ક્ષત્રિયનાં દિલ પીગળી ગયાં. તેઓએ સંન્યાસ સ્વીકારી લીધો.

સંન્યાસ લેતાં વિશ્વકર્માએ કહ્યું : 'રાજાજી ! અસાઢા-ભૂતિની જેમ હું પણ આજકાલનાં નટ-નટીની ઓલાદ નથી. મારું રજ-વીર્ય ક્ષત્રિયનું છે.'

આ વખતે રાજાજીએ બૂમ મારી : 'અરે ! એ નાટકને મારી પાસે લાવો. આમ જો એ નાટક ભજવાશે ને ક્ષત્રિયો સંન્યાસ લેશે, તો રાષ્ટ્રની વિપદવેળાએ શસ્ત્ર ગ્રહીને રાષ્ટ્રની રક્ષા કરવા કોણ જશે ? જલાવી દો એ નાટકને ! ખબરદાર કોઈએ ફરી આ નાટક ભજવ્યું તો !'

નાટકના તખ્તા પર નાટ્યપુસ્તક અગ્નિને અર્પણ થયું. અલંકારો બધા વેણુ ને રેણુને અર્પણ થયા.

ચક્રવર્તી રાજાની જેમ વેણુ અને રેણુને પણ ઘણું ઘણું લીધા પછી લીધા ન-લીધા જેવું થયું હતું.

•

# રત્નચૂડ

## 4

રત્નચૂડ છેલછબીલો જુવાનીઓ હતો. એક તો ઘાટીલી કાયા, એમાં જુવાનીએ કળા કરવા માંડી : પછી પૂછવું શું ? મૂછોનો વળ જુઓ તો એનો ! વાળના કાનસીઆ (કટ) જુઓ તો એના ! માથાની રંગબેરંગી પાઘડી જુઓ તો એની ! અંગરખું જુઓ તો રેશમનું ! ધોતિયું જુઓ તો હીરકોરનું ! મોજડી જુઓ તો કસબ ભરેલી! માથાનાં ઝુલફાંમાંથી તેલ ચૂએ, કાનમાં અત્તરનાં પૂમડાં મહેકે. આંખમાં કાજળ ઊભરાય. મોંમાં આઠે પહોર તાંબુલનો રંગ હોય !

રત્નચૂડ લખ્ખોપતિ બાપનો દીકરો હતો. વળી સાત ખોટનો હતો. સોના ગેડી ને રૂપાના દડે રમતો ઊછર્યો હતો. પૈસો, જુવાની, શેઠાઈ ને ઉપરથી મસ્તી–ચારે ચાર આવી મળ્યાં હતાં. પછી ફાંકો કેમ ન રાખે ભલા ! એના પગ પૃથ્વી પર છબતા નહોતા. મદમાં આંખો આડે ગઈ

હતી. એ ભરી બજારે મૂછો આમળતો જાય, પાનની પિચકારીઓ મારતો જાય ને ખોંખારા ખાતો જાય! લખ્ખોપતિ શેઠના દીકરાને ટોકે પણ કોણ?

એકવાર બનવા જોગ છે. ગામના શેઠની એક દીકરી છે. સૌભાગ્યસુંદરી નામ છે. વિધાતાએ રૂપ ને ગુણ બન્ને આપ્યાં છે. એ સામેથી પાણી ભરીને ચાલી આવે છે. રત્નચૂડ સામે રસ્તેથી આવે છે. એની આંખો ચારે તરફ ચકળવકળ ફરે છે. એનું ધ્યાન બીજે છે. ભૂલભૂલમાં સૌભાગ્યસુંદરી સાથે અથડાઈ ગયો. ભરેલું પાણીનું બેડું છલકાઈ ગયું. સૌભાગ્યસુંદરીનાં ચીર ભીંજાઇ ગયાં.

રત્નચૂડ તો આ બનાવથી છોભીલો પડવાને બદલે પાઘડીને જરા ટેડી કરી, મસ્તીમાં આવી, ગાવા લાગ્યો :

'મલકાતી આવે નાર!

'છલકાતું આવે બેડલું !'

સૌભાગ્યસુંદરી ચીડે બળી ને બોલી : 'જુવાનીઆ ! તારી આંખો સીધી રાખ! તારી આંખોના ઘાની મારી મરી જાઉં એવી જાઈ જૂઈના ફૂલ જેવી હું નથી! જુવાનીમાં તારી આંખો આડે ગઈ લાગે છે! ખાવી બાપ-કમાઈ ને કરવા તાગડધિન્ના! એક તો સાંઢ ને વળી ચોમાસું ચર્યો!'

આ શબ્દો નહોતા, ચાબુકના ઘા હતા. રત્નચૂડ તો છોભીલો જ પડી ગયો. એ કંઈક જવાબ આપે, ત્યાં તો સૌભાગ્ય સુંદરી મોં મચકોડતી, માથે બેડલાને નચવતી દૂર દૂર નીકળી ગઈ. સાંજનો સૂરજ એ બેડાં પર ને એ બેડાંવાળી અલબેલી નાર પર સુવર્ણના રંગ બિછાવતો હતો.

રત્નચૂડ મૂઢ જેવો એને અદૃશ્ય થતી જોઈ રહ્યો. થોડી વારે જાણે એને કળ વળી. રત્નચૂડે આજુબાજુમાં એના વિષે પૂછપરછ કરી. એનું નામ, ઠામ ને ઠેકાણું પૂછી લીધું. કુળ, ગોત્ર ને માબાપ જાણી લીધાં. પછી મિત્ર-દોસ્તોમાં એના વિષે વાતચીત કરી. સરખેસરખા મિત્રોએ મળીને નક્કી કર્યું કે એ ત્રણ ટકાની છોકરીનું ગુમાન ઉતારવું.

રત્નચૂડ માનતો હતો કે સ્ત્રીને વશ કરવી એટલે માત્ર બશેર પાંચ શેર સોનાનો સવાલ છે! માયા દેખી મુનિવર ચળે તો સોનું દેખી સ્ત્રી ચળે જ ને!

ઘેર જઈને એણે મા પાસે હઠ લીધી: 'મા! મા! પરણું તો સૌભાગ્યસુંદરીને!'

મા કહે: 'પણ પારકી દીકરી એમ કઇ રીતે ઉપાડી લવાય! આપણે શાહુકાર છીએ. ક્ષત્રિય નથી, તે હરણ થાય. એનાં માબાપને પૂછવું જોઈએ ને!'

રત્નચૂડ કહે: 'મા! પરણું તો એને–સૌભાગ્યસુંદરીને!'

માએ પોતાના પતિને કહ્યું. પતિએ સૌભાગ્યસુંદરીના બાપ પાસે માગું મૂકયું. બાપ કહે: 'ભલા, તમારા જેવો વેવાઈ દીવો કરીને શોધવા જતાં કયાં મળવાનો છે? મારી દીકરી પણ શાણી છે, ને રત્નચૂડમાં પણ શું કહેવાપણું છે? પણ ચામડીનો રંગ જોઈ મોહેલા, ઘડી ઘડી રંગ બદલતા કાચીંડા જેવાં આજનાં જુવાનિયાંને જાણો છો ને! રત્નચૂડ અને સૌભાગ્યસુંદરી મળે, મળીને નક્કી કરે. પછી આપણે કંકુમાં પાણી ભેળવીએ!'

રત્નચૂડ તો મળવા માટે તૈયાર હતો. એની તો મનની મનમાં રહી ગઈ હતી. એના દિલમાં એમ હતું કે બીજું તો ઠીક, પણ રૂબરૂ મળશું તો બે ચાર ચોપડાવશું તો ખરા ને !

બીજે દિવસે બંને રૂબરૂ મળ્યાં. મળતાંની સાથે સૌભાગ્યસુંદરી કહે : 'મસ્ત જુવાન! મને તું બધી વાતે ગમે છે, પણ એક વાતે ગમતો નથી !'

રત્નચૂડ કહે : 'કઈ વાતે હું નથી ગમતો ?'

સૌભાગ્યસુંદરી કહે : 'તું ટાઢી ને વાસી રસોઈનો જમનારો છે.'

રત્નચૂડ કહે : 'અરે ના રે ના ! તને કોણે કહ્યું ? હું તો રોજ ગરમાગરમ રસોઈ ખાઉં છું. ખોટું કહેતો હોઉં તો પૂછી જો મારી બાને !'

સૌભાગ્યસુંદરી રત્નચૂડને અડધેથી બોલતો અટકાવીને કહેવા લાગી : 'બરાબર છે. તમે જરૂર રસોઈ ગરમાગરમ ખાતા હશો, પણ તે ચૂલાની ગરમ કરેલી, તમારા બાપદાદાની પેદા કરેલી, તમે મહેનત કરીને પેદા કરેલી નહિ. જે જુવાન બાપની મિલકત ખાય છે, એ ટાઢી ને વાસી રસોઈ ખાય છે ! જે આપકમાઈ વાપરે છે, એનો સૂકો રોટલો પણ બત્રીસાં ભોજન જેવો છે ! આપબળની ગરમી અજબ હોય છે.'

રત્નચૂડ આ સુંદરીના ડહાપણ પર મુગ્ધ થઈ ગયો. એણે કહ્યું : 'તો એ માટે મારે શું કરવું જોઈએ ?'

સૌભાગ્યસુંદરી કહે : 'દેશ દેશાવરનો પ્રવાસ ખેડો ! તમારું પરાક્રમ ફોરવો. ક્ષત્રિય રણમેદાને પરખાય એમ

વેપારી વેપારે. ત્યાં સુધી હું તમારી રાહ જોઈશ. હું નબળી નાર નથી, કે ચામડીના રંગમાં કે મોઢાના ઘાટમાં લોભાઈ જાઉં. મને તો પરાક્રમી વર વરવો ગમે.'

રત્નચૂડને સૌભાગ્યસુંદરીની વાત મનમાં વસી ગઈ. એણે તો ઘેર આવીને પિતાને કહ્યું : 'હવે હું વેપાર માટે દેશાવર જવા માગું છું. મારા પરાક્રમથી લક્ષ્મી પેદા કરીશ અને પછી જ પરણીશ.'

પિતા ડાહ્યો હતો, દુનિયાદારી જોઈ હતી, એણે કહ્યું : 'બેટા! તું અમારે એકનો એક પુત્ર છે. અમારી આંખ આગળ રહે, એ અમને જરૂર ગમે, પણ કહેવતમાં કહ્યું છે કે ડાહ્યો દીકરો દેશાવર ભલો? પુત્ર! દેશદેશાવર ફરવાથી માણસની રતી પરખાઈ જાય છે.'

થોડે દહાડે રત્નચૂડ દરિયાવાટે દેશાવર જવા નીકળી પડયો. એણે વેપાર માટે કીમતી કરિયાણાં સાથે લીધાં. રત્નચૂડના પિતાએ પ્રવાસથી સાવ અજાણ્યા પુત્રને છેલ્લે છેલ્લે શિખામણ આપી : 'બેટા! બધે જજે, પણ પશ્ચિમ તરફ જઈશ મા. કદાચ ત્યાં જાય, તો પણ એના બંદર પર ઊતરીશ મા!'

બાપની શિખામણ સાંભળી રત્નચૂડ સાગરની સફરે રવાના થયો.

તેજી ઘોડાને ચાબૂકની જરૂર હોતી નથી, એને ફક્ત ઈશારાનો ખપ હોય છે. રેઢિયાળ રત્નચૂડ આજે સાવ બદલાઈ ગયો હતો. એ કુશળ શાહ સોદાગર અને બાહોશ સાગરસફરી તરીકે પંકાઈ ગયો હતો.

એ તો બંદરે બંદરે ઘૂમે છે. પોતાનો માલ વેચે છે, ને નવો ખરીદે છે. વળી એ બીજા બંદરે પહોંચે છે. ત્યાં કસનો માલ વેચે છે, ને કસદાર નવો માલ મૂલવે છે. આમ ખૂબ દ્રવ્ય કમાય છે. હવે એ પાછા ઘેર જવાના મનસૂબા કરે છે! એને પોતાની રાહ જોતી સૌભાગ્યસુંદરી યાદ આવે છે.

કોઈના દિવસ એક સરખા જતા નથી. રાત પછી દિવસ હોય છે, ને દિવસ પછી રાત અવશ્ય હોય છે. એમ સુખ દુઃખનું પણ છે. દુઃખ પછી સુખ જરૂર આવે છે, ને સુખનું અનુસંગી દુઃખ છે. દુઃખ આવવાનું હોય ત્યારે ડાહ્યા માણસની બુદ્ધિ પણ એને અનુકૂલ થઈ જાય છે.

એક દહાડો રત્નચૂડને વિચાર થયો કે પૂર્વ, દક્ષિણ ને ઉત્તર તો દેખ્યાં, હવે માત્ર પશ્ચિમ બાકી છે. ફરી નીકળાયું કે ન નીકળાયું, માટે પશ્ચિમનો પ્રદેશ પણ જોઈ લેવો. કેટલીક બાબતોમાં ઘરડા ડાહ્યા હોય છે, તો કેટલીક વાતોમાં ઘરડા વહેમી હોય છે.

બસ, એણે વહાણોને પશ્ચિમ દિશામાં હાંકવાનો હુકમ કર્યો. વહાણ સડેડાટ ચાલ્યાં.

એક દહાડો દરિયામાં તોફાન જાગ્યું. વાવડો ઊપડયો. પહાડ જેવડાં મોજાં ઊછળવા લાગ્યાં. વહાણ હાલમડોલ થવા લાગ્યું. ડૂબ્યા કે ડૂબશું, એમ સહુને લાગ્યું.

વકરેલો સાંઢ ખીલો તોડીને નાસવા લાગે, એમ વહાણ સઢ ને સુકાનને ન ગાંઠતાં ભરદરિયે ચાલ્યાં. ચક્કર

ભમર ! ચક્કર ભમર ! બે દહાડા એમ ચાલ્યું. સહુને લાગ્યું કે જાણે ફરી માના પેટમાં ગર્ભાવાસે રહ્યા. બે દિવસે એક બેટ પાસે વહાણ આવી ભરાણાં. તોફાન શમ્યું. જમીન દેખાઈ. સહુને લાગ્યું કે નવો જન્મ થયો.

આ બેટ પર એક સુંદર શહેર આવેલું હતું. દેખાવે રળિયામણું હતું. ભપકાનો કોઈ પાર નહોતો. લોકો ઉજળિયાત હતા. બોલાવે-ચાલવે મીઠા હતા. વિવેક-વિનયનો તો પાર નહિ !

રત્નચૂડ પોતાનાં વહાણોને જોઈ-તપાસી બેટ પર આવ્યો. રસ્તો ભૂલ્યા હતા, પણ માલ ને જીવ બધું સલામત રહ્યું હતું. વળી પશ્ચિમ દિશામાં જ આવ્યાં હતાં. રત્નચૂડને પિતાના શબ્દો યાદ આવ્યા : કે પશ્ચિમમાં જા તો ભલે જા, પણ એના કોઈ બંદરે થોભીશ મા ! પણ દિવસોનો થાક હતો. વળી શહેર રળિયામણું હતું.

રત્નચૂડે વહાણ નાંગર્યાં. બની ઠનીને એ રાજા પાસે જવા નીકળ્યો. સાથે નજરાણું લીધું. શહેરમાં બધે ખબર પડી ગઈ હતી, કે કોઈ વ્યવહારીઆનાં વહાણ ઘસડાઈ આવ્યાં છે. એમાં લાખોનો માલ ભર્યો છે !

રત્નચૂડ ઊભી બજારે આગળ વધ્યો. શું સુંદર શહેર ને શું એની રળિયામણી બજારો ! વિશ્રામસ્થાનોનો પાર નહોતો, વિલાસભુવનનો તોટો નહોતો. આ જોતા જોતા એ આગળ વધ્યો ત્યાં તો ચાર વાણિયા સામે મળ્યા. રત્નચૂડને જોતાં જ એક વાણિયો આગળ આવ્યો, ને બીજા

ત્રણની સામે જોઈ બોલવા લાગ્યો : 'અરે ભાઈઓ ! જે ધર્મપ્રાણ, કર્મવીર, નરરત્ન શેઠની આપણે શોધ કરતા હતા, તે પોતે જ આ રહ્યા ! અરે! આજ તો સોનાનો સૂરજ ઊગ્યો. પધારો શ્રીમાન ! પધારો ધીમાન ! અમે તો આપની જ રાહ જોઈ રહ્યા હતા !'

વાણિયાના મોંમાંથી સાકર જેવા શબ્દો સાંભળી રત્નચૂડ આશ્ચર્યમાં પડી ગયો. અતિ ગળપણ હમેશાં ખરાબ હોય છે. ત્યાંતો બીજો વાણિયો આવીને વળગ્યો :

'શેઠ સાહેબ ! પધારો ! પધારો ! અમે આપની કીર્તિ ને આપની નામના ખૂબ સાંભળી હતી. આજ નજરે દર્શન કરી ધન્ય થયા ! ભાઈઓ ! ઊભા છો શું ! મારું મોં શું તાકી રહ્યા છો ? લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ને મોં ધોવા જવા જેવું ન કરશો ! જોજો, આપણા શહેરની આબરૂ ન જાય ! આ શેઠજી, એટલે શું ?'

વળી ત્રીજો વાણિયો હાથ પકડીને રત્નચૂડને પોતાના ઘર તરફ ઘસડતો બોલ્યો : ' અરે ! અમારા બાપના, બાપના, બાપના દાદા અને તમારા દાદાના, દાદાના, દાદાના બાપને ઘર જેવો સંબંધ હતો. ભાઈઓ ! શેઠ મારે ત્યાં જમશે. મારા જીવતાં એમનો ઉતારો બીજે હોય નહિ ! અરે ! એમની ચરણરજ પણ મારે આંગણે ક્યાંથી ?'

ચોથો વાણિયો કંઈક કરગરતો હોય એમ બોલ્યો : 'શેઠજી સાહેબ ! આ ત્રણે જણા મોટા વેપારી છે. હજારો વહાણોનો માલ લે-વેચ કરે છે, પણ મને ગરીબને સાથે રાખે છે. આપ ભલે તેમનું ઘર પાવન કરો. પણ જે સોદો કરો તેમાં મને ત્રણ ભેગો ચોથો ગણી લેશો !'

રત્નચૂડને મને-કમને હા કહેવી પડી. એણે કહ્યું, કે તમે મારાં વહાણોમાંથી મનગમતો માલ લઈલો. વાજબી દામ લઈ લઈશ.

ચારે વાણિયાઓએ કહ્યું : 'મફત માલ લેવો હરામ છે. અમે જે માલ લેશું, તેના બદલામાં અમે મોંમાગ્યો માલ ભરી દઈશું. પણ શેઠજી ! આખા ગામમાં તમારા નામનો ઢોલ પીટાવવો છે. તમારું માન કરવું છે ! સભા ભરવી છે. લોકો શું જાણે કે આપ પધાર્યા છો !'

'અરે ! મને જાણ્યા-પિછાણ્યા વગર માન ?'

'શેઠજી ! એ તો એમ જ હોય ! મોરનાં ઇંડાને ચીતરવાનાં ન હોય !'

'વારુ, હમણાં મારે રાજદરબારમાં જવું છે, વળતાં તમને મળીશ !' એમ કહી રત્નચૂડ પોતાનો પલ્લો છોડાવી આગળ વધ્યો. એ આ શહેરના અજબ લોકો વિષે વિચાર કરી રહ્યો.

આમ વિચાર કરતો થોડો આગળ વધ્યો, કે એક મોચી રત્નજડિત મોજડી લઇને આવ્યો. રત્નચૂડને જોતાં જ ચરણમાં ઝૂકી પડયો ને બોલ્યો : 'બસ, સાહેબ ! મારી વાત સાચી ઠરી. સવારથી મનમાં હતું કે આ મોજડીના પહેરનાર કદરદાન શેઠ આજે મળવા જ જોઈએ. રાતે સપનામાં પણ આપ જ આવ્યા હતા. જો જૂઠું કહેતો હોઉં તો તમારા સમ ! બરાબર તમે જ સપનામાં ! મેં ઘરની બૈરીને વાત કરી ત્યારે હસીને મારી મશ્કરી કરવા માંડી ને કહેવા લાગી કે એમ સપનાં સાચાં પડે તો લોકને સોનાની મેડિયું બંધાઈ જાય. પણ હવે તો

તમારી પાસેથી ઈનામ લઈ જઈને રાંડને બતાવું ત્યારે ખરો ! ધન્ય ભાગ ! ધન્ય ઘડી ! શેઠજી ! આ આપને માટે જ બનાવી છે ! ભલભલા ભૂપને પણ એ માટે ઘસીને ના પાડવાની હિંમત બંદામાં છે !'

રત્નચૂડે પૂછ્યું: 'શું કીમત છે ?'

મોચી બોલ્યો: 'એ શું બોલ્યા શેઠ ? તમારી પાસે તે કીમતની વાત કરતાં જીભ તૂટી ન જાય ? ગરીબ માણસ છું. તમારો દાસ છું. આશાભર્યો આવ્યો છું. કીંમતમાં તમારા પગની ધૂળ આપજો ! બસને ! પણ આપના પગથી આ મોજડીને પાવન કરો.'

રત્નચૂડ કહે: 'વારુ ! કાલે બંદર પર મળજે ! તને જરૂર રાજી કરીશ !'

આટલું કહી રત્નચૂડ મોજડી લઈ આગળ વધ્યો. ત્યાં તો સામેથી એક કાણિયો આવ્યો, ઝૂકી ઝૂકીને સલામો ભરવા લાગ્યો. પોતાની પાસેથી એક હજાર રૂપિયાની થેલી કાઢી રત્નચૂડના હાથમાં મૂકી ને કહ્યું. 'સાહેબ ! તે દિવસે, તે મિતિએ, તે વર્ષે, આપની પાસેથી લઈ ગયો હતો. ભારે દયાળુ છો, શેઠ ! ગરીબની ખરે ટાણે લાજ જતી રાખી. દ્રૌપદીને ચીર પૂરનાર ભગવાન મળ્યા એમ આપ મને મળ્યા. નહિ તો દુનિયામાં હું શું મોં બતાવત ! આ મહોરો રાખો. મારી ગીરવી મૂકેલી ચીજ કાલે આવીને લઈ જઈશ.'

રત્નચૂડ કહે: 'અરે પણ, મારે ત્યાં કોઈનું કંઇ ગીરવી નથી !'

'શેઠજી ! તમે તો મોટા માણસ છો. તમને શું ખબર હોય ? મારા જેવા તો હજાર જીવ તમારે ચોપડે હોય. કાલે મળીશ. તમે રૂપિયા તો રાખો ! પહોંચપાવતીની જરૂર નથી હો. એ તો માણસ જોવાય છે ને ! આપ કોણ ! આપ કોણ ! આપ કોણ !' ને એમ બોલતો કાણીઓ ચાલ્યો ગયો.

રત્નચૂડ આ વિશ્વાસુ કાણીઆ પર આશ્ચર્ય અનુભવી રહ્યો ! અરે ! ભારે વિશ્વાસુ માણસ ! હજાર સોનામહોર આપી ગયો ને પહોંચ સુદ્ધાં ન માગી !

રત્નચૂડ આગળ વધ્યો. હવે રાજદેવડી દેખાતી હતી. ત્યાં એણે રસ્તાની બાજુમાં ભારે ધમાલ મચેલી જોઈ. પાસે જઈને જોયું તો ચાર જણા અરસપરસ લડતા જોયા. બાજુમાં મોટું ટોળું જામ્યું હતું. રત્નચૂડ કુતૂહલથી પાસે ગયો. એમાંના એકનું નામ ટેકચંદ હતું. બીજાનું નામ ખૂબચંદ હતું, ત્રીજાનું નામ ભૂલચંદ હતું, ચોથાનું નામ મૂળચંદ હતું.

ટેકચંદ કહે: 'સાત સાગરનાં પાણી મપાય, ગંગા નદીની રેતીનાં કણ ગણી શકાય, પણ ચંચળ સ્ત્રીનું મન જાણી ન શકાય !'

ખૂબચંદ કહે: 'જા રે જા જૂઠા ! સ્ત્રીનું મન તો કળે કે બળે જાણી શકાય, સોનું દેખાડો એટલે ભલ-ભલી સ્ત્રી વશ થઈ જાય, પણ કંઈ ગંગાની રેતીના કણ ગણી શકાય ? ગણવાની વાત સાવ ખોટી !'

ભૂલચંદ કહે. 'તમે બેય જૂઠા છો ! લબાડો ! ગંગાની રેતીના કણ કેમ ન ગણી શકાય ? દુનિયા માત્રના તમમો

તમામ કુંભારને વેઠે પકડી લાવીએ, ને ગધેડાંનાં છાલકે છાલકાં ભરાવી તમામ રેતીને એક મોટા મેદાનમાં ઠાલવીએ ને પછી શેઠીઆઓના તમામ મુનીમોને ત્યાં બેસાડી ગણીએ તો જરૂર ગણતરી થઈ શકે, પણ સાત સાગરનાં પાણી તો કેમે ન મપાય ?'

મૂળચંદ કહે: 'તમે બધા જૂઠા છો !'

'અમે જૂઠા ?'

'હા, હા, તમે જૂઠા !' ને ચારે જણા મારામારી પર આવી ગયા. માલ વગરની વાત પર બધાને લડતા જોઈ રત્નચૂડને દયા આવી. એ આ ભલાભોળા માણસોને લડતા છોડાવવા ને સમાધાન કરાવવા જરા પાસે ગયો કે ચારે જણા એને વળગી પડયા:

ટેકચંદ ને ખૂબચંદ કહે: 'જો ! આ શેઠ આવ્યા ! એમના ચહેરા પરથી ભારે અનુભવી ને સાથે સાથે જ્ઞાની લાગે છે હો. આપણા ઝઘડાની લવાદી એમને સોંપો !'

ભૂલચંદ ને મૂલચંદ કહે: 'અલ્યા, એમ તે કંઈ લવાદી હોય ! પહેલાં શરત તો કરો. તમે હારો તો શું આપો, એ કહો !'

'અમારી તમામ મિલકત !' ટેકચંદને ખૂબચંદે કહ્યું. 'પણ અલ્યા કડકા બાલુસો ! તમે શું આપશો ? ગામમાં તમારે ઘર નથી, સીમમાં તમારે ખેતર નથી ! નાગો નાહ્ય શું ને નિચોવે શું ?'

ભૂલચંદ ને મૂળચંદ એકદમ ઢીલા પડી ગયા, ને કરગરતા અવાજે રત્નચૂડને કહેવા લાગ્યા : 'શેઠજી ! અમે

ગરીબ થયા એટલે શું માણસાઈ ખોઈ બેઠા ? આપ અમારા હામી ન બનો ? ભારે દયાળુ છો, શેઠ !'

રત્નચૂડને દયા આવી. અહીં તો દયાનો પણ વેપાર ચાલતો હતો. સદ્‌ગુણોનો પણ સોદો હતો. સામા માણસની ભલાઈનો કેવી રીતે લાભ લેવો તેના જ પેંતરા ચાલતા હતા. પેલા કહે : 'જાઓ ! અમે હારશું તો શેઠનાં વહાણ તમને સોંપશું ! પણ શું ખાખ જીતશો તમે ? શેઠજી ! એમના પ્રશ્નનો બરાબર જડબાંતોડ જવાબ આપજો !'

પેલો કહે : 'કહો શેઠજી ! છે કબૂલ !'

રત્નચૂડ દાક્ષિણ્યતામાં ના ન કહી શક્યો. એણે માથું ધુણાવી હા કહી.

પેલો કહે : 'કહો શેઠજી ! સાત સાગરનાં પાણી માપી શકાય ખરાં ?'

રત્નચૂડ વિચારમાં પડયો. જો હા પાડે તો, માપી આપવાં પડે. અને ના પાડે તો પેલા બે હારે ને એમના બદલે પોતાને નુકશાની ભરવી પડે ! આખરે રત્નચૂડે બધી વાત કાલ પર રાખી વિદાય લીધી.

રત્નચૂડ રાજદરબારમાં પહોંચ્યો. પહેલે પગલે દેવડીનો સિપાઈ મળ્યો. એ કહે : 'રાજાજીને મળવું છે ને ? અહીં અમારી ચોકી છે. શેઠજી ! લાવો અમારી પાન-સોપારી ! પછી આગળ પગલું ભરો.'

રત્નચૂડે એનો મનસંતોષ કર્યો ને આગળ વધ્યો. ત્યાં તો કોટવાલ મળ્યો. એ કહે : 'પધારો શેઠજી ! આજનું

અમારું દનિયું પાકયું ! દેવ દૂધપાક જમે ને પૂજારી કંઈ ભૂખ્યો રહે! પત્રમ્ પુષ્પમ્! જે શ્રદ્ધા હોય તે !'

રત્નચૂડે એને પણ પત્રમ્ પુષ્પમ્ કર્યું, ને આગળ વધ્યો. ત્યાં પુરોહિત મળ્યો. એણે આશીર્વાદ આપ્યા ને કહ્યું : બ્રાહ્મણના આશીર્વાદ મફત ન લેવાય ! જે દાન-દક્ષિણા આપવી હોય તે આપો ને !'

રત્નચૂડે એને પણ દક્ષિણા આપીને આગળ વધ્યો : ત્યાં તો નગરશેઠ મળ્યા ને એમણે આ દેશના પ્રાચીન કાળના રિવાજ મુજબ પોતાની સુખડી માગી. એમને પતાવ્યા ત્યાં પ્રધાનજી મળ્યા. એમને પણ ભેટસોગાદ ધરવી પડી. છેલ્લે યમઘંટા નામની ગણિકાની કચેરી આવી. એના સેવકોએ બધી માલમિલકત રત્નચૂડ પાસેથી ખંખેરી લીધી.

રત્નચૂડ નિરાશ થઈને પાછો ફર્યો. રાજાજીની મુલાકાત તો ન થઈ. પણ હવે આ એમાંથી છૂટવું શી રીતે! માલ તો જાય એ જાય, પણ કદાચ જાન પણ ખોવો પડે ! રત્નચૂડને પિતાનાં વચન યાદ આવ્યાં. એ ચિંતાતુર હૃદયે પાછો ફરતો હતો, ત્યાં રસ્તે જતાં લોકોને એણે વાતો કરતાં સાંભળ્યાં કે આ ગામમાં બે જણાં નીતિમાન છે. એક રાજા અને બીજી ગણિકા યમઘંટાની પુત્રી રણઘંટા !

(૪)

રત્નચૂડ વહાણ પર આવ્યો, પણ એના મનને શાન્તિ નહોતી. કાલ તો પેલાઓ સાથે સોદા પતાવવાના હતા. જો રાજાની મદદ ન હોય તો કંઈ પાર ન પડે ! ઊલટાના લૂંટાઈ જઈએ.

ઝેરનું મારણ ઝેર એ કહેવત રત્નચૂડ જાણતો હતો.

ત્યાં એને ગણિકા રણઘંટાના નામની યાદ આવી. એ વેળા ગણિકા શિક્ષિકાનું કામ કરતી. નાચ-ગાન કરી પેટ ભરતી. કેટલીક ગણિકાઓ તો સતી સ્ત્રીઓ જેવું જીવન ગાળતી. રત્નચૂડને લાગ્યું કે જ્યાંનો ઉજળિયાત વર્ગ આટલો હલકો, દંભી, ચોર ને ઠગ હોય, ત્યાં ગણિકાઓ, લૂંટારા ને ઠગ જ ખરા શાહુકાર કહેવાય! નીતિ બિચારી રડતી-રવડતી એવાને આશરે જીવતી હોય! એ રણઘંટાને ત્યાં ગયો, ને પાંચસો સોનામહોરની થેલી ભેટ ધરી. સાથે સાથે આજીજીપૂર્વક કહ્યું: 'આ અનીતિપુરમાં આવી ભરાણો છું. હજારો બગલાઓ વચ્ચે એક હંસ આવી ફસાણો છે. તમારાં વખાણ મેં સાંભળ્યાં છે! મને રસ્તો સૂઝાડી શકો તો તમે સૂઝાડી શકશો!'

રણઘંટા બોલી : 'ભલા વેપારી! મૂંઝાશો મા! અહીંના રાજા ન્યાય-નીતિમાન છે. પણ કોઈ પ્રજાજનને રાજા પાસે જવા દેવામાં આવતો નથી. સિપાઈથી લઇને કોટવાળ,નગરશેઠ, પ્રધાન, પુરોહિત બધાની ચંડાળ ચોકડી જામી છે. મારી મા યમઘંટા એની આગેવાન છે. તમારા જેવા અનેક અહીં આવીને લૂંટાઈ ગયા! કેટલાક તો જીવના ગયા!

'આ તો અજબ નગરી છે! અહીં ઊંચ લોકો નીચનાં કામ કરે છે ને નીચ લોકો ઊંચની કળા શીખે છે. અહીં સાચી રીતે કોઈ વેપારી, શાહુકાર કે શેઠ નથી. બધા અહીં ઠગ, ચોર ને દલાલ છે. અહીં પરસ્ત્રીની ચોરી પરાક્રમ લેખાય છે. પરધનની ચોરી હોશિયારી ગણાય છે. અહીં પૈસો પરમેશ્વર છે. ને પરમેશ્વરની પૂજા પણ પૈસા

માટે થાય છે. અહીં ગણિકાનાં રૂપ ગવાય છે, ને એનાં ચરિતર વંચાય છે. સતી સંતાપ વેઠે છે, ને અસતી મોજ કરે છે.

'અહીં વેપારમાં વેપાર દગાનો છે. વણજમાં વણજ છેતરપીંડીનો છે. ધંધો જુગારનો છે. સાહસ ચોરીનું છે. ઘરાગી વૈદ, વકીલ ને વેશ્યાને ત્યાં છે.

'અહીં મનોજી પ્રધાન છે. ક્રોધોજી કોટવાળ છે. કુબુદ્ધિ પટેલ છે. કામોજી હવાલદાર છે. મોહોજી ફોજદાર છે. માનોજી વજીર છે. લોભોજી કાજી છે. માયાજી નોકર છે. ઈર્ષ્યાજી શેઠ છે. નિંદાજી ચોવટિયો છે. રાગદ્વેષ ઉમરાવ છે.

'જીવરાજાને આ અમલદાર વર્ગ વીંટળાઈને બેઠો છે. ઝાઝે કાગડે ઘૂડ વીંટાણું છે. અહીં સહુના પેટ પર વૈદ બેઠા છે. પગ પર વાહન બેઠાં છે. મગજ પર વકીલ બેઠા છે. હૃદય પર સાપ બેઠો છે. મન પર વેશ્યા બેઠી છે. ચિત્ત પર ચાડિયો બેઠો છે. આંખ પર સોનું બેઠું છે. હાથ પર હત્યા બેઠી છે. માથા પર અહંકાર બેઠો છે! અહીં ભલો ભંડાય છે. સાચો છેતરાય છે. સીધો ભોટ કહેવાય છે. ચારિત્રવાન નપુંસક લેખાય છે.

'એવા નગરમાં હે રત્નચૂડ ! તું આવી ફસાણો છે. પણ હવે ચિંતા કરીશ મા! આખરે તો તું જ જીતીશ. બધા આવે ત્યારે કંઈ જવાબ દઈશ મા ! ફરિયાદ કરવા જઈશ મા ! જઈશ તો તારું કોઈ સાંભળશે નહિ. અડધે જ બધા ફોલી ખાશે. એ તને પકડીને રાજા પાસે લઈ જાય તો જજે ! એ સિવાય રાજા પાસે પહોંચવાનો કોઈ

રસ્તો નથી. રાજા પાસે હું કહું તેવા જવાબ દેજે ! તારો વાળ વાંકો થશે નહિ !'

રત્નચૂડ તો રણઘંટાની ચતુરાઇ પર વારી ગયો.

બીજો દિવસ ઊગ્યો ને બંદર પર ધમાચકડી મચી રહી. સહુ પોતપોતાના સોદા પતાવવા આવી પહોંચ્યા. પણ રત્નચૂડ તો ન બોલે કે ન ચાલે !

સહુને એ જ જોઈતુ હતું. તેઓ લૂંટાયા, મરાયાના પોકારો કરતા રાજદેવડીએ પહોંચ્યા. એવો કાળો કકળાટ કરી મૂકયો, કે ખુદ રાજાજી બહાર આવ્યા. એમણે બધી વાત સાંભળી અને સિપાઈઓને હુકમ કર્યો, કે જાઓ ! પકડી લાવો એ પરદેશી ચોરને !

રત્નચૂડને મુશ્કેટાટ બાંધીને રાજસભામાં હાજર કર્યો. રાજા ન્યાયના સિંહાસન પર બેઠા. એક પછી એક ફરિયાદી હાજર થવા લાગ્યા.

પહેલા ચાર વાણિયા હાજર થયા. તેઓએ કહ્યું કે અમે એમનો માલ પરખીને ખરીદી લીધો છે, હવે એ અમને કબજો સોંપતા નથી ! સાટામાં અમે તેઓ માગે તે માલ આપવાને બંધાયેલા છીએ !

રાજાએ તરત જ રત્નચૂડને પૂછ્યું 'આ વાતનો ખુલાસો કરો !'

રત્નચૂડ કહે ! 'વાત સાવ સાચી છે ! એમને મનગમતો માલ હું આપું. મને મનગમતો માલ એ આપે !'

ચારે વાણિયા કહે ! 'તૈયાર છીએ ! માગો !'

રત્નચૂડ કહે ! ' મચ્છરનાં હાડકાંથી મારાં વહાણ ભરી આપો :'

રાજા કહે : 'હે વણિકશ્રેષ્ઠો ! રત્નચૂડની માગણી કબૂલ છે ?'

વાણિયા કહે ! 'એ શી રીતે બને ?'

રાજા કહે : 'તો તમારો બન્નેનો સોદો ફોક ! ચાલો, બીજા ફરીયાદીને હાજર કરો !

બીજા ફરિયાદી તરીકે કાણિયો હાજર થયો. એણે કહ્યું : 'હજૂર ! મેં એક લાખ સોનામહોર એમની પાસેથી લીધી હતી, ને મારી એક આંખ ગીરવી મૂકી હતી. સોનામહોરો કાલે પાછી આપી આવ્યો. હવે મારી આંખ પાછી આપે !'

રાજાએ રત્નચૂડને ખુલાસો કરવા કહ્યું.

રત્નચૂડ કહે ! 'કાલે સોનામહોરો મને આપી છે. પણ મારે ત્યાં એવી હજારો આંખો ગીરવી પડી છે. તેઓ તેમની બીજી આંખ કાઢી આપે, થોડા દિવસમાં એની જોડ શોધીને મોકલી આપીશ.'

કાણિયો કહે ! ' એ તો ના બને ! આંખ તે કંઈ નીકળતી હશે ?'

રાજા કહે : 'તો આ કેમબને ? જા, તું જૂઠો છે ! તારી આપેલી સોનામહોરો પણ પાછી નહિ મળે ?'

રત્નચૂડ કહે ! 'ના સાહેબ ! અધર્મનું અને અધર્મીનું ધન મારે ખપતુ નથી. અધર્મથી રળેલી એક પાઈ

પણ ધર્મના લાખ રૂપિયાને સાથે લેતી જાય છે. આ રહી એની સોનામહોરો ! એની એને પાછી ! અધર્મી એના જ સોનાથી મરે છે.'

રત્નચૂડની સત્યનિષ્ઠા ઉપર રાજા ખુશ થયો. પછી ત્રીજા ફરિયાદી તરીકે મોચી હાજર થયો. એણે ફરિયાદ કરી, કે મારી મોજડીના બદલામાં એમણે મને રાજી કરવાનું કહ્યું હતું. હવે એ પોતાનું વચન પાળતા નથી !'

રત્નચૂડ કહે: 'હું એને રાજી કરવા તૈયાર છું. એની મોજચૂના બદલે પાંચસો સોનામહોર આપવા તૈયાર છું. પણ એને તો મને લૂંટી લેવો છે.'

મોચી કહે: 'હજૂર ! મને એમણે કહ્યું હતું કે હું તને રાજી કરીશ. વચન પ્રમાણે હું રાજી થાઉં તેવું તેમણે આપવું જોઈએ ને !

રાજા કહે ! 'વાત સાચી છે. તમારે તમારા વચન પ્રમાણે એને રાજી કરવોજ જોઈએ.'

રત્નચૂડ કહે : 'આપ કહો તે મારે કબૂલ છે. હવે હું પણ આપની સમક્ષ જ એને રાજી કરવા માગું છું ! હે મોચીભાઈ ! રાજાજીના ઘેર દીકરો જન્મ્યો, બોલો, તમે રાજી થયા કે કરાજી ?'

મોચીથી અચાનક બોલાઇ ગયું. 'રાજી થયો.'

રાજા કહે: 'જા, તારી ફરિયાદનો નિકાલ આવી ગયો. હવે છે કોઈ બાકી ?'

ત્યાં ચાર ધુતારાઓની ટોળકી હાજર થઇ. એમણે પોતાની શરતો રજૂ કરી. સાથે સાથે કહ્યું કે શરત મુજબ

રત્નચૂડ હારે તો એની માલમિલકત અમારી થાય છે. રાજા સાહેબ! હરિશ્ચંદ્ર જેવો રાજા સત્ય ખાતર વેચાણો હતો, તો રત્નચૂડ શી વિસાતમાં! અમારી શરત છે, કે તેમણે સાત સાગરનાં પાણી માપી દેવાં!'

રત્નચૂડ કહે: 'જરૂર માપી આપું, પણ વાંધો એક છે કે સમુદ્રને મળતી તમામ નદીઓ આડા તેઓ બંધ કરી આપે, જેથી નવું પાણી તેમાં ન આવે વળી સૂર્ય જે વરાળ રૂપે પાણી શોષે છે, તે પણ અટકાવે! આવક-જાવક બંધ થાય એટલે ચૂકતે હિસાબ કરી આપું!

પેલા ધુતારા શું બોલે! એ રાજા કહે: 'જપ્ત કરી લો ધુતારાઓની મિલકત, અને આ વેપારીને આપી દો!'

રત્નચૂડ કહે: 'મહારાજ! કોઈનું અણ-હકનું લઇએ તો આપણા હકનું પણ ખોઇએ! આ કંઈ સોદા નહોતા, છેતરપીંડી હતી. વેપાર નહોતો-વાણીનો પ્રપંચ હતો. મેં પણ કંઈ સાચા જવાબ આપ્યા નથી. આ તો આડે લાકડે આડો વેહ પાડ્યો છે.'

રાજા કહે: 'કુશળ વેપારી! હું તારી બુદ્ધિમત્તા પર ખુશ થયો છું! માગ માગ માગે તે આપું!'

રત્નચૂડ કહે: 'મહારાજ! આ બુદ્ધિ રણઘંટાની છે. માન એને આપો. આપના નગરના કાદવમાં ઊગેલું એ કમળ છે!'

રાજાએ રણઘંટાને બોલાવી. એને માનપાન આપ્યું. રત્નચૂડ એને પગે પડ્યો ને કહ્યું: 'મને તમારો મિત્ર બનાવો! આ ધુતરી નગરી છોડી દો મારે શહેર ચાલો!'

રણઘંટા કહેઃ 'રૂપાળી જુવાન છોકરીને કાંકરો નાખતા મિત્ર મળી રહે છે! મારે તો ભાઈ-વીરભદ્ર જેવો ભાઈ જોઈએ. વળી ભલુંબૂરું તોય મારું ગામ! હું તો અહીં રહીશ, ને બનશે તેટલી નગરની સેવા કરીશ.'

રત્નચૂડે રણઘંટાને બેન કરી. રાજાજીની રજા લઈ સારે શુકને એ રવાના થયો. એને હવે સૌભાગ્યસુંદરી સાંભરતી હતી. સારા પ્રતાપ એના હતા, કે રત્નચૂડને પરાક્રમ કરવાની પ્રેરણા મળીઃ ને ઘણા અનુભવો મેળવી, વિધવિધ જાતના સંસારના રંગ નીરખી આખરે આપકમાઈનું ધન લઈ, પરદેશમાં પરાક્રમ કરી પાછો ફરતો હતો!

હવે એ ગરમ રસોઈનો જમનારો હતો. સૌભાગ્યસુંદરીએ ઘણા પ્રેમથી એને વરમાળા આરોપી.

બંને જણાએ પૃથ્વી પર સ્વર્ગ ઉતાર્યું! ખાધું પીધું ને ઉત્તમ કાજ કરી જિંદગી સફળ કરી.

# કામનું ઔષધ કામ

5

ફાગણ ફૂલડે મહોર્યો હતો, ત્યારે સુખસાગર શેઠનો પુત્ર ગુણસાગર એ જ નગરના માતબર વેપારીની પુત્રી રોહિણી સાથે ચોરીમાં ચાર ફેરા ફર્યો. અગ્નિ, મહાજન અને પુરોહિત સામે બન્ને જણાંએ પ્રેમ ને વફાદારીથી જીવન જીવવાના એકબીજાંને કોલ લીધા ને દીધા.

ગુણસાગરમાં માત્ર ગુણ જ નહોતા, રૂપ પણ હતું. રોહિણીમાં માત્ર રૂપ જ હતું એમ નહિ, ગુણ પણ હતા. જુગતેજોડી મળી હતી.

માતબર વેપારી ખેમસાગરે પોતાની લાડકવાઈ પુત્રી રોહિણીને વિદાય આપતાં વેવાઈ સુખસાગર શેઠને કહ્યું કે, નમાઈ દીકરીને હથેળીમાં દૂધ પાઈને ઉછેરી છે. સંસાર-વ્યવહારથી સાવ અબૂજ છે. પેટની દીકરી સમજીને પાળજો.

સરખેસરખી સાહેલીઓએ પોતાની પ્રિય સખીને વિદાય આપતાં ગાયું :
'એક આવ્યો' તો પરદેશી પોપટો ! ધુતારો ધૂતી ગયો રે !'

આમ હર્યાભર્યા ઘરની પંખિણી પરદેશી પોપટાને પરણીને પારકા ઘરની રાણી બની. ભર્યાં યૌવન હતાં. ભર્યાં હૈયાં હતાં. પતિ-પત્ની સ્વર્ગને હીંચોળે હીંચવા લાગ્યાં.

કહે છે કે દૈવનેય સુખિયાં જીવોની ઈર્ષ્યા આવે છે ! અચાનક ગુણસાગર વ્યવહારિયાને વેપારનાં તેડાં આવ્યાં. પીરસેલાં ભાણાં પડયાં રહ્યાં. હાથનો કોળિયો હાથમાં જ રહી ગયો ને ગુણસાગર સાગર-સફરે ઊપડી ગયો. રણનો સાદ પડતાં જેમ રજપૂત ઘેર બેસી ન રહે, એમ વેપારની વાત આવતાં વણિકપુત્રનો પગ ઉંબરે પણ ન છબે !

ગુણસાગર રોહિણીને જલદી પાછા ફરવાના વાયદા કરતો ગયો હતો, પણ સાગર એને દૂર દૂર ખેંચી ગયો. વેપારવણજની વિટંબણાઓ દિન દિન એવી વધતી રહી કે આપેલા વાયદા એક પછી એક જૂઠા ઠરવા લાગ્યા. અહીં રોહિણી અકળામણા દિવસો પસાર કરવા લાગી. કિનખાબની પથારીઓ પર પોઢીપોઢીને, કોણી નીચે મખમલ-મશરૂનાં ગાલમસૂરિયાં દબાવી, હથેળી પર ચાંદાપૂનમ જેવું મોં ટેકવીને રાહ જોતાં જોતાં, કંકુભર્યા કાગળો લખીલખીને રોહિણી થાકી ગઈ. પરદેશ ગયેલો પ્રીતમ ન આવ્યો તે ન આવ્યો. મીઠાં ભોજન ફિક્કાં લાગવા માંડયાં. રંગરાગ અંગને પ્રજાળવા લાગ્યા.

શણગાર મનને બહેલાવવાને બદલે બાળવા લાગ્યો. વિશાળ આયનામાં ગુલાબશું મુખડું જોઈ જોઈ એને અંગેઅંગ ઝાળ ઊઠવા લાગી. હાય રે રોહિણી !

પણ રોહીણી વિવેકી હતી. તેણે મનને અનેક રીતે વશ કરવા માંડ્યું. એ કુદરતના સંગમાં મહાલવા નીકળી. પણ ત્યાંય ફૂલ ને ભ્રમર, મૃગ ને મૃગી, વૃક્ષ ને વેલી, સાગર ને સરિતાની જોડી જાણે એનો ઉપહાસ કરતી લાગી. ગીત-સંગીતમાં મન ખૂંતાડવા ચાહ્યું, તો ત્યાં પણ રાગ ને રાગિણીની જોડી એની મજાક માટે હાજર હતી.

રોહિણીને સખીઓ ઓછી હતી. એમાંય નવી નવી સાસરે આવેલી એટલે હજી જાણ-પિછાણ ઓછી, છતાં એણે પોતાના મનને આનંદી રાખવા સામે પગલે જઈને સખીઓ ખોળી કાઢી. એમને ઘેર બેસવા-ઊઠવા માંડ્યું. એક સમવયસ્ક સખીને એકાંતે ઉરની વ્યથા કહીને અંતર ખાલી કર્યું.

પેલી સખી હસીને બોલી : 'બહેન ! પુરુષની જાત અને ભ્રમરની જાત સરખી. એણે તો ઘર મૂક્યાં ને દુઃખ વીસર્યાં. એને તો દેશવિદેશમાં સુંદર સુંદર બાગ નીરખવા મળે ને સોહામણાં ફૂલો સૂંઘવા મળે. એમાં ઘરની ઓશિયાળી નારની ક્યાંથી યાદ આવે !' પહેલાં રોહિણીને સખીની આ વાત સાંભળવી જ ન ગમી. રે ! પોતાનો ગુણસાગર એવો નગુણો ક્યાં હતો ?

પ્રૌઢ વયની એક પાડોશણે કહ્યું : 'બાઈ ! કર્યાં ભોગવવાનાં છે. પરભવે પોપટને પિંજરે ઘાલ્યા હશે, વહાલામાં વિયોગ કરાવ્યા હશે. તો આ ભવે તમારે

વહાલામાં વિયોગ વેઠવાનો આવ્યો ! ધર્મકીર્તન, શાસ્ત્ર-શ્રવણમાં ચિત્ત પરોવો.'

પંથભૂલેલા પથિક જેવી રોહિણીની સ્થિતિ હતી. એણે ઘરના પાંજરાના વિનોદી પોપટને મુક્ત કરી દીધો ને એને વિદાય આપતાં કહ્યું : 'જા ભાઈ જા ! તુંય મનની મેનાને મળ !' પછી તે શાસ્ત્રશ્રવણ ને ધર્મકીર્તનમાં મગ્ન થઈ ગઈ. શરૂશરૂમાં કર્યાં કર્મ ભોગવવાની વાત પર દુઃખી મન આશ્વાસન પામ્યું, પણ ટૂંક સમયમાં એ પણ ક્ષાર પર લીંપણ જેવું ભાસ્યું.

ધીરે ધીરે રોહિણીના મનમાં એક નવો જ ભ્રમ જાગ્યો. એને થયું કે આખા સમાજે, પોતાના પિતાએ, પતિએ અને શ્વશુરે એની સામે કોઈ ષડ્યંત્ર રચ્યું, ને પોતે એમાં ફસાઈને અસહાય બની ગઈ છે. માટે જીવવું હોય–સુખે જીવવું હોય, તો હિંમતથી, હામથી, લજ્જા ફગાવીને, આ કપટજાળ ભેદી નાખવી જોઈએ.

છટકવાનું કોઈ બાર ન જડતાં, બિલાડી જે રીતે શ્વાનનો સામે મોંએ સામનો કરવા સુસજ્જ થાય છે, એમ રોહિણી સમાજનાં બંધનોનો સામનો કરવા સુસજ્જ બની.

પણ સુકોમળ રોહિણી વધુ સમય ટક્કર ન લઈ શકી. અંતરની આગે ગુલાબના ફૂલ જેવી રોહિણીને કરમાવી નાખી. એના દેહમાં જ્વર દેખાવા લાગ્યો. એ શય્યાગ્રસ્ત બની. સસરા સુખસાગરની નજર પોતાની પુત્રવધૂ તરફ હતી જ. એમણે તાકીદે શહેરના જાણીતા વૈદ તેડાવ્યા, પણ જે આવ્યા એ તો દેહના વૈદ હતા; દિલના રોગની

એમને શી ગમ પડે ? રોહિણી 'બળું છું, બળું છું' કરવા લાગી. ગરમીને ઠારવા ફૂલોની સેજ, ચંદનના લેપ ને ફળોના રસના પ્યાલા આવ્યા, પણ બધુંય ફોગટ ! ઘર બળતું હોય ત્યારે આંગણામાં જળ છાંટે અગ્નિ કંઈ થોડો બુઝાય ?

રોહિણીના સ્વભાવમાં ભારે પરિવર્તન આવ્યું. એ વાત કરતી તે ય જાણે કોઈને ખાવા ધાતી ન હોય ! એને બોલાવવી ને વાઘણને છંછેડવી સરખી હતી. ઘરની વિશ્વાસુ દાસી રંભા સહુને કહેતી કે રોગી માણસ ચીડિયું થઈ જાય. એટલે એની સામે કઠોર શબ્દો કહી એને વધુ ચીડવશો મા.

ધીરે ધીરે રોહિણીની આંખને અને ઊંઘને આડવેર થયું. પહેલાં તો ઘરની નોકરડીઓ વાસી કામ પૂરું કરે ત્યારે માંડ એની આંખ ઊઘડતી. આ પછી પણ આંખ મીંચીને પથારીમાં જાગતી કયાંય સુધી પડી રહેતી. હમણાં તો પરોઢમાં જ જાગી જતી ને કામ કરવા આવનારીનાં પગલાં ગણ્યા કરતી.

ઉદ્યોગી મધમાખ જેવી એક નોકરડી આજે કામ કરતાં કરતાં ગણગણતી હતી. રોહિણીના જાગતા કાન ત્યાં મંડાયા.

'સાહેબા ! તું વહેલેરો આવ !
ચાર ટકાની તારી ચાકરી.
લાખ ટકાની મારી જાત ! સાહેબા...'

ઘણના ઘા ઝીંકાતા હોય એમ આ પંક્તિઓ રોહિણીના ઉશ્કેરાયેલા મગજ પર ફટકા લગાવી રહી. અકળ

મૂંઝવણમાંથી કોઈ માર્ગ લાધી ગયો હોય, કોઈ આખરી નિશ્ચય કરી લીધો હોય એમ એ પલંગમાંથી એકાએક બેઠી થઈ ગઈ. પગ પર પડેલું પાગરણ ફગાવી દઈ ઊભી થઈ ગઈ. એ બબડી રહી : 'એ ગમારને એના વેપાર આડે મારી કિંમત કયાં છે. અરેરે! મેં ગમાર સાથે ગોઠડી કરી !'

કેસરિયાં કરવા સજ્જ થયેલો યોદ્ધો જે આંધળા ઝનૂનથી મેદાન તરફ ધસી જાય એ ઝનૂનથી એ હવેલીના ઝરૂખા તરફ ધસી. એણે જોરથી એનાં બાર ખોલી નાખ્યાં. શેઠ સુખસાગરની હવેલીનો એક ઝરૂખો રાજમાર્ગ પર પડતો. રોહિણીનાં સાસુ જીવતાં ત્યારે ત્યાં જઈને ઘડી બેઘડી બેસતાં, પણ એમના ગુજરી ગયા પછી તો એ સાવ બંધ રહેતો.

રોહિણી ઝરૂખે ચડી રાજમાર્ગ નીરખી રહી. સરિતા-ઘાટ પર જતો નગરનો એ માર્ગ હતો. નર–નારીનાં મન-ભર જોડાં દિલભર રીતે એ તરફ વહી રહ્યાં હતાં. રોહિણી તરસી નજરે એમને નિહાળી રહી.

રોહિણી ફરી વ્યાકુળ બની ગઈ. રે ! મુજ અભાગણી સિવાય દુનિયામાં કોઈ એકલું કે એકાકી નહિ હોય ! પળવાર એના ક્ષુભિત મગજમાં વિચાર આવી ગયો કે, અહીંથી નીચે પડી આપઘાત કરું ! ઉપાધિમાત્ર ઓછી થઈ જાય ! પણ ત્યાં તો નીચેથી એક દોહરો સંભળાયો. એક લહેરી જુવાન ખૂબ મીઠે અવાજે ગાતો ચાલ્યો જતો હતો :

'ડુંગર પર દવ જલે, ખનખન ઝરે ઈંગાર !
ઝાકી હેડી હલ ગઈ, વાકા બૂરા હવાલ !'

જુવાન દોહરાની એક એક પંક્તિને શેરડીના રસ-ભર્યા પતીકાની જેમ ફરીફરીને ચાવી રહ્યો હતો. રોહિણી ફરીફરીને એ દોહરાને સાંભળી રહી. પછી મનમાં ને મનમાં બોલી : 'સાવ સાચી વાત કહી તેં, જુવાન ! તુંય મારા જેવો કોઈ એકાકી લાગે છે. બાકી હેડી હલ ગઈ જેની જોડી ખંડિત થઇ એના બૂરા હાલ થાય છે. કેવું હૃદયભેદક સત્ય ! વાહ ! વાહ !'

રોહિણીથી છેલ્લા શબ્દો જોરથી બોલાઈ ગયા. ઝરૂખા નીચેથી પસાર થતા રસિયા જુવાને એ સાંભળ્યા. એણે ઝરૂખા તરફ જોયું. આભના ટોડલે અપ્સરા ઊભેલી ભાળી. જુવાને મોંથી સિસોટી બોલાવી ! નદીતટે જાણે સારસે સારસીને બોલાવી.

જુવાનના આવા અણછાજતા વર્તનથી રોહિણી છોભીલી પડી ગઈ. એ તરત ત્યાંથી ખસી ગઈ ને જોરથી બાર ભીડી દીધાં. આહત મૃગલીની જેમ જઈને પલં-ગમાં પડી. એ દિવસે જ્વર કંઇક વિશેષ ભરાયો.

બીજે દિવસે એ જાગતી જ પલંગમાં પડી હતી ત્યાં નીચે દોહરો બોલાતો હોય તેવો ભાસ થયો, પણ રોહિણી પડી રહી. પેલા જુવાનના અવિવેકી વર્તનથી એને જરા માઠું લાગ્યું હતું. પણ ન જાણે કેમ, આખો દિવસ એ દોહરાની પંક્તિઓને ગાનારની મીઠી હલક રોહિણીના સ્મૃતિપટમાં તર્યા જ કરી !

ત્રીજો દિવસ પસાર થયો. રોહિણી હવે પલંગ બહાર ભાગ્યે જ પગ મૂકતી. મનના અશ્વ તોફાને ચઢયા હતા.

સુકોમળ બાળા એ બેલગામ અશ્વોને નાથવા પ્રયત્ન કરી રહી હતી. પણ ભલા નાજુક બાળા એને કેટલા નાથી શકે ? એ દિવસે પણ નિયત સમયે પેલો જુવાન ઝરૂખા નીચે આવીને બે વખત દોહરાના ઘા કરી ગયો. ચોથો દિવસ ભારે ઝંઝાવાતભર્યો ઊગ્યો. સ્વસ્થ રહેવા માટે મથતી રોહિણી સાવ અસ્વસ્થ બની ગઈ. વંટોળિયો જેમ ખાલી જમીન પર ધસી જાય, એમ એ ધસીને ઝરૂખો ઉઘાડી બેસી ગઈ.

પેલા જુવાનને આવવાનો સમય થતો જતો હતો. અકળ શ્રમથી હાંફતી રોહિણી માર્ગ પર નજર બિછાવીને બેઠી. ત્યાં દોહરા ગાતો છેલછબીલો જુવાન દેખાયો. મદનનું તાણ અજબ હોય છે. ભલભલા ગર્વિષ્ઠ તરવૈયા એમાં ઊંધે માથે તણાઇ ગયાના ઈતિહાસ લખાયા છે. રોહિણી પણ એ તાણમાં તણાઈ. એણે રાતે અંબોડામાં ગૂંથેલું ગુલાબ હાથમાં લઈને તાકીને જુવાન પર ઘા કર્યો. બરાબર જુવાનના મસ્તક પર ગુલાબ આવ્યું.

જુવાને ઝરૂખા નીચે ઊભા રહીને નેત્રના તીરથી છબીલી સ્ત્રીને વીંધી. સ્ત્રીના દાડમકળી જેવા દાંત આનંદ-વિભોર થઈ ખુલ્લા થઈ ગયા.

પળવાર બંનેને પ્રેમસમાધિ લાધી ગઈ. ત્યાં પાછળથી કોઈનો અવાજ આવ્યો : 'બા ! મારું ફૂલ લાવો !' આમ બોલતું બોલતું કોઈ આવી ખભે હાથ મૂકીને ઊભું રહ્યું.

'બા ! આખરે ગરીબની ભેટની આ દશા ને ! મુજ ગરીબે આપેલું ફૂલ ફગાવી દીધું ને ? ' બોલનારના શબ્દોમાં છૂપો અર્થ હતો. એ એમ કહેવા માંગતું હતું કે પોતે બધું નાટક જોયું છે.

રોહિણીની જુવાન પર ચોંટેલી દૃષ્ટિ ઊખડતાં વાર લાગી. પણ પાછળ જોયું તો પોતાની દાસી રંભા ઊભી હતી. એણે સાવ બેપરવાઈ બતાવતાં કહ્યું : 'રંભા ! જે આખું જીવન ફગાવવા તૈયાર હોય એને તારા ફૂલની તે શી વિસાત !'

'બા ! ચોખ્ખું બોલો ! તમારી જેમ હું કાવ્ય કે ચંપૂ ભણી નથી.'

'રંભા ! હવે ચોખ્ખું જ બોલવું છે. ઘણા દહાડા કુલડીમાં ગોળ ભાંગ્યો.' રોહિણીના અવાજમાં સાહસ-કર્મનો નાદ હતો. એ ધીરેથી રંભા પાસે સરી ને બોલી: 'રંભા ! તું મને હંમેશાં માજણી બેન જેવી લાગી છે. ઇષ્ટદેવના સોગન ખાઈને કહે કે હું કહું તે બધી વાત પેટમાં રાખીશ ?'

'પેટમાં રાખીશ.' જુનવાણી રંભાએ શબ્દચાતુર્ય વાપરી પોતાના પૂજનીય ઈષ્ટદેવને બચાવી લીધા. એણે આખી જિંદગી આવા શ્રીમંતોની ચાકરીમાં કાઢી હતી. તેઓના અન્તરંગી સ્વભાવથી એ સુપરિચિત હતી.

'રંભા ! મારી બેનડી ! તું જાણે છે કે જળમાં મીન ક્યારે પ્યાસી મરે છે ?'

'જાણું છું' રંભાએ ટૂંકો જવાબ વાળ્યો.

'રંભા ! દુનિયામાં અણસમજુને સુખ છે. દુઃખમાત્ર સમજુને છે.'

'સાચી વાત છે, બા ! દિલનાં દુઃખ તો ચતુરા નારને જ હોય છે. ગમારને એની શી ગમ !' રંભા આશ્વાસનના શબ્દો બોલતી રોહિણીની નજીક સરી.

'રંભા! રંભા! ઓ મારી સખી! આજે તારી પાસે અંતર ખોલું છું. ન જાણે તારો શેઠ પરદેશમાં જાતજાતના બાગમાં ભમતો હશે ને ભાતભાતનાં ફૂલો સૂંઘતો હશે! શું હું માણસ નથી? મારે પણ મન નથી? મારી જુવાની કઈ વાતે કમ છે?'

'પદ્મણી નાર છો તમે.' રંભા બોલી.

'તો ઘરડાં બૂઢાંનાં દિલમાં પણ પેદા થનારો કામદેવ મને ન પીડે?' રોહિણીએ એકાએક સ્પષ્ટતા કરી દીધી ને રંભાના ઉત્તરની ફાટેલે ડોળે રાહ જોઈ રહી.

'જરૂર પીડે!' રંભાએ શાંત સ્વરે કહ્યું.

'તો રંભા! જાણી લે કે મને કામદેવ પીડે છે.' રોહિણીને આટલા શબ્દો બોલ્યાનો પણ જાણે શ્રમ લાગ્યો. ધરતી ફરતી હોય ને આકાશ છાતી ભીંસતું હોય તેમ ભાસ્યું. રંભા કંઈ કહેવા જતી હતી, તેને વચ્ચે રોકી રોહિણીએ આગળ ચલાવ્યું: 'રંભા! કોઈ સાધુસંન્યાસીની જેમ મને પાપાત્મા સમજીને સંયમ અને ધર્મનો ઉપદેશ આપીશ મા, આ તો રોગ છે. મને એનું ઓસડ લાવી આપ.' રોહિણીના અંતરમાં ભૂકંપ જેવા ધડાકા થતા હતા.

'શેઠાણી! આ રોગ અમારા જેવા પરસેવાના પાડનારથી અજાણ્યો છે. રોગ જ જેને ન થયો હોય એને ઓસડનું જ્ઞાન ક્યાંથી હોય?'

'હું વૈદ બતાવું તો?' રોહિણીએ પ્રશ્ન કર્યો. એના અવાજમાં ઉત્સાહ હતો.

'તો હું તો ચિઠ્ઠીની ચાકર છું. ઝટ જઈને એને બોલાવી લાવું.'

'બાપના બોલથી કહે છે રંભા? જો હું ખાનદાન સ્ત્રી છું. જરા પણ વાત બહાર ગઈ તો મારે ઝેરનાં કચોળાં ઘોળવાં પડશે. પણ મને મારી ચિંતા નથી. મરીશ તો સુખી થઈશ. પણ ચિંતા તો એ છે કે મારે કારણે બીજા ઘણાનાં જીવનમાં ઝેર ભેળાશે.' રોહિણીએ રંભાને કામની ગંભીરતાથી ખબરદાર કરી.

'બા, છૂપા કરમની ભગવાન સિવાય કોઈને જાણ થતી નથી. એ દયાળુ છે.'

'જોયો તારો ભગવાન! અરે! મને તો ભગવાનની લેશ પણ ચિંતા નથી, પણ એનાં બનાવેલાં કહેવાતાં આ ઝેરી માણસોની ચિંતા છે. પારકી બૂરાઈમાં એમની લૂલી ઝાલી રહેતી નથી. કહે, છે હિંમત તારામાં? હિંમત હોય તો જ કામની હા પાડજે!' રોહિણી પાયો મક્કમ કરી રહી હતી. રંભાએ જીભ ચલાવવાને બદલે માથું હલાવીને હા કહી. રોહિણીએ એને આવતી કાલે આ જ સમયે હાજર થવા સૂચના કરી.

બીજે દિવસે રંભા અને રોહિણી નિયત સમયે ઝરૂખા પાસે આવી ગયાં. પેલો લહેરી જુવાન દુહો ગાતો નીકળ્યો કે રોહિણીએ આંગળી ચીંધીને કહ્યું : 'આ જાય મારા વૈદ! મારા રોગનું ઓસડ એની પાસે છે. જા, એને સમજાવીને બોલાવી લાવ!'

રંભા આ સાંભળી ક્ષણભર અવાક્ થઈ ગઈ.

'બસ ને રંભા? બાપના બોલની કિંમત આટલી જ ને? વારુ, જા! મારી બેન! એ કામ ન થાય તો એક બીજું કામ કર. મને એક અફીણનો વાટકો ઘોળીને લાવી

દે !' રોહિણીની આંખોમાં ઉન્માદ જાગતો હતો. રંભા સમજી કે આ દશામાં માણસ જાન પર ખેલી જાય છે. એણે કહ્યું : 'ચિંતા ન કરો, બા ! કામ દુષ્કર છે, પણ બોલે બંધાયેલી છું. હમણાં લાવીને હાજર કરું છું.'

રંભા સડસડાટ નીચે ઊતરી ગઈ. રોહિણી મનનું ધાર્યું થવાના આનંદમાં ગીતની કોઈ સુંદર પંક્તિ ગણ-ગણતી પલંગમાં જઈ પડી. બે ઘડી આંખ બંધ કરી પડી રહી. પછી એને તરત જ ખ્યાલ આવ્યો કે ભૂખે-તરસે પોતાની કાયા કૃશ કરી નાખી છે. અન્ન એ જ રૂપ છે ને ! એણે સામે પગલે ચાલીને થોડું ખાધું. વૈદ્ય આવ્યા. નાડી જોઈ તો આશ્ચર્ય થયું !

વૈદ્યે સુખસાગર શેઠ પાસે જઇને વધાઈ ખાતાં કહ્યું : 'દવા કાર કરી ગઈ. તેતરની ચાલે ચાલતી નાડી હવે હાથીની ચાલે ચાલવાં લાગી છે.'

સુખસાગર મલકાણા. રોહિણી આનંદની અનેરી સૃષ્ટિમાં મહાલી રહી હતી. એ સાથોસાથ વિચારતી હતી કે, 'વિશ્વાસુ દાસી રંભાને ખુશ કરવી પડશે. દરેક પ્રવૃત્તિનો પ્રાણ પૈસો છે. અરે ! પણ એ દાસીનું ગજું કેટલું ! મારા દેહ પરના અઢળક અલંકારોમાંથી એક કાઢીને ફેંકી દઈશ, તોય રાજી થઈ જશે. કૂકડીના મોંમાં ઢેફલી જ હોય ને!' શ્રીમંત રોહિણી પાસે ગરીબ રંભાને માપવાનો આ એકમાત્ર ગજ હતો.

થોડીવારે રંભા દાસી મલકતી મલકાતી આવી. રોહિણી પલંગમાંથી છલંગ મારીને સામે ગઈ. એના બે હાથ પકડી બાજુના ખંડમાં લઈ ગઈ. આજુબાજુના

એકાંતની ખાતરી કરી લીધી, ને નેત્રના સંકેતથી રંભાને બધી વાત કરવા સૂચવ્યું.

રંભા મંદ સ્વરે કહેવા લાગી : 'હું એને મળી. મને હતું કે એ આનાકાની કરશે, પણ એણે કહ્યું : 'ભલા! લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા જનારો હું નથી.' બા! માણસ પણ જાતવાન લાગ્યો. એણે કહ્યું કે, 'હમણાં શક્તિમાતાના દિવસો ચાલે છે. નવ દહાડા સાચવી લઈએ. માતાજી આપણું રક્ષણ કરે. તારી શેઠાણી-ને કહેજે કે દશમે દહાડે સેવક તમારા ચરણમાં સમજજો. મારા પ્રેમની નિશાની તરીકે આ લાલ કમળ એમને ભેટ કરજે.' રંભાએ કમખામાં રાખેલું લાલ કમળ કાઢીને રોહિણીને આપ્યું. રોહિણીએ લાલ કમળને પોતાની છાતી સાથે દાબ્યું. કોઈ અપૂર્વ સુખની આભા એના મુખ પર પ્રસરી રહી. પછી એણે કહ્યું : 'રંભા સાચું કહેજે. મારી પસંદગી કેવી છે?'

'ઉત્તમ!' રંભાએ એટલો જ જવાબ વાળ્યો. પણ ટૂંકા જવાબથી રોહિણીને શાંતિ ન વળી. એણે એ પુરુષ વિષે અનેક પ્રશ્ન કર્યા, પણ અણઘડ રંભા મનમાન્યા જવાબ આપી ન શકી. આખરે રોહિણીએ ગળામાંથી હાર કાઢીને રંભાને આપવા માંડયો. રંભાએ કહ્યું : બા! મારા પેટમાં આ ઘરનું જ અન્ન છે હો.'

'રંભા! આ હાર મારા પિયરનો છે. તું ન લે તો તને મારા સમ.'

રંભાએ હાર લીધો. હવે રોહિણીને નવ દિવસ વિતાવવાના હતા. નવ ભવ જેવા નવ દિવસ કેમ

જશે ? પણ એ દિવસોય મનભર રીતે પસાર થવા લાગ્યા. ખરેખર ! દામ કરે કામ, એ કહેવત ખોટી નથી. હાર ભેટમાં મળ્યા પછી રંભા રોજ એ રસિયાને મળી આવતી. જૂદી જુદી ભેટો લઈ આવતી. કાગળપત્રની પણ આપ-લે કરતી. રોહિણી પણ અવારનવાર નાનાં મોટાં ઈનામોથી રંભાની કદર કરતી. એમ દિવસો પસાર થવા લાગ્યા.

શક્તિમાતાના દિવસો પૂરા થતા હતા. શહેરમાં પૂર્ણાહુતિની ધમાલ મચી હતી. અહીં રોહિણીના દિલમાં પણ અનેક પ્રકારની ઊથલપાથલ ચાલી રહી હતી. નવ-નવાં વસ્ત્રની રોજ બાંધછોડ કર્યા કરતી, શણગાર ને વિલેપનની નવનવી રીતો ખોળ્યા કરતી. હવે તો માત્ર પ્રહરો જ ગણવાના હતા.

રોહિણી પ્રહર ગણી રહી હતી. ત્યાં તો એક સવારે સુખસાગર શેઠ હાંફળાફાંફળા આવ્યા. ઘરના નોકર-ચાકરને જાતજાતના હુકમો આપવા લાગ્યા. ગાંસડાં-પોટલાં બંધાવા લાગ્યાં. રથ, ગાડાં ને ઘોડાં ઘરના આંગણામાં આવીને ઊભાં રહ્યાં.

રોહિણીનું ચિત્ત જુદી જ દુનિયામાં ઘૂમતું હતું. એણે ધમાધમ જોઈ, પણ કારણ પૂછવાનું મન ન થયું. આખી રાત આમ ધમાલ ચાલી. પરોઢિયે ફરી સુખ-સાગર શેઠ આવ્યા. એમણે રંભા મારફત રોહિણીને બોલાવી. એ આવીને બારણાની આડશે ઊભી રહી.

સુખસાગરે કંઈક ચિંતાભારવાળા અવાજે કહ્યું : 'આપણી પેઢી મોટી ખાધમાં આવી છે. લેણદારો હવેલી પર કબજો કરવાની પેરવીમાં છે. ઝટપટ જે લેવાય તે

લઈને નીકળી જવામાં સાર છે. રથ તૈયાર છે. ગાડાં ઘરવખરીથી ભરાઈ ગયાં છે. સાથે વિશ્વાસુ ઘોડેસવાર ચોકિયાતો પણ છે. થોડા દહાડા સુખેદુઃખે આપણા બાપદાદાના ગામમાં રહેવું પડશે. એમ તો ગોકુળ–વૃંદાવન જેવું ગામડું છે.'

રોહિણી સસરાજીને કાંઈ પ્રશ્ન કરે એ પહેલાં તો તેમણે રવાનગીના હુકમો આપવા માંડ્યા. રોહિણીને મને કે કમને પણ તૈયાર થયા સિવાય છૂટકો નહોતો. રવાના થતાં પહેલાં એણે રંભાને બોલાવી કંઈક વાત કરી.

આ પછી રંભાએ શેઠ પાસે એક દિવસની રજા માગી. ઘેર અનાજ આવેલું એમ ને એમ પડ્યું હતું. ગામડે કદાચ વધુ રોકાવું પડે માટે ઠેકાણે પાડતી આવે. શેઠે એમાં કાંઈ વાંધો ન લીધો.

સુખસાગર શેઠ રથવાળાને, ચોકિયાતને, ગાડાવાળાને જુદી જુદી સૂચનાઓ આપવા લાગ્યા. રથમાં બેસતાં પહેલાં રોહિણીએ રંભા સાથે થોડી ખાનગી વાતચીત કરી, કંઈક કાનમાં કહ્યું ને રથ વહેતા થયા.

અલ્લાદીનના જાદુઈ ચીરાગની કરામતથી બધું એકાએક પલટાઈ ગયું. ભર્યુંભાદર્યું શહેર જોતજોતામાં અદૃશ્ય થયું ને ત્યાં એક નાનું ગામડું આવી ઊભું. ગારો, માટી, ધૂળ ને નાનાં ખોરડાં! ન રસ્તા, ન બત્તી, ન નળ! આ ગામમાં સુખસાગર શેઠનું બાપદાદાની વારીનું ઘર હતું.

ગામડાના ઘરમાં સોઈ શી હોય? ને એકાંતનું તો નામ પણ ક્યાંથી મળે? બે ઓરડા ને બારી, મોટી

પરસાળ ! બીજે દિવસે રોહિણીને થયું કે પ્રેમપંથની જોગણ બનીને નાસી છૂટું. એક રાત ભારે હૈયાવલોવણ વીતી. બીજે દિવસે રંભા શહેરથી આવી. એ પેલા પુરુષનો સંદેશો લઈ આવી હતી. એણે કહેવડાવ્યું હતું : 'નોકરિયાત છું. શેઠની મંજૂરીની જરૂર છે. રજા મળતાં ઘડી એકના વિલંબ વિના ચરણસેવામાં આવી પહોંચીશ. મારા દિન કેમ જાય છે, તે હું જાણું છું. જલમાં મીન પ્યાસી છે !'

રોહિણી આ સમાચારથી જરા નિરુત્સાહી થઈ ગઈ. હાય રે પુરુષ ! બસ, પૈસો, પૈસો ને પૈસો ! પૈસો જાણે બીજો પ્રાણ છે તારો ! અને રોહિણીએ તેને ઠપકાનો પત્ર લખવાનો વિચાર કર્યો : 'રે જીવડા ! શેઠ બીજો મળી રહેશે, પણ આવી ચતુરા નાર બીજી નહિ મળે. તુંય પૈસાનો પૂજારી છે કે શું ?' પણ કાગળ લખવા જેટલી એકાંત આ ઘરમાં કયાં મળે ? ગામડાનાં ઘર એટલે જાણે જાહેર પ્રદર્શનનાં સ્થળ !

રોહિણી ઓરડો બંધ કરી, સાંકળ ચડાવી કાગળ લખવા બેઠી. બરાબર એ વખતે મળવા આવેલી સ્ત્રીઓએ બહારની સાંકળ ખખડાવી જીવ કાઢી નાખ્યો. રોહિણીને ઝટપટ બધું સંકેલી લઈ બહાર આવવું પડયું. આવનારી સ્ત્રીઓ હાથ લાંબા કરીકરીને કહેવા લાગી : 'વાહ રે બાઈ ! તમારાં સાસુ ગામમાં આવે એટલે તરત સામે પગલે અમને મળવા બોલાવતાં, ને અમારા કુશળ સમાચાર પૂછતાં. ને તમે તો નવાં નવતરનાં બાઈ ! સામે પગલે મળવા આવીએ છીએ, તો ઘર બંધ કરીને સાંકળ ઠસાવીને બેસી જાઓ છો !'

રોહિણી છોભીલી પડી ગઈ. એની—ભણેલીની દલીલો કે તર્ક આ ગામડિયા લોકો પાસે ન ચાલ્યાં. રોહિણીને અંતરમાં અકળામણ થવા લાગી. કેવાં આ ગામડાં ! કેવાં ગંદાં આ લોકો ! નાગરિકતાના નિયમોનો તો કોઈ ખ્યાલ જ નહિ ! સભ્યતા શું, એ તો જાણે જ નહિ ! શહેરમાં સહુ સ્વતંત્ર ! ગમે તેમ ચાલો, ગમે તેમ મહાલો, ન પૂછ, ન પરછ ! અહીં તો ચાલો તો તમારી ચાલની ચર્ચા થાય ને બોલો તો બોલની ટીકા ! શું પારકાની ચોકી-દારી કરનારાં જીવ ! રોહિણી મૂંઝાઈ ગઈ. એને રાત માથે લેવાનું મન થઈ આવ્યું. આવી પરિસ્થિતિમાં માત્ર રંભા એનો સહારો બની રહેતી. એ જૂનીનવી વાતોથી, ટોળટપ્પાથી, પેલા જુવાન વિષેની નવી નવી વિગતોથી એનું મન રાજી રાખતી.

એક દહાડો સુખસાગર શેઠ આવ્યા. એમણે રોહિણી-ની ઉપસ્થિતિમાં રંભાને કહ્યું : 'રંભા ! આખરે આપણી હવેલી પર સરકારનાં સીલ લાગી ગયાં. ચોપડા સરકાર-માં ગયા. હવે મારે કોરટ–કચેરીના ધક્કા ખાવા પડશે. ચાર દહાડા અહીં તો ચાર દહાડા ત્યાં. આ પટારાની ચાવીઓ વહુને આપી રાખ ! કોઈવાર માણસ સાથે જૂના ચોપડા મંગાવું તો ભણેલાં વહુ શોધીને આપી શકશે. ઘરનો અવેજ પણ એમાં છે. રે ભગવાન !અમારું તો ઠીક, પણ વહુ શહેરનું સુંવાળું માણસ !' સુખસાગર આકાશ સામે દીન વદને જોઈ રહ્યા.

રોહિણી ભારે ગુસ્સામાં હતી. એ તો કંઈનું કંઈ બોલવાનું વિચારી રહી હતી, પણ ન જાણે સુખસાગરનાં

વચનોએ એના પર શું જાદુ કર્યો કે એનાથી એકાએક લાગણીવશ બોલાઈ ગયું : 'રંભા ! શેઠને કહે કે મારી ચિંતા ન કરે !' બોલ્યા પછી તો એનેય થયું કે મેં મારા આત્માને કેવો ઠગ્યો ! મારે તો ચોખ્ખું કહેવું જોઈતું હતું કે મૂકોને લાલબાઈ તમારા આ ગામડામાં ! ને તમારા આ ધંધામાં !

સુખસાગર વહુનો જવાબ સાંભળી બોલ્યા : 'તમારે માથે ખાનદાની છે. તમે તો એમ જ કહો, પણ મારાથી...' સુખસાગરે જરા ગળગળા સાદે કહ્યું ને છેલ્લું વાકય પૂરું ન કરતાં રંભાને ઉદ્દેશીને બોલ્યા : 'રંભા ! અહીંનાં કામ તો જાડાં. થાય એટલું કરજો, બાકી પૈસા દઈને કરાવજો. એ તો લાખ ભેગા સવાલાખ ! પણ વહુ–લક્ષ્મીને કોઈ વાતે મૂંઝાવા ન દઈશ.'

સસરા ચાલ્યા ગયા. રોહિણી મનમાં વિચારી રહી કે સસરા અહીં સ્થાયી નથી રહેવાના, એ પણ કુદરતનો શુભ સંકેત જ છે. દુઃખથી ભર્યા આ જીવનમાં આવાં માનસિક આશ્વાસનો એ શોધી રહી. એનો પ્રેમીજન અહીંજ આવવાનો હતો. હવે અહીં રહીને જ એની રાહ જોવાની હતી !

રંભાને આખો દિવસ કામ પહોંચતું. ગામડામાં તો ધૂળ–માટી સાથે જ કામ ! પળવાર પહેલાં ઘર સાફ કર્યું કે પળવાર પછી હતું એવું ને એવું ! ગામડામાં કામવાળાં વળી ધાર્યું કામ ન આપે. કામમાં ચોખ્ખાઈ પણ નહિ. વળી રંભા કહે કે કયું માણસ ભરોસાનું ને કયું બિન-

ભરોસાનું એની અહીં કંઈ સમજણ ન પડે; માટે હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા ! રોહિણી પણ બહુ માણસ ભેગાં ન થાય તેમ જ ઇચ્છતી ! એણે રંભાની સાથે સાથે કામ ઉપાડ્યું. કામથી આમ તો આનંદ ન આવ્યો, પણ વરસ એકનો દહાડો જે ખૂટતો નહોતો તે જલદી ખૂટવા લાગ્યો. રાત ભારે અજંપાવાળી જતી, તે હવે તો આંખ મીંચી કે સવાર પડી જતી ! ધીરે ધીરે કામ એને ગમવા લાગ્યું. નવરા હાથ એના મનને બહેકાવી મૂકતા. કામાળા હાથ ન જાણે તન સાથે મનને પણ ખીલે બાંધવા લાગ્યા.

એક દહાડો સુખસાગર શેઠ પટારામાંથી જૂના ચોપડા લેવા આવ્યા. જૂના માણસ એટલે ભૂતકાળના પ્રેમી. એમને પોતાના જૂના વભાની (વૈભવની) વાતો કરવી ખૂબ ગમે. એ દહાડે રોહિણી સાંભળે તેમ તેઓ કહેવા લાગ્યા :

'રંભા ! મારાં મા-અચીમાની વાત તને શું કહું? હું તો પેટમાં હતો ને મારા બાપ ચાર દહાડાની માંદગીમાં એકાએક ઊપડી ગયા. અચીમાની ઉંમર એ વખતે ફકત ૧૮ વરસની. રૂપ-કાંતિ તો અસલ આપણાં વહુ જેવાં ! વળી દુનિયાનું સુખ પણ શું માણેલું ? પણ ઘરની લાજ-આબરૂ સાચવીને બેઠાં. ઘરનો માનમોભો ઢાંકીને બેઠાં. ટિટોડીના બચ્ચા જેવા મને ઉછેર્યો. ઘરમાં માલમિલકત શી હતી, એ તો એ જાણે ને ભગવાન જાણે, પણ અમારે ત્યાં પાંચ પેઢીનું છાશ-રાબનું પરબ ચાલે ! પૈસા તો ખરચાય એમ નહોતા. થોડાં ઢોર જાળવ્યાં. એકલે હાથે છાણ-

વાસીદું, ગારગોરમટી કરી એ પરબ ચાલુ રાખી. મારા બાપની આબરૂ સવાઈ કરી. પચીસ વરસની એ બાઈને આટલા પંથકમાં પચાસ–સાઠ વર્ષનાં માણસો પણ જોગમાયા કહી બોલાવતાં. રંભા ! દુઃખ તો માણસને માથે હોય, ને દુઃખમાં દીપે પણ માણસ જ !'

રોહિણીને આ વાતો મિથ્યાભિમાનના પ્રદર્શન જેવી લાગતી. બાપનો કૂવો સારો હોય અને એકાદ જણ એમાં ડૂબી મર્યો એટલે શું આપણે પણ ડૂબી મરવું ? આ ગામડામાં રસ જેવું છે શું ? આ ઘરની કીર્તિને મારે ખાવી કે પીવી ? પહેરવી કે ઓઢવી ? ને પોતાના બળતા જીવને સાંત્વન આપવા રોહિણી રંભાદાસી પાસે દોડી જતી. મૂક ઝનૂનથી એને કામમાં મદદ કરતી ને દિવસો પસાર કરતી. ધીરે ધીરે ઘરમાં પૈસાની તાણ દેખાવા લાગી. કોર્ટ–કચેરીમાં ઘણો પૈસો ખરચાવા લાગ્યો. ઘણાં કામ હાથે કરવાનાં આવ્યાં. મૂંગે મોંએ, બળતે હૃદયે રોહિણી કામ કરવા લાગી. એને પ્રતીક્ષાના દિવસો જેમ તેમ વિતાવવાના જ હતા ને !

વળી સસરાજી એક દહાડો આવ્યા ને એમની જૂની રામાયણ ખોલી બેઠા : 'રંભા ! આખું ગામ કહે છે કે છાશનું પરબ તમારે ત્યાં પરાપૂર્વથી ચાલતું આવ્યું છે. જોગમાયાનું એ ચરણામૃત છે. માટે પરબ ચાલુ કરો. આપણી સ્થિતિ તું જાણે છે રંભા ! પણ તારાં શેઠાણીની હિંમત ને મરજી હોય તો મારી હિંમત તો છે. હુંય સાથે કામ કરાવવા લાગીશ. શહેરમાં કામની શરમ. ગામડામાં તો ખોરાક જ કામ.'

રોહિણીમાં કંઈ પરિવર્તન આવી રહ્યું હતું. વળી કામ એને અહીં આરામરૂપ હતું, નહિ તો ઉરનાં એકાંત ભડકે બાળતાં. એ બોલી: 'હું રાજી છું. સુખદુઃખ તો ચાલ્યાં કરે, પણ આપણે આપણું નીમ કાં છોડીએ !'

બીજે દિવસે આંગણામાં બે ભેંસો આવીને બંધાઈ. ગળાબૂડ કામ વધ્યું. સુખસાગર શેઠે કેડ ભીડી, વહેલા ઊઠીને કામમાં મદદ કરવા માંડી; પણ રોહિણીને જૂની પરંપરાના એ ભવ્ય પુરુષ તરફ અંતરમાં અજાણ્યું મમત્વ જાગ્યું હતું. એણે સસરાજીને કામથી વાર્યા ને પોતે કામ ઉપાડી લીધું. બસ, કામ, કામ ને કામ ! રોહિણી કોઈ વાર કહેતી, 'આંગણે ઢોર બાંધવાં સહેલાં નથી. એમનાં ઊજળાં ઘી-દૂધ ખાવા માટે ઢોર સાથે ઢોર થવું પડે !'

છાશનું પરબ ચાલુ થયું. આખું ગામ સવારમાં ઊમટી પડતું. જાતજાતના લોકો ભાતભાતની વાતો સાથે આવતા. કોઈ દુખડાં ગાતું, કોઈ સલાહ પૂછતું, કોઈ આપપ્રશંસા કરતું. કોઈ કહેતું કે બાઈ, દીવે દીવો પેટાય તે આનું નામ ! જેવાં મોટા મનનાં સાસુ તેવાં મોટા મનનાં વહુ ! કોઈ કહેતું, બાઈ નાનાં છે, પણ પેટ અવતાર માગીએ તેવાં છે. જેવાં સહુનાં ઠાર્યાં એવાં એમનાં ઠરજો ! કોઈ 'સતીમા' કહી બોલાવતું, કોઈ 'જોગમાયા' કહી બિરદાવતું. કોઈ કહેતું : 'ખમા તમારા સતને !' કેટલાંક નિંદા કરનારાં પણ હતાં. પણ છાશ જેમ રોજ જાડી ને ઘટ્ટ થતી ગઈ, તેમ કડવું બોલનારની જીવ સિવાતી ગઈ.

કોશેટામાં રેશમનો કીડો વીંટાઈ જાય, એમ રોહિણી આ વાતાવરણમાં વીંટાઈ ગઇ. આ સ્થિતિમાં અન્ય

પ્રકારના વિચારો એને અસંગત લાગવા માંડ્યા. અહીં એને એક અજબ અનુભવ થવા લાગ્યો હતો કે તનનો થાક મનને અપૂર્વ તાજગી ને આરોગ્ય બક્ષનારો નીવડ્યો હતો. એનું માંદું મન સ્વસ્થ થવા લાગ્યું હતું. કોઈ વાર જૂના વિચારો અકળાવતા ત્યારે એ વિચારતી કે હું કોના બેસણે બેઠી છું? અચીમાના! જે ૧૮ વર્ષે રાંડ્યાં ને ૬૮ વર્ષે ગુજર્યાં! પૂરા પચાસ વર્ષમાં કોઈ ઠેકાણે--દિલ પર કે દેહ પર--ડાઘ પડવા ન દીધો!

રોહિણીનાં દિવસ અને રાત આમ વીતવા લાગ્યાં. એના મનમાં પૂનમની ચાંદની ખીલી રહેતી, કદી અમા-વાસ્યા આવું આવું થતી! પણ ઘરનાં કામ જેમ વધ્યાં, એમ ગામમાં બેસવા-ઊઠવાનું પણ વધ્યું. કોઈને જોવા જવું, કોઈને સલાહ આપવી, કોઈને ત્યાં પ્રસંગમાં હાજરી આપવી. રોહિણી ઘણીવાર આનંદમાં આવી જઈ કહેતી: ‘ઓ મા! હવે હું થાકથી ને કામથી મરી જઈશ!’ અને ખરેખર, જૂની છેલછબીલી રોહિણી મરી રહી હતી, એને સ્થાને કોઈ નવી રોહિણી પ્રકટી રહી હતી.

રંભાએ એક દિવસ શેઠાણીબાને એકાંતમાં બોલાવ્યાં ને કહ્યું: ‘બા! રંગીલો રાયવર આવી પહોંચ્યો છે. ગામ બહાર વાડીએ બેઠો છે. ત્યાં મળવાને તમે જશો કે એને અહીં તેડી લાવું?’

‘રંભા! રંભા! હું રાંડ પિંગળા નથી. આ કાળી મજૂરીમાં હું એ રોહિણી રહી નથી. એને પાછો વાળ. મને કામનું ઔષધ મળી ગયું છે.’

'ઔષધનો આપનારો કયો વૈદ મળ્યો? મારાથી પણ છાનું! ભારે પક્કાં છો.' રંભાએ કટાક્ષપૂર્વક કહ્યું.

'રંભા! મારી બેન! તારી પાસે જૂઠું નહિ બોલું. સસરાજીએ વૈદની ગરજ સારી!' રોહિણીના શબ્દોમાં આજ સુધી અજાણ્યો લજ્જાનો ભાવ ગુંજતો હતો.

'શું કહો છો, શેઠાણીબા?' રંભાના શબ્દોમાં ચીસ હતી.

'સાવ સાચું કહું છું. તારાથી કોઈ સારું કે નરસું મેં છુપાવ્યું નથી. મારા સસરાજીએ શીખવ્યું કે કામનું ઔષધ કામ છે. નવરા માણસને કામદેવ વધુ પીડે છે. કામગરા માણસ પાસે કામદેવ એનો દાસ બની રહે છે. મારું મન સ્વસ્થ થયું છે, પણ રંભા! એક ચિંતા મારું કાળજું કોરી ખાય છે. મારો એ ઉદ્ધારક-મારો એ પ્રભુ -સસરોજી જ્યારે મારાં પાપ જાણશે, ત્યારે હું કયા મોંએ જીવી શકીશ?'

'ચિંતા ન કરશો. સુખસાગર શેઠ બધુંય જાણે છે.' રંભાએ કહ્યું.

'તું શું કહે છે, રંભા? ઓ વિશ્વાસઘાતિણી, આખરે બિલાડીના પેટમાં ખીર ન રહી. તેં જ કહી દીધું!' રોહિણીએ આવેશમાં કપાળ કૂટ્યું. વળી થોડીવારે બોલી: 'રંભા! પણ તને એકલીને શા માટે દોષ દઉં? જેવી તું વિશ્વાસઘાતિણી છે, એમ હું પણ વિશ્વાસઘાતી જ છું ને! એક ચોર બીજા ચોરને કઈ રીતે ભાંડી શકે? હવે પહેલું અને છેલ્લું મારું એક કામ કર. મને અફીણ

લાવી આપ ! અચીમાના પવિત્ર બેસણાને હવે મારા પાપ-ભારથી મુક્ત કરવું ઘટે. પવિત્ર પ્રભુ જેવા સસરાજી સમક્ષ હવે મારાથી આ કલંકભાર સાથે કેમ ઊભું રહેવાશે? રંભા ! અચીમાએ જીવીને આબરૂ જાળવી, હું મરીને આબરૂ રાખીશ. કૃપા કરીને મરતા માણસને શાંતિ લાધે એમ કર ! એ જુવાનને વાડીએથી જ પાછો વાળ ! એની પાસેના મારી કલંકકથા કહેતા પત્રો મોંમાગ્યું ધન આપીને પણ પાછા લઈ લે ! મુજ અભાગણીની ચિતામાં એ પત્રો સાથે બાળજે !' રોહિણી અર્ધમૂર્છિત જેવી પલંગ પર પડી. આંસુનો પ્રવાહ વેગથી વહી રહ્યો.

રંભા પાસે ગઈ. એના ધગધગતા કપાળ પર હાથ ફેરવતાં બોલી : 'બા, ચિંતા ન કરશો. સાચા મનનું પ્રાયશ્ચિત્ત ગમે તેવાને પવિત્ર બનાવે છે. મેં તમારો વિશ્વા-સઘાત કર્યો, એની સજા ભગવાન જે આપશે તે સહી લઈશ. આ બધું ષડ્યંત્ર જ હતું. તમારા સસરા સુખ-સાગર શેઠ અને હું—અમે બેએ મળીને રચ્યું હતું. આજે પેટછૂટી વાત કહું છું. તમારા માટે જ્યારે હું પેલા રસિક નરને બોલાવવા નીકળી ત્યારે ભગવાને મને રસ્તો સુઝા-ડયો. હું સીધી તમારા સસરા પાસે ગઈ. બધી વાત ખુલાસાવાર કહી. મને તો ડર હતો કે એ રાતાપીળા થઈ જશે, પણ વાહ શેઠ વાહ ! એમણે મને કહ્યું : 'રંભા ! જુવાન સ્ત્રીનું જીવનબંધણું બાળક છે. બાળક વિનાની જુવતીના પતિવિરહમાં દહાડા દોહ્યલા થાય છે. વળી શહેરનું નવરાશનું વાતાવરણ કામોત્તેજક હોય છે. કામનું ઓસડ કામ છે. હું જોરજુલમનો વિરોધી છું. સ્ત્રી એવી છે કે રહે તો આપથી રહે, નહિ તો સગો બાપ પણ

જાળવી ન શકે, માટે કંઈ સારો ઉપાય વિચારીએ.' ને પછી અમે બંને જણાએ આ બધો ખેલ રચ્યો ને ભજવ્યો. ન કોઈ પુરુષને તેડયો છે, ન કોઈ કાગળ પત્રો ગયા-આવ્યા છે. બધુંય ખોટું ! બધુંય નાટક !' રંભા શ્વાસ લેવા થંભી.

'શું પેઢી કાચી નથી પડી ?' રોહિણીએ તીક્ષ્ણ અવાજે પૂછયું.

'ના વહુબેટા ! પેઢી તો ધમધોકાર ચાલે છે.' બહારથી સુખસાગર શેઠનો અવાજ સંભળાયો. એમણે અંદર આવતાં કહ્યું : 'મારી કાચી પેઢી તમારા પ્રતાપે બચી ગઈ. મારી તો સાત પેઢી તરી ગઈ !'

'ઓ મારી મા !' રોહિણી રંભાના ખોળામાં જઈને પડી ને ધ્રુસકે ધ્રુસકે રોવા લાગી. સુખસાગર શેઠે થોડીવાર રોહિણીને રડીને હૈયું હળવું કરવા દીધું. પછી બોલ્યા, 'રંભા ! ગામના લોકોની ઈચ્છા છે, કે શક્તિમાતાની મૂર્તિ તારાં શેઠાણી પધરાવે. બધાં કહે છે કે આખા ગામમાં એવો પરગજુ ને પવિત્ર જીવ બીજો કોઈ નથી. મેં સહુને કહ્યું છે કે મારી સતીવહુ મૂર્તિ પધરાવશે ને ઉત્સવનું ખર્ચ હું આપીશ.'

રોહિણી પોતાની જાતને કાબૂમાં રાખી ન શકી. એ કદી સસરાની આડે ઊતરી નહોતી. એ આજે સામે મોંએ ધસી ગઈને એમના ચરણમાં ઝૂકી પડી બોલી, 'મારા તરણતારણ દેવ ! આ ચામડીના જોડા સિવડાવું તોય...'

સુખસાગર શેઠે રોહિણીને આગળ બોલતી અટકાવીને કહ્યું, 'સતીવહુ ! તમે તો મારાં રતન છો. તમારાથી

હું ઊજળો છું. અને ગઈ તિથિ તો જોશી પણ વાંચતો નથી. ચાલો, જલદી તૈયાર થઈ જાઓ.'

પણ રોહિણી તૈયાર ન થઈ શકી. એના શરીરમાં કમજોરી ભરાઈ આવી હોય તેમ લાગતું હતું. એ ઊભી થઈ, ને ફરી મૂર્છિત થઈને સસરાના ચરણમાં પડી.

રોહિણીના ભરાવદાર અંબોડાનું ગુલાબ આપોઆપ સુખસાગર શેઠના દેવની મૂર્તિ જેવા પગના પહોળા પંજા પર જઈ પડ્યું.

# લાખેણો નર

## 6

મેવાડની હરિયાળી ભૂમિ પર, અરવલ્લીની આભ-ઊંચી ગિરિમાળની પડખે, એક નાનીશી ટેકરી ખડી છે. મેવાડની વીરભૂમિ પર હજારો શહીદોનાં ને સતીઓનાં સ્મારકો ખડાં છે, પણ આ ગરીબ નાનીશી ટેકરી પોતાના અદના વૈભવથી નોખી તરી આવે છે.

એને સહુ 'મનવાભાણની ટેકરી' કહે છે.

પણ રે! ઇતિહાસનાં પૃષ્ઠો ઊડી ઊડીને કહે છે: 'નથી જાણતાં અમે કે મનવા ભાણ એકઈ ચિડિયાનું નામ હતું!'

પુરાતત્ત્વવિદો છાતી ઠોકીને કહે છે, કે નથી જાણ્યો કોઈ રાય-રાણો મનવો! નથી મળ્યો એના નામનો એકે પથરો-પાણો!

આમ જ્યારે ભણેલાગણેલા માણસો મનવાભાણની ભાળ આપવાની ના ભણે છે, ત્યારે ટેકરીની પૂર્વ પાંખને

પખાળતું એક નાનુંશું ઝરણું કે મુગ્ધાના ઝાંઝર જેવો ઝણકાર કરતું કહે છે : 'અરે...અમે જાણીએ છીએ કે મનવાભાણ કોણ હતો !'

પણ મુગ્ધા કોનું નામ ! આટલું કહીને એ પોતાનું મોં ઘૂંઘટપટમાં છુપાવી દે છે. મનવાભાણ કોઈ માણસ હતો, એટલું તો જાણ્યું. પણ પછી શું ? જિજ્ઞાસા તો અકળામણી છે !

મનવાભાણ ભોપાલનો જાણીતો બહુરૂપીઓ હતો. એને ત્યાં સાત પેઢીથી આ વિદ્યા ઊતરી આવી હતી. બાપીકી કળામાં મનવો પાવરધો બન્યો હતો. જે વેશ લેતો એને અનુરૂપ બની જતો. એને યોગ્ય ભાષા બોલતો. નિશાળ તો એણે ક્યાંથી દીઠી હોય ! પણ ગમે તે ભાષા કહો ને—મેવાડી, મરાઠી, મારવાડી, હિંદી, અરબી, ગુજરાતી—એ ચપચપ બોલે. વેશ પણ અજબ અજબ લે. કોઈ દહાડો સિદ્ધસંન્યાસી થાય, કોઈ દહાડો દરવેશનો વેશ લે. કોઈ વાર વેપારી, તો કોઈ વાર વણઝારો તો કોઈ વાર મહાકાલી કે ભૈરવ થાય. વાઘના કે વાનરના વેશ તો એના જ. જે વેશ લે, જે નકલ કરે, એ અસલને પણ ઝાંખું પાડે એવી ! એ હતો તો નકલ કરનારો, પણ રૂપ-કળાનો સ્વામી હતો.

એક વાર એક ગામના ઠાકોરને જાચવા ગયો. જુવાનીનું જોમ કોઈ વાર વિવેકને ભૂલી જાય છે. એણે ખુદ એ ઠાકોરનો જ વેશ કાઢ્યો ! એ રાજા જે અબલખ ઘોડો વાપરતા, એવા અશ્વ પર એ ચઢ્યો. ચઢીને રાજદરવાજે આવી ઊભો રહ્યો ને ખોંખારો ખાધો. દરવાને રાજાજીના સામે જોયું ને નમસ્કાર કરીને દરવાજો ખોલી નાખ્યો.

રાજાએ તો ઘોડો સીધો રાજમહેલના પગથિયા સુધી હાંક્યો ને ચડપ લઈને છલાંગ મારી નીચે ઊતર્યા. તરત ચોપદાર આવ્યો. રાજાજીએ ઘોડાને ચારો નીરવા હુકમ કર્યો. પછી તેમણે ખજાનચીને બોલાવ્યો. ખજાનચીને રોફથી કહ્યું કે રાતોરાત ખજાનાની સિલક મેળવી સવારમાં રૂપિયા, આના, પાઈ સાથે આંકડા રજૂ કરો. કામ સમય-સર પૂરું ન કર્યું તો પછી તમે છો ને હું છું! ખજાનચી તો બીકનો માર્યો, વધુ વિચાર કર્યા વગર, તરત ખજાનો ઉઘાડીને કામે લાગી ગયો.

પછી રાજાજીએ રાણીને બોલાવ્યાં અને કહ્યું કે 'પહાડની ગાળીમાં વાઘ ભરાયો છે. આજ રાત ત્યાં ગાળીશ. મારી ચિંતા ન કરશો.'

રાણી કહે: 'નાથ! આવી સુંદર રાત...ને તમે જશો? લાખ ટકાની મારી રાત!' પણ રાજાજી કંઈ સાંભળ્યા વગર ઘોડે ચડી ચાલી ગયા! ક્ષત્રિયપુતર કોનું નામ!

આમ મનવો વેશ ભજવીને ગયો ને થોડી વારે બહાર ગયેલા ઠાકોર ખુદ આવ્યા. દરબારગઢની દેવડીએ આવી ખોંખારો ખાધો. દરવાન એમને તાકી રહ્યો. રાજા કહે: 'અલ્યા! આંખો ફાડી ફાડીને શું જુએ છે?'

'હજૂર, હમણાં ઘડી પહેલાં તો આપ અહીંથી ગયા છો!'

'અરે મૂર્ખ! હું તો વીસ માઈલ ફરતો આંટો દઈને સાંજનો નીકળેલો અત્યારે આવ્યો છું. તને અફીણનો અમલ વધુ ચઢ્યો લાગે છે!' અને ઠાકોર અંદર ગયા.

ચોપદાર સૂવાની તૈયારી કરતો હતો, ત્યાં એણે ઘોડાની હણહણાટી સાંભળી. ઠાકોર આટલા જલદી પાછા ફર્યા જોઈને એને આશ્ચર્ય થયું. એણે આગળ આવીને ઘોડો ઝાલી લીધો. રાજાજી કહે : 'અલ્યા ! ૪૦ ગાઉનો પંથ ખેડીને જાનવર આવ્યું છે. ભૂખ્યું-તરસ્યું છે. ચારો-પાણી બરાબર નીરજે !'

ચોપદાર કહે : 'હજૂર ! આ અબલખ ઘોડાને તો મેં હમણાં જ ચારો-પાણી નીર્યાં છે.'

રાજા કહે : 'અલ્યા ! તમારાં બધાનાં મગજ ખસી ગયાં છે કે શું ?' ચોપદારના મનમાં થયું કે ઠાકોર છાંટોપાણી કરી આવ્યા લાગે છે. હશે, મોટા માણસ છે. વાઘને કોણ કહે કે તારું મોં ગંધાય છે ? બાકી મારે સગે હાથે હમણાં જ ચારોપાણી નીર્યાં છે ! પણ અમીર પાસે ગરીબની તો ચૂપ ભલી !

રાજાજી આગળ વધ્યા, તો તિજોરીખાતામાં દિવાળી જેવા દીવા બળતા જોયા. તેઓ તરત ત્યાં જઇને ઊભા. ખજાનચીને તો માથું ઊંચું કરવાનો સમય નહોતો. રાત થોડી હતી, વેશ ઝાઝા હતા. રાજાજીએ ખજાનચીને હાક મારી ને કહ્યું : 'આટલી રાતે આ શું માંડ્યું છે ?'

'હજૂર ! આપના હુકમની તાબેદારી !'

'કોનો હુકમ ? કેવો હુકમ ? શાનો હુકમ ?'

'હજૂર ! આપે સવારે આખા ખજાનાનો હિસાબ રજૂ કરવાનું ફરમાન આપ્યું છે ને ! શું એટલી વારમાં વીસરી ગયા ? આપ વીસરી જાઓ તો પાલવે, પણ મારાથી

હજૂરનો હુકમ કેમ વીસરાય!' ખજાનચીએ નમ્રતાપૂર્વક કહ્યું, ને ઉમેર્યું : 'હજૂર! સવાર થતાં કામ તો પૂરું થઈ જ જશે. કદાચ કલાક બે કલાકની મહેતલ આપવી પડે!'

'જૂઠી વાત! ખજાનચી! આ કામમાં તમારી કોઈ હાથચાલાકી છે. મેં આવી રીતે ખજાનો ખોલવાનો હુકમ આપ્યો જ નથી,' રાજાએ તલવારની મૂઠ પર હાથ મૂકતાં કહ્યું.

'હજૂર! રાણી સાહેબા એનાં સાક્ષી છે!' ખજાનચીએ કહ્યું.

'તમે બધાં મને ગાંડો ઠરાવવા માગો છો કે શું? બોલાવો રાણીજીને!'

થોડી વારમાં રાણી આવીને હાજર થયાં. આવતાંની સાથે જ એમણે કટાક્ષમાં કહ્યું : 'કાં, વાઘ મારવાનું મુલતવી રાખ્યું કે શું? વાર્યા ન માનો, તમે પુરુષો તો હાર્યા જ માનો.'

'વાઘ કેવો ને વાત કેવી? હું તો વીસ માઈલ ફરતો ફેરો મારી હમણાં આવું છું. પેલો ભૂખ્યો ને તરસ્યો ઘોડો તો જુઓ!'

'શું કહો છો? કોણ ભૂખ્યો ને કોણ તરસ્યો? અરે! અબલખ તો હમણાં ચારો ચરી, પાણી પીને આપને લઈને ગયો છે. એક પ્રહર પણ પૂરો વીત્યો નથી!' રાણી બોલી, 'એ વેળા મેં પોતે આપને કહ્યું કે...'

'રાણી! બધું જૂઠું! નક્કી કોઈ ઈંદ્રજાલ! કોઈ બનાવટ! બોલાવો મંત્રી ચતુરસુજાણને! આ વાતનો ભેદ શોધી કાઢે!'

મંત્રી આવીને ઊભા રહ્યા. એમણે બધી વાત સાંભળી, એકેએકનાં નિવેદન લીધાં. બધું સાંભળીને ઘડીભર એ પણ વિમાસણમાં પડી ગયા. આખરે એમણે ઢંઢેરો પીટાવ્યો કે જે કોઈ આનો ભેદ કહેશે, એને રાજાજી મોંમાગ્યું ઇનામ આપશે.

બીજે દહાડે મનવો હાજર થયો. એની સાથે એનો મિત્ર ચતુરો હતો. મનવાએ કહ્યું: 'હજૂર! હું બહુરૂપી છું. રાતે મેં જ આપનો વેશ કાઢેલો; હું ઈનામનો હકદાર છું!'

રાજાજીના મનમાં આ વાત ન બેઠી. એમણે કહ્યું: 'વારુ! તેં મારો વેશ લીધો, પણ મારો અબલખ ઘોડો ક્યાંથી લાવ્યો? શું તારી પાયગામાં એવો ઘોડો છે?'

'હજૂર! મારે પાયગા કેવી ને ઘોડો કેવો? રહેવા જરીપુરાણું એક ઘર છે,' મનવો બોલ્યો.

'વાત માનવામાં આવતી નથી. આજે રાતે મને ફરી તારો વેશ ભજવી બતાવ!' રાજાએ હુકમ કર્યો.

એ રાતે ફરી મનવો બની-ઠનીને આવ્યો. એ જ અબલખ ઘોડો, એ જ રાજાજી! એ જ રોફ, એ જ દાબ! એ જ સીનો ને એ જ સિક્કો! અબલખ મનવાની રાંગમાં હણહણી રહ્યો છે. આવીને છલાંગ મારીને મનવો દેવડીએ ઊતર્યો. ચોપદારને બોલાવી ઘોડાને ચારો-પાણી નીરવા ફરમાવ્યું. ઘોડો પણ બટક બટક ઘાસ ખાવા લાગ્યો.

રાજાજી તો આંખો ફાડીને જોઈ રહ્યા. એક નોકરને પાયગામાં દોડાવ્યો ને જોવરાવ્યું કે પોતાનો વહાલો ઘોડો અબલખ ત્યાં છે કે નહિ? માણસે કહ્યું કે ઘોડો તો બાંધેલો છે. રાજાજી કંઈ સમજી ન શકયા. પૂરી ઇંદ્ર-જાલ! એ દોડયા ઘોડા પાસે! ત્યાં જાય ત્યાં તો બનાવટી પૂછડું દૂર નાખી, ઘોડાનું મહોરું અળગું કરી, મનવાભાણનો મિત્ર ચતુરો સલામ કરીને ઊભો રહ્યો. ખમ્મા બાપુને!

રાજાજી ખુશ ખુશ થઈ ગયા. મનવાને ૫૦૦ સોના-મહોર ઇનામમાં આપી. આ વખતે રાણીએ કહ્યું: "બહુ-રૂપીઓ જરૂર કુશળ છે, પણ મર્યાદા જાણતો નથી. એણે સ્ત્રીજાતની મશ્કરી કરી. માટે એને દેશનિકાલ કરો!"

રાજાએ મનવાને ઈનામ આપી, પોતાના રાજમાંથી દેશનિકાલ કર્યો. મનવાએ એ દિવસથી સ્ત્રીજાતની મશ્કરી ન કરવાની પ્રતિજ્ઞા લીધી.

આવાં તો લોકજીભે મનવાનાં અનેક પરાક્રમો ગવાતાં. એનો મિત્ર ચતુરો એક વાર વાઘનો વેશ લઈને જાચવા નીકળેલો. શિકારે નીકળેલા કોઈ રાજાએ એને સાચો વાઘ સમજી અચાનક ગોળી મારી દીધી. એ બિચારો મરણ પામ્યો. માનવો વાનરનો વેશ લઈને એક શેઠની બગી-ચીમાં પેઠેલો. ચોકીદારે તીર મારી ઘાયલ કરેલો.

પણ મનવો એ મનવો! લોકરંજનનો રાજા!

[૩]

એક વાર આ મનવો ફરતો ફરતો એક શહેરમાં આવી પહોંચ્યો. આ શહેરમાં બે શેઠ બહુ જાણીતા: એક

તો નથમલજી ગુલેચ્છા ને બીજા શેઠ નૂરઅલી. નથમલજી અને નૂરઅલી શેઠ વચ્ચે ગાઢી પ્રીત હતી. બંને મિત્રોને દિવસમાં એક વાર મળ્યા વગર ન ચાલે, ને વારપરબે એકબીજાની દિલ્લગી કર્યા વિના ચેન ન પડે! બંનેની હવેલીઓ વચ્ચે પણ બહુ છેટું ન હતું!

મનવો આ શહેરમાં અરબ સોદાગરનો વેશ લઈને આવ્યો. કંઈ રંગબેરંગી માળાઓ, મશરૂના રૂમાલો, પેશાવરની હીંગ ને બસરાનાં મોતી એ એના ચામડાના ભારે પાકીટમાં ભરતો લાવેલો.

સવારના પહોરમાં એ નથમલ શેઠની હવેલીએ જઈ ઊભો રહ્યો એણે એવી છટાથી વાત કરી કે શેઠ અંજાઈ ગયા. એમણે એને અંદર બોલાવ્યો, ગાલીચા પર બેસાડયો, વેપાર-વણજની વાત કરી. મનવાએ છેવટે સોદો નકકી કરવા કાલ ફજરમાં આવીશ, એમ કહી વિદાય લીધી.

શેઠ તો 'પધારજો! સોદાગરજી! સલામ માલેકુમ!' કરવા લાગ્યા. ત્યાં મનવાએ પીઠ ફેરવીને શેઠને સલામ કરતાં કહ્યું :

'શેઠજી! હું તો બહુરૂપીઓ મનવોભાણ છું; કળા બતાવીને કામવા આવ્યો છું.'

નથમલજી શેઠ તો મનવા ભાણનો વેશ અને કળા જોઈ ખુશ ખુશ થઈ ગયા. પણ તરત એમના મગજમાં એક તોફાની તુક્કો ઊઠયો. એમણે મનવાને પાસે બોલાવ્યો ને કાનમાં કહ્યું : 'આજનું ઈનામ તો આપું છું, પણ જો તું એક વાર નૂરઅલી શેઠને બનાવીશ તો મોંમાગ્યું ઈનામ આપીશ!'

મનવો કહે: 'સારું !'

ને મનવો નથમલજીની હવેલીએથી નીકળીને નૂરઅલી શેઠના મહોલ્લામાં ગયો, નૂરઅલી શેઠનું ઘર પૂછતો પૂછતો એ આગળ વધ્યો. ડેલીની આગળ શેઠની નોકરડી ઊભી હતી. એણે અંદર જઈ શેઠને ખબર આપી કે કોઈ અરબ સોદાગર આપણું ઘર પૂછતા આવે છે.

નૂરઅલી શેઠનો વેપાર મોટો હતો. ને આવા સોદાગરો સાથે તેઓ ઘનિષ્ઠ સંબંધ રાખતા. તેઓ આવીને તરત દરવાજે ઊભા. મનવાએ અસલ અરબ્બી ઢબથી 'સલામ માલેકુમ' કહી સતલીમ અદા કરી.

નૂરઅલી શેઠ મનવાને માનપૂર્વક પોતાના દીવાનખંડમાં લઈ ગયા, મખમલી ગાદી પર એને બેસાડયો: અને અનારના શરબતનો જામ ભરીને આગળ ધર્યો. મનવો જામ ગટગટાવી ગયો. પછી નૂરઅલી શેઠે હુક્કો ભરીને સામે મૂકયો.

મનવાએ કહ્યું : 'મેં મક્કામદીનાની હજ કરી છે. દીનદાર મુસલ્લમાન માટે એની સંદતર મના છે ! ઈમાન જ ઈન્સાનની દોલત છે, શેઠસાહબ !'

નૂરઅલી શેઠ આ અલ્લાહના ફિરસ્તા જેવા વેપારી પર આફરીન પોકારી ગયા. શાબાશ ! વેપારની સાથે સાથે ધર્મ પણ કેવો પાળે છે ! આ પછી સોદાની વાતો ચાલી. પેશાવરી હીંગને નામે વેચાતી નકલી હીંગ સામે મનવાએ પોતાનો રોષ પ્રગટ કર્યો. બસરાનાં મોતીને બદલે અલફાઉ મોતી હવે તો વેચાય છે, એમ કહી ટીકા કરી. બજારમાં અસલના બદલે નકલ ચાલુ થઈ ગઈ છે, માટે

સાવચેત રહેવાની સૂચના આપી. આખરે નૂરઅલી સાથે સોદાની થોડી વાટાઘાટ ચલાવી એ ઊભો થયો.

નૂરઅલી શેઠે જમવા માટે આગ્રહ કર્યો. ત્યારે એણે કહ્યું: 'મારો પડાવ દૂર છે. ત્રણ ઊંટ, બે ઘોડા ને ચાર ગુમાસ્તા સાથે છે. ખુદાતાલાએ ચાહ્યું તો આવતી કાલે જરૂર આપનો મહેમાન થઈશ !'

સોદાગરની જીભ અમી વરસાવતી હતી. એક એક અલ્ફાઝ (શબ્દ) એની જબાન પર આવીને સાચું મોતી બની જતો હતો. નૂરઅલી શેઠ પંડે એને શેરી સુધી વળોટાવવા આવ્યા.

બીજા દિવસની નૂરઅલી શેઠની ઈંતિજારી અજબ હતી. મહેમાનગતી માટેની એમની સજાવટ પણ ગજબ હતી. ઘરમાં ભાતભાતની વાનીઓ તૈયાર થઈ રહી હતી. ચોખ્ખા ઘીની ને કેસર-જાયફળની ગંધથી આખો મહોલ્લો મહેકી ઊઠયો હતો. નૂરઅલી શેઠ વારે વારે દરવાજે આવીને મહેમાનની રાહ જોતા હતા. સોદાગરનાં ઊંટ-ઘોડાં તબેલામાં લઈ જઈને બાંધવા ચોપદારને ખડે પગે તૈયાર રાખ્યો હતો. સૂરજ માથે આવ્યો, પણ મહેમાન ન દેખાયા. નૂરઅલી શેઠ માથે પાઘડી મૂકી પાદર સુધી જોઈ આવવા નીકળ્યા. મનમાં વિચાર્યું કે મોટા શાહ સોદાગર છે. રસ્તામાં કદાચ કોઈ બીજો યજમાન ભેટી ગયો હોય !

માર્ગમાં જ શેઠ નથમલજી મળ્યા. બે મિત્રોએ પરસ્પર રામ-સલામ કર્યા. નથમલજીએ નૂરઅલીને અત્યારે ખરા બપોરે બહાર નીકળવાનું કારણ પૂછ્યું. નૂરઅલીએ

ગઈ કાલે આવેલા અરબ સોદાગરની વાત કરતાં કહ્યું: 'એ જમવા પધારવાના છે, તેમની રાહ જોઉં છું. ખૂબ મોડું થઈ ગયું.'

આ સાંભળી નથમલજી જોરથી હસી પડ્યા. નૂરઅલી આમ પ્રસંગ વગર હસવાનું કારણ ન સમજ્યા. નથમલજીએ મહામહેનતે હસવું ખાળ્યું, ને વળી થોડી વારે વગર કંઈ બોલ્યે ફરી પાછા હસી પડ્યા. નૂરઅલી શેઠ જરા ચિડાઈ ગયા. તેઓ બોલ્યા:' નથમલજી શેઠ! કંઈ પાગલ–બાગલ થયા તો નથી ને? વાત બેવાતમાં હસવું કેવું ?'

'અરે નૂરઅલી શેઠ ! બેવાતની વાત નથી. વાતની વાત છે. પેલો કાલે આવ્યો હતો, એ અરબ સોદાગરની વાત કરો છો ને ? એ મારે ત્યાં પણ આવ્યો હતો. એ અરબ સોદાગર નહોતો. એ તો મનવો બહુરૂપીઓ હતો. મિયાંસાહેબ જરા માણસને પિછાનતાં શીખો !' ને નથમલજી મુક્ત રીતે હસી પડ્યા.

' એ મનવો બહુરૂપીઓ હતો ? નામુમકીન ! બહુરૂપીઓ હોય તો પોતાની કમાલ જરૂર દેખાડે, પણ છેવટે પોતાની જાત જાહેર કરીને ઈનામ લઈ જાય ! આણે તો ઈનામ પણ નથી લીધું !'

' ન લીધું કે લીધું એ હું ન જાણું. પણ હતો એ મનવો બહુરૂપીઓ. મારે ત્યાંથી ઈનામ લઈ ગયો છે.' નથમલજીએ કહ્યું.

'અચ્છા, તો તમારે ત્યાંથી મારે ત્યાં આવ્યો, એમ ને?' નૂરઅલી શેઠે લાંબી અક્કલ ચલાવી. એમને થયું કે

વાણિયો મિયાંભાઈને બનાવી ગયો. પણ નૂરઅલી શેઠ ગમ ખાઈ ગયા, ને એય ખડખડ હસી પડ્યા. બોલ્યા:

'અચ્છા, તો મનવો બહુરૂપી ખરો !'

વળી બંને મિત્રો સામસામે ખૂબ હસ્યા. ગામે આ વાત જાણી ત્યારે ગામ પણ ખૂબ હસ્યું.

(૪)

આ ઘટના પર મહિનાઓ વીતી ગયા. વાત પણ યાદ-દાસ્તમાંથી સાવ ભૂંસાઈ ગઈ. પણ નૂરઅલી શેઠના દિલમાં એ વાત હજી કાંટો થઈ ને બેઠી હતી. એમણે પોતાના માણસોને મનવાની ભાળ કાઢવાનું કહી રાખ્યું હતું. એક દિવસ મનવો મારવાડમાં હોવાની ખબર મળી. નૂરઅલી શેઠ બીજા બહાને ત્યાં જઈને આવ્યા. જઈને મનવાને કહ્યું: 'દોસ્ત, તારી કારીગરી પર આફરીન છું. લે આ જૂનું ઈનામ ! પણ હવે એક વખત નથમલજી શેઠને બનાવ તો શાબાશ કહું ! એના ઇનામનો ઉધારો નહિં, આ ઘડીએ જ લઈ લે !' નૂરઅલીએ રૂપિયાની ઢગલી મનવાભાણ પાસે કરી દીધી. માયા દેખી મુનિવર ચળે તો મનવો કોણ માત્ર !

મનવાએ કહ્યું: 'ઇનામ તો વેશ કાઢ્યા પછી જ લેવાનો. પણ દરેક વેશને અમારે સાધવો પડે છે. નથ-મલજી માટે જે વેશ લેવાનું હું વિચારું છું, એની સાધના કરતાં ખાસ્સા ચાર મહિના થશે. પણ વાત પક્કી રહી !'

ચાર મહિના તો આંખ મીંચીને ઉઘાડીએ, એટલી વારમાં પસાર થઈ ગયા. નથમલજી શેઠ એક દહાડો

સવારમાં સેવા-પૂજા કરીને આવ્યા, કે સમાચાર આવ્યા કે પાસેના ટેકરા પર એક જૈન મુનિરાજ આવ્યા છે. શોભામાં સુધર્મા છે. વાણીમાં ગૌતમ છે. બે ટંક ભિક્ષા લે છે, તો ચાર ટંક લેતા નથી. ચાર ટંક લે છે તો આઠ ટંક લેતા નથી!'

નથમલજી કહે : 'ધન્ય ઘડી! ધન્ય ભાગ્ય! ચાલો મુનિરાજનાં દર્શન કરવા.'

નથમલજી કુટુંબકબીલા સાથે ત્યાં પહોંચ્યા. પાછળ પાછળ આખું ગામ આવ્યું. શું પ્રભાવશાલી મુનિ છે! મૂર્તિ જોતાં મન ધરાય નહિ! શું પ્રભાવશાળી વાણી છે! સાંભળતાં મન ભરાય નહિ! મુનિ અવિરત ધારાએ વદી રહ્યા હતા:

'મહાનુભાવો! મનુષ્યજન્મ મળવો દુષ્કર છે. જીવ એક વાર પૃથ્વી, પાણી તેજ કે વાયુની યોનિમાં પ્રવેશ્યો તો અસંખ્યેય વર્ષો સુધી બહાર નીકળી શકતો નથી. મહા-મહેનતે ત્યાંથી નીકળ્યો ને એકેન્દ્રિય એવી વનસ્પતિ બન્યો તો એકેન્દ્રિય એવી વનસ્પતિ બન્યો તો એકેન્દ્રિય વનસ્પતિકાયમાં કયાંય સુધી પડયો રહે છે. ત્યાંથી મહામહેનતે નીકળીને કૃમિ, ભ્રમર, કીડી, વીંછીની યોનિમાં પ્રવેશે તો ત્યાં પણ સંખ્યાબંધ વર્ષ વીતા-વવાં પડે છે. એક, બે, ત્રણ, ચાર ઇંદ્રિયવાળા જીવન-માંથી નીકળીને પંચેન્દ્રિય જીવનમાં આવે તો ગાય, ગધેડા કે વાનરની યોનિમાં ન જાણે કેટલાય યુગ સુધી ભમવું પડે છે. ત્યાંથી નીકળીને દેવ-નરક યોનિમાં ગયો તો ન જાણે કયાંય સુધી ત્યાં રહેવું પડે છે. પૂરાં પુણ્ય

હોય તો લખચોરાશીમાં શ્રેષ્ઠ એવો મનુષ્યજન્મ મળે છે. એમાં પણ પુણ્યનો પૂરો સંજોગ હોય તો આર્યત્વ સાંપડે છે. આર્યપણું મળ્યું પણ સદ્ધર્મની પ્રાપ્તિ ન થઈ તો બધું નિરર્થક છે. સદ્ધર્મ માટે સદ્દગુરુની પ્રાપ્તિ જરૂરી છે! ગુરુસેવા કરો! ગુરુ દીવો, ગુરુ દેવતા, ગુરુ વિના ઘોર અંધકાર! મહાનુભાવો!"

નથમલજી શેઠને મુનિની વાણી હૃદયસોંસરી ઊતરી ગઈ. એમણે મુનિરાજને પોતાના શહેરમાં નોતર્યા. મુનિરાજ શહેરમાં આવ્યા, પણ રહે છે કેવા? પંખીની જેમ સ્વતંત્ર! આકાશની જેમ નિર્બંધ! કમળપત્રની જેમ નિર્લેપ! નથમલજી શેઠને મુનિનો વૈરાગ્ય ને મુનિની વાણી હૈયા સોંસરવી ઊતરી ગઈ. તેઓ ધીરે ધીરે ત્યાગના પંથ તરફ વળવા લાગ્યા. શહેરના વૃદ્ધો તો ઠીક પણ જુવાનિયાઓ પણ વૈરાગ્યના પંથ પર જવા લાગ્યા.

મુનિ તો વારંવાર એક જ વાત કર્યા કરે છે: 'શ્રદ્ધા તમારું ધન છે. અશ્રદ્ધા તમારા આત્માને અલ્પ બનાવશે, સંસારને અનન્ત બનાવશે. લાખ જૂઠા નર જમી જાય એની પરવા નહિ, પણ એક લાખેણો નર જમી જશે, તો બધી બાદબાકી સરવાળામાં પલટાઈ જશે!'

વાહ, શું વાણી! પણ છેલ્લા કેટલાક દિવસોથી સરોવર જેવા શાન્ત મુનિ કાગડાની જેમ ચંચળ જણાતા હતા. એમની વૃત્તિમાં ભાગેડુપણું આવ્યું હતું. તેઓ વારંવાર કહેતા હતા: 'જૂઠાને બતાવી સાચાને સમજાવવો પડે એનું નામ જ દુનિયા! સત્યને સમજાવવા અસત્યનો આશરો લેવો પડે એનું જ નામ સંસાર!'

કોઈ આ વાણીને સમજતું નહિ, એના ભાવાર્થને પકડતું નહિ; છતાં મુનિની વાણીમાં વૈરાગ્યની ગંગા બે કાંઠે ભરપૂર વહેતી હતી. મુનિરાજ વારંવાર ટેકરા પર એકાંતમાં જતા, પણ મધપૂડાને વળી એકાંત કેવી ! ત્યાં પણ માખીઓ આસપાસ ગુંજતી જ હોય !

એક દિવસ સંજોગ બરાબર બાઝયો. સાવ એકાંત હતું. મુનિરાજે વેશ અળગો કર્યો. ભિક્ષાપાત્ર ફેંકી દીધાં. ને ભાગવા માટે પગ ઉપાડયા ત્યાં દેવ અને દેવી જેવાં બે સુંદર યુવાન ને યુવતી આવીને એમની સામે ઝૂકયાં ! શું આભલા જેવી યુવાની ! પહાડી ઝરણા સમું શું સ્વચ્છ રૂપ ! બંનેએ વિનંતી કરી : 'અમને લગ્નદીક્ષાના ઉપાસકોને આપની વાણી સ્પર્શી ગઈ છે. મિથ્યા છે આ મોહ–માયા ને ક્ષણભંગુર છે આ કાયા ! અમને કૃપા કરીને સંન્યાસદીક્ષા આપો. સંસારનો મોહ મિથ્યા છે. ફરી ફરી મનુષ્યભવ મળવો દુર્લભ છે !'

'આ યૌવન, આ રૂપ, આ મસ્તી ! બધું શા માટે છોડો છો ?' ભાગેડુ મુનિરાજ થંભી ગયા. એમણે અંતરના શબ્દો કહ્યા.

'આપની વાણીના પ્રતાપે અમને એ બધું નિસ્સાર સમજાયું છે.' બંનેએ કહ્યું.

'મારી વાણી ?' મુનિરાજ ઉતાવળે બોલ્યા, ને પછી મનમાં બોલ્યા : 'મારી વાણી ! અરે ! ગોખેલી વાણી ! પોપટિયા વાણી ! પણ વાહ રે ! સાકર ગમે તે ખાય એને ગળી જ લાગે ને !'

'મુનિરાજ ! આપની પવિત્ર વાણી સાંભળીને તો નથમલજી શેઠ તમામ ધનદોલત તજીને અહીં આવી રહ્યા છે.'

'શું નથમલજી શેઠ સર્વસ્વ ત્યાગીને અહીં આવી રહ્યા છે ? રે ! આજ સમજાય છે કે અસત્યથી પણ સત્ય સમજાવાય છે. હું જૂઠો વેશધારી ! પોપટિયા વાણી વદનારો ! ને મારાથી સત્યની ઉપાસના ! મનવા ! તારું નાટક લાંબું નહિ ચાલે ! તારાં પાપ ભારે થાય છે. તું જાહેર થા !' મનવાના અંતરમાં પ્રબલ પશ્ચાત્તાપ જાગ્યો.

નથમલજી શેઠ આવી પહોંચ્યા હતા. મનવો વ્યાકુળ બની બેઠો. એ દોડીને શેઠને ભેટી પડયો ને બોલ્યો :

'શેઠ ! હું મનવો છું બહુરૂપી છું. ભાંડ છું.'

'તેથી શું ? નર જો નિજ કરણી કરે, નારાયણ હો જાય. મન શુદ્ધ થતાં ચંડાળ ને માછીમાર પણ પૂજ્ય બન્યા છે. આપ પૂર્વાવસ્થામાં બહુરૂપી હતા, એ જાણી મારું મન લેશ પણ પાછું નહિ પડે ! વર્ણની મહત્તા નથી, જન્મની મહત્તા નથી, કુળની મહત્તા નથી; મહત્તા છે. અંતરના ભાવની. જે પાળે એનો ધર્મ, હું આપના મુનિવેશને વારંવાર નમસ્કાર કરું છું. ' નથમલજીએ કહ્યું.

'અરે ! પણ હું અસલ નથી, નકલ છું,' મનવાના અવાજમાં આર્જવતા હતી.

'નકલ હો કે અસલ ! આપે મારો ઉદ્ધાર કર્યો, આપ મારા ગુરુ ! ' નથમલજીના અવાજમાં ભક્તિ હતી.

મનવો ક્ષણભર થંભી ગયો. એનો સુષુપ્ત આત્મા જાગ્રત થઇ ગયો. એણે કહ્યું.: 'નહિ, નહિ ! હું નકલ નહિ.

હું અસલ બનીશ !'

ને મનવોભાણ ખરેખર પશ્ચાત્તાપપૂર્વક ધ્યાન ધરીને શિલ પર બેસી ગયો. એ ધ્યાન, એ ચિંતન, એ વાણી, એ વિચારે અઢારે આલમને મુગ્ધ કરી નાખી.

એક દહાડો નૂરઅલી શેઠને ખબર મળ્યા કે મનવાએ ભારે વેશ ભજવ્યો. નથમલજીને ખાખી બંગાળી બનાવી નાખ્યા. નૂરઅલી શેઠ પોતે મનવા પાસે આવ્યા, ખાનગીમાં મળ્યા ને મનવાને કહ્યું : 'કમાલ કરી તેં. મોં માગ્યું ઇનામ માગી લે ને હવે તારે રસ્તે પડ ! નથમલજીને ખરા ખાખી બંગાળી બનાવ્યા.'

મનવો શાંત ભાવે બોલ્યો: 'હવે તો આ ટેકરો મારું અંતિમ સમાધિસ્થાન. મેં કમાલ કરી, સાથે કાયાપલટ પણ કરી. નથમલજીને મેં નથી બનાવ્યા, પણ નથમલજીએ મને બનાવ્યો છે. નૂરઅલી શેઠ! તમારું હવે મારે માટે આ ટેકરાની માટી કરતાંય તુચ્છ છે.'

નૂરઅલી શેઠ મનવાભાણને ચરણે પડ્યા. એમનાથી એકાએક એક બેત (દોહરો) બોલાઈ ગયો:

'કીડા જરા સા, ઔર પથ્થરમેં ઘર કરે:

ઇન્સાન ક્યો ન દિલે દિલબરમેં ઘર કરે,'

નૂરઅલી શેઠે ગદ્દગદ્દ કંઠે બધી વાત વિસ્તારીને નથમલજી શેઠને કરી. પણ નથમલજીને સાચો રંગ ચઢી ગયો હતો. એ તો પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ, એવું થયું હતું.

મનવો તો મહાસાધુ બની ગયો. જોગી, જતિ, સંત, ફકીર, સુખી દુઃખી સહુ આ ટેકરાનાં યાત્રી બન્યાં. મનવાએ પોતાનાં હાડ અહીં ગાળી નાખ્યાં. ત્યારથી એ 'મનવા-ભાણનો ટેકરો' કહેવાયો !

શું ભાઈ મનવો ! લાખેણો નર ! કાંકરામાં છુપાયેલો હીરો ! આ મનવાભાણનો ટેકરો ત્યારથી તીરથધામ બન્યો. નથમલજી શેઠે પણ શુભ ભાવનાપૂર્વક ત્યાં આસન આપ્યું !

નૂરઅલી શેઠે જીવ્યા ત્યાં સુધી આ ટેકરાની જિયા-રત (યાત્રા) કરી.